
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૯મું
નવેમ્બર - ૨૦૧૪
અંક : ૪૩૮

મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૮૦ )

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




લોટસ ટેમ્પલ - દિલ્હી


**આ અંકનું સૌજન્ય**
**શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા (નાની તુંબડી-અમદાવાદ)**
**તરફથી પ્રાપ્ત થયેલ છે**


તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા


મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org


# આદર્શ જીવનશૈલી અને યોગાસનોના સમન્વયથી શ્રેષ્ઠ સ્વાસ્થ્યપ્રાપ્તિ સૂચવતાં શ્રેષ્ઠ પ્રકાશનો


























**આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.**

NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

Since 1958

Leading. Innovating. Growing.







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

## V-Trans offers unmatched service edge to all its customers

- **Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates**
- **Expertise in multi point door pickup and door delivery**
- **Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations**
- **Geographical presence across India at 400 locations in 26 states - further expanding**
- **Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof**

### Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com


**V-Trans Toll Free no. : 1800-220-180**

**V-Xpress Toll Free no. : 1800-220-240**

# શ્રધ્ધા કે ફૂલ ચડાયેં ઔર આંસુઓ કે દીપ જલાયેં

## પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ







**સ્વ. કાંતિલાલ વેલજી સાવલા (નાની તુંબડી - અમદાવાદ)**

**દેહ વિલય : તા. ૧૫-૧૧-૨૦૧૩**

તમે જીવન હતા, શક્તિ હતા, તમે પાલનહાર હતા
તમારું ન હોવું મને સ્વીકાર્ય નથી, તમે ક્યાં ગયા છો મને ત્યજી?

તમારી પ્રત્યેક વાત મારા દિલો-દિમાગમાં ગૂંજી રહી છે
નથી હવે તમે મારા સંગાથે પણ નજર મારી તમારી વાટ પર છે.

ભીનાશ તમારા સ્નેહ-પ્રેમની ભીંજવે છે, તમે સાથે રહ્યા છો હંમેશાં મારી
પ્રતિપળ પ્રતીત થાય છે તમે હતા, તમે છો, તમે રહેવાના સાથે હંમેશાં મારી.

તમને યાદ કરતા આંખ મારી ભીની થઈ જાય છે
આંસુ સતત પી લીધા છે પણ પ્યાસ અધૂરી રહી જાય છે.

આપણે હરપળ સાથે છીએ અહેસાસ એવો કાયમ રહે છે
આપણે મળીશું જરૂર ફરી, એવો પૂરો મને આત્મવિશ્વાસ છે.

જરૂર નથી કહેવાની, તમે બનાવ્યું છે મારા જીવનને સેવાકાર્યનું ઉપવન
જેના પરિણામે બન્યો છે આ પરિવાર મઘમઘતું અનોખું મધુવન.

પોતાના સુખમાં બીજાને સાથીદાર બનાવતા ગયા,
બીજાના દુ:ખમાં પોતે સતત ભાગીદાર બનતા ગયા.

હસતો રાખી ચહેરો જીવન એવું જીવી ગયા,
અણધારી લઈ વિદાય દરેકને વિસ્મયમાં મૂકી ગયા.

મારી પાસે, મારી ભીતર સતત આપનો દિવ્ય આત્મા
પરમ શાંતિ પ્રાપ્ત કરે એ જ મારા દિલની ભાવાંજલિ.

**– ધર્મપત્ની પ્રભાબેન કાંતિલાલ સાવલા**

સાગરની ગહેરાઈમાંથી સાંપડ્યો હતો એક અનમોલ મોતી
દીપક હતો જે પરિવારનો એની જ બુઝાઈ ગઈ જીવન જ્યોતિ

# સ્મરણાંજલિ



**સ્વ. કાંતિલાલ વેલજી સાવલા** (નાની તુંબડી - અમદાવાદ)

**દેહ વિલય : તા. ૧૫-૧૧-૨૦૧૩**

પ્રત્યક્ષ સ્વરૂપે આજ સંગાથે નથી આપ અમારી
પરંતુ દિલ-દિમાગમાં સ્મૃતિ છે કાયમ તમારી

અમે આપના સ્નેહથી વંચિત થયા...
યથાશક્તિ સત્કર્મો કરી શકીએ તેવી અંતરની આરઝુ...!

સંસારના સમસ્ત જીવોના સંરક્ષક અને કલ્યાણના મંદિરરૂપ
હે નાથ... હે પ્રભુ!... જ્યોતિર્મય - આપના ચરણ કમળમાં
વંદન કરીને, પ્રાર્થના કરીએ છીએ...

આપના દરબારમાં હાજર થયેલા આત્મા પર અમીદૃષ્ટિ
કરીને તેમને શાશ્વત સુખ, શાંતિ પ્રદાન કરજો.

★ ગુણાનુરાગી ★

**કાનબાઈ વેલજી કોરસી સાવલા (નાની તુંબડી - કચ્છ)ના**
**સમસ્ત પરિવારજનો**

**જીવીબેન ચીમનલાલ દામજી લાલન (કોડાય - કચ્છ)ના**
**સમસ્ત પરિવારજનો**



# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્દભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્દભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા ક્તલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામક્તલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

**તંત્રી લેખ :**

- સમાજને સમર્પિત – નૂતન અભિગમની આવશ્યકતા .................. **દિનેશ આર. મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦

**લેખ વિભાગ**

**સરદાર સરોવર નર્મદા નિગમ**

- કચ્છ માટે નર્મદા યોજના જળ વ્યવસ્થાપનના પ્રશ્નો ........ **અશોક મહેતા** .... ૧૧
- ઝાકળના પાણી તથા લો-કોસ્ટ ડ્રીપ ઈરિગેશન વિશે ચિંતન ........ **વજુભાઈ વઘાસિયા** .... ૧૨
  M.D., નર્મદા ડ્રીપ ઈરિગેશન લિ.
- સમુદ્ર મંથન - નર્મદા સિંચાઈ અંગે થોડું નવું વિચારીએ ........ **ડૉ. વિદ્યુત જોષી** .... ૧૪

**વિચાર વિમર્શ**

- ઈચ્છામૃત્યુ કે ઈચ્છાજીવન? ........ **મુરજી ગડા** .... ૧૬
- 'માથે કર મીઠો ધરતી' ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૧૮
- ચાલો, એક ઉકરડા સામે બે ઉદ્યાન ખીલવીએ ........ **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** .... ૨૦

**વિચાર મંથન**

- માણસ જૂઠું કેમ બોલે છે? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૨૧
- ગોધૂલિનું આકાશ ........ **ડૉ. ચંદ્રકાંત મહેતા** .... ૨૩
  પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

**સમાજની ક્ષિતિજો**

- તું અને હું – આ દાસ્તાન સનાતન (૭) ........ **માવજી કે. સાવલા** .... ૨૪

**માહિતી**

- જૈનો અને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો ........ **રાજન ડી. મોરબિયા** .... ૨૬
  યોજના નિષ્ણાત (ક્ષેત્રીય યોજના), ઈજનેરી સ્નાતક (સિવિલ)
- રતનમહાલ ટ્રેકિંગ : કુદરતનો અણમોલ નજારો ........ **અશોક વી. શાહ** .... ૩૨

**વાર્તા**

- અતીતનું સ્મરણ ........ **ડૉ. ઊર્મિલા શાહ** .... ૩૩

**અર્થતંત્ર**

- આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્ષેત્રે ભારતની નવી દિશા અને કચ્છ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૩૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ .......... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૩૭
  પ્રકરણ-૩૩

## તંદુરસ્તી

- નબળા હૃદયની સર્જરી (હાર્ટ ફેઈલ્યોર) ....................................... **ડૉ. ધીરેન શાહ** .... ૩૯
  **કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન - સીમ્સ હોસ્પિટલ**
- માનસિક સ્વાસ્થ્ય (Mental Health) .................. **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૪૨
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક**

## પ્રજાતંત્ર

- સ્વચ્છ ભારત અભિયાન ............................ **કિરણ ચાંપાનેરી 'સેતુ', ફ્રીલાન્સ પત્રકાર** ..... ૪૪
- અંતરિયાળ ગામડાંઓના ખાતેદારોને મહેસૂલી તંત્રનો ત્રાસ... **શશીકાંત ઠક્કર, એડવોકેટ** ..... ૪૫

## કચ્છ

- ....અને માધાપર કચ્છ રાજ્યના હાથમાંથી જતું બચી ગયું............ **નરેશ પી. અંતાણી** .... ૪૬

## પારિવારિક

- પ્રભુજી અબ તો આકર બાંહ ધરો .................................................. **માલતી શાહ** .... ૪૭

## હળવાશની ક્ષણોમાં

- બાલુડેં જ્યું ગાલિયું ................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૪૮

## નિયમિત વિભાગો

- આંજો કાગર ........................................................................................ ૫૦
- અન્ય સંસ્થાઓના સમાચાર ...................................................................... ૫૨
- સાર સમાચાર ........................................................ **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૫૬
- શબ્દ રમત-૯૯ ...................................................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૭
- જાણવા જેવું ......................................................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૮
- *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૫૫) ...................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૯
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........................................................ ૬૦
- વલોવતન ........................................................ **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૧
- સમાજ દર્પણ ........................................................................................ ૬૭
- સંસ્થા સમાચાર .................................................................................... ૬૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........................................ ૭૩
- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર ............ ૭૩
- ઊડતી નજરે ........................................................................................ ૭૪

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## સમાજને સમર્પિત - નૂતન અભિગમની આવશ્યક્તા

*– દિનેશ આર. મહેતા*

ટૂંક સમયમાં વર્ષ ૨૦૧૪ પૂરું થશે અને નૂતન વર્ષ ૨૦૧૫ સાલની શુભ શરૂઆત થશે. નવા વર્ષે સમાજ અને સમાજ પરિવારજનોના નવી દિશા તરફના નવા સંકલ્પ હોવા જોઈએ, નવું વિઝન તૈયાર કરવું જોઈએ.

કોઈપણ મંડળ, ગ્રુપ, એસોસિએશન, સંગઠન અથવા સમાજ પોતાના કાર્યક્ષેત્રનો વ્યાપ વધારતા જાય તે સ્વાભાવિક છે. સંગઠન અથવા સમાજ પોતાની પ્રવૃત્તિઓમાં વધારો કરે નહીં, નવીનતા આણે નહીં – તો આજના માહોલમાં તેની કોઈ ગણના થતી નથી. પરિણામે તેવા સંગઠન અથવા સમાજના પરિવારજનો અન્ય પ્રગતિશીલ સમાજના પરિવારજનો સામે ક્ષોભ અનુભવે છે. આ પ્રકારની સ્થિતિ શા કારણે ઉદ્ભવે છે? તેના કારણમાં... શિક્ષણ, આરોગ્ય અને પરિવારજનોની આર્થિક ક્ષમતા જેવા પરિબળો તેના પાયામાં હોય છે. વિવિધ સમાજો પૈકી કેટલાક સમાજે અનેક ક્ષેત્રે સારી પ્રગતિ હાંસલ કરી હોય છે, તે આપણી નજર બહાર નથી. તે રીતે, અન્ય કેટલાક સમાજો, એ દિશા તરફ જવાના પ્રયત્નો કરી રહ્યા હોય છે. પરંતુ ક્યાંક કોઈ કડી ખૂટતી હોય તેવું જણાય છે. આ વિષય અન્વયે આપણે એક અન્ય મુદ્દા તરફ દૃષ્ટિપાત કરી લઈએ.

રાષ્ટ્ર પાસેથી તેના નાગરિકો ઘણી બધી અપેક્ષાઓ રાખતા હોય છે. પરંતુ કોઈ દિવસ આપણે રાષ્ટ્ર પ્રત્યેની આપણી બંધારણીય ફરજો તરફ ધ્યાન આપતા જ નથી. દેશનો નાગરિક પોતાના રાષ્ટ્રને કાંઈ આપે નહિ - પોતાની ફરજ બજાવે નહીં અને માત્રને માત્ર રાષ્ટ્ર પાસેથી અધિકારો - લાભો ગ્રહણ કરવા તરફ દૃષ્ટિ રાખે - પ્રયત્ન કરે, તો તેને ઉચિત કહી શકાય નહીં. **દરેક નાગરિકે પોતાના રાષ્ટ્ર પ્રત્યેની સામાજિક - બંધારણીય ફરજો અદા કરવી જોઈએ. ત્યારબાદ પોતાના અધિકારની વાત કરવી જોઈએ.** આ વિષય-વસ્તુના પરિપ્રેક્ષ્યમાં હવે આપણે સમાજની સ્થિતિ તપાસીએ.

આપણે સમાજ તરફથી બધા લાભની અપેક્ષા રાખતા હોઈએ છીએ. બધી સગવડો લેવાની વાતો કરતા હોઈએ છીએ. પ્રગતિશીલ સમાજો જેવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની માંગણી કરતા હોઈએ છીએ. તેની બીજી તરફનો વિચાર કરીએ તો પરિવારજનો પોતાના સમાજને પોતાનો યથાશક્તિ ફાળો આપે છે? તન-મન-ધનથી સમાજ સેવા કરવા તત્પર હોય છે? **સમાજની પ્રવૃત્તિઓ અથવા કાર્યક્રમોમાં પોતાનો યોગદાન - સહયોગ આપતા હોય છે ખરા?** સમાજના દરેક કક્ષાના પરિવારજનો આ પ્રકારની ઈચ્છા શક્તિ દરાવતા થાય તો જ સમાજ આજના સમયમાં પ્રગતિના પંથે આગળ વધી શકે. અન્યથા સમાજની પ્રગતિ અને તેનો વિકાસ શક્ય થાય નહીં. બીજી રીતે કહીએ તો સમાજ સુષુપ્ત સ્થિતિમાં જ રહે.

જે વ્યક્તિ પ્રભુને પ્રાર્થનાના આંચળા નીચે યાદ કરે છે, તે સૌને પ્રભુ પાસેથી લખલૂટ લઈ લેવાની તમન્ના હોય છે. તેવું જ હાલના સમયમાં પરિવારજનોનું સમાજ તરફનો અભિગમ જણાય છે. આવું કેટલા સમય સુધી ચાલે? આ પ્રકારની પરિસ્થિતિમાંથી આપણને એક નવા પ્રકારની આધ્યાત્મિકતાને શોધવાની, સમજવાની અને તેને પામવાની અનિવાર્યતા ઊભી થઈ છે. જે વ્યક્તિઓનો અને સમાજનો પાયો બની રહેવો જોઈએ. **અત્યારે ભારતીય સમાજ બદલાતો જાય છે, તે રીતે તેના પરિવારજનોમાં પણ બદલાવ આવશ્યક છે.** કારણ – માણસનું ધ્યેય બદલાયું છે. તેની સમજની અને વિચારની દિશા પણ બદલાઈ છે. ટૂંકમાં, વૈશ્વિક વિચારસરણીનું માળખું બદલાઈ રહ્યું છે. તે સંજોગો હેઠળ દરેક સમાજોએ, સંગઠનોએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા વ્યવસ્થિતપણે તેની સાથે ચાલવું પડશે અને જરૂર પડે તો દોડવું પણ પડશે. તેવા પ્રયત્નો કરીને, સાથ-સહકાર આપીને સંયુક્તપણે કાર્યશૈલીને અપનાવવી પડશે. નીત નવું વિચારીને, સંખ્યાબંધ પ્રયોગો કરવા પડશે. આદર્શ એટલે સૌથી ઊંચી નેમ, સર્વોત્કૃષ્ટ ભાવના, નમૂનેદાર અથવા ધ્યેયરૂપ આચરણ અગત્યના પાસા બની રહેવા જોઈએ.

ઉપરોક્ત સ્થિતિમાં કોઈપણ સમાજે પ્રગતિ હાંસલ કરવી હશે, આર્થિક રીતે સધ્ધરતા પ્રાપ્ત કરવી હશે તો વિવિધ વિષયો સંબંધી વ્યવસ્થિત યોજનાઓ તૈયાર કરી, પ્રોફેશનલ ટચ આપી તેવા પ્રોજેક્ટને સફળ બનાવી શકાય. **આ કામગીરી**

*સફળ વ્યક્તિ ઉત્તમ ફળની નહીં, ઉત્તમ આરંભની યોજના બનાવે છે.*

**સભ્યોના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો અને સાથ-સહકાર સાથે જોડાયેલી છે. સૌએ જાગૃત થઈને, સમાજની પ્રવૃત્તિઓ, કાર્યક્રમો અને ભાવિ યોજનાઓમાં દરેકે પોતાનો શક્ય સહયોગ આપવો જ પડે.** સમાજને સમર્પિત રહેવું પડે. જરૂર જણાય ત્યાં અન્ય સમાજની ઉત્કૃષ્ટ કામગીરીનું અનુકરણ કરીને પણ સર્વાંગી સફળતા પ્રાપ્ત કરવી જોઈએ.

સમાજની પ્રગતિનો ગ્રાફ અગર ઊંચો લાવવો હોય તો ઉપર જણાવ્યા મુજબ સભ્યોના સાથ-સહકાર અને સહયોગ સાથે સમાજમાંથી જ નાના-મોટા કોર્પોરેટ જૂથો ઊભા થાય તે જરૂરી બને છે. **આ માટે સમાજજનોએ જાગૃત થવાની ખાસ આવશ્યક્તા છે.** જૂની ઘરેડમાંથી બહાર આવીને વર્તમાન વૈશ્વિક માહોલ તરફ નજર રાખવી પડશે.

આ પ્રકારની સ્થિતિ ઊભી કરવા જરૂર છે સૌએ એકમત થઈને સંયુક્ત રીતે આગળ વધવાની.... જરૂર છે સમાજ તરફ સેવા દૃષ્ટિની... જરૂર છે દરેકના સંપૂર્ણ સાથ-સહકારની. **ફરી દોહરાવીએ કે જેની નસેનસમાં સમાજની પ્રગતિની ભાવના સમાયેલી છે એવા આદર્શ વિચારો ધરાવતા કાર્યકર્તાઓ આગળ આવો** – આખો સમાજ તમને આવકારે છે. "સૌના હાથ સૌનો વિકાસ" – એ સંદેશ સ્પષ્ટ છે. સમાજના સેવાયજ્ઞમાં સૌની કટીબધ્ધતા પ્રથમ તબક્કે જોઈએ. સમાજ અને તેના સભ્યોની પ્રગતિ અને આર્થિક સધ્ધરતા મેળવવા સમાજના જ મેન-પાવરે સમગ્ર રીતે વિચારવું જોઈએ અને જોરદાર બદલાવ લાવવા સૌ સભ્યોએ સંયુક્ત થઈને કાર્યપધ્ધતિ નક્કી કરવી પડે. દરેક સભ્યજને તેમાં ઝંપલાવીને પરિણામ હાંસલ કરવું પડે. કોઈ એક વ્યક્તિ અથવા એક/બે હોદ્દેદારોની કામગીરીની હંમેશાં મર્યાદા હોય. આવો, સૌ સાથે મળીને આગળ વધીએ... એવી ભાવના કોઈપણ સમાજના સભ્યોની કાયમ રહેવી જોઈએ.

*૩૦૨, મર્લિન અર્હમ્, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૧૫-૧૧-૨૦૧૪ સાંજે ૪.૦૦થી ૮.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ | ધોરણ-૮ થી ૧૨ના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે સેમિનાર |
| ● રવિવાર, તા. ૧૬-૧૧-૨૦૧૪ સવારે ૮.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ | ધોરણ-૮ થી ૧૨ના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટે સેમિનાર |
| ● રવિવાર, તા. ૧૬-૧૧-૨૦૧૪ સાંજે ૪.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | મહિલા સુરક્ષા વિશે ચિંતન - ચર્ચા. પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા મહિલા સુરક્ષા માટે કાયદાકીય માહિતી તથા મહિલા સુરક્ષા હેલ્પલાઈન - ૧૦૯૧ વિશે અગત્યની સમજ. |
| ● રવિવાર, તા. ૨૩-૧૧-૨૦૧૪ સવારે ૧૦.૦૦થી ૧૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | તબીબી સેવા સમિતિ | "કિડનીના રોગો, લક્ષણ અને અટકાવ તથા પ્રોસ્ટેટના રોગોનું નિદાન અને ઉપચાર" વિષય પર સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર સાથે પરિસંવાદ. |
| ● બુધવાર, તા. ૨૬-૧૧-૨૦૧૪ સવારે ૬.૦૦ વાગે પ્રસ્થાન | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | થોળ તળાવ, નળ સરોવર પિકનિક. |
| ● રવિવાર, તા. ૩૦-૧૧-૨૦૧૪ બપોરે ૨.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ | ભણવામાં રૂચિ ન ધરાવતા વિદ્યાર્થીઓના વાલીઓ માટેનો કાર્યક્રમ |
| ● રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૪ બપોરે ૩.૦૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | પુરસ્કાર સમિતિ | ધોરણ-૮થી ઉપરના વિદ્યાર્થીઓ માટે પુરસ્કાર વિતરણ |

*પ્રાર્થના પહેલાં વિશ્વાસ કરો, બોલતાં પહેલાં સાંભળો, લખતાં પહેલાં વિચારો.*

સરદાર સરોવર નર્મદા નિગમ

# કચ્છ માટે નર્મદા યોજના જળ વ્યવસ્થાપનના પ્રશ્નો

• અશોક મહેતા •

કચ્છ બ્રાંચ કેનાલ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી સાંકળ ૩૫૮ કિ.મી.થી શરૂ થાય છે. તેની ૩૫૮ કિ.મી.ની લંબાઈમાં તે ૮૨ કિ.મી. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થાય છે. જ્યારે બાકીના ૨૭૬ કિ.મી. તે કચ્છમાંથી પસાર થાય છે અને માંડવી તાલુકાના મોડકુવા ગામ સુધીની તેની લંબાઈ છે.

આ કેનાલની શરૂઆતની કેપેસિટી ૨૨૦ ક્યુમેક્સની અને સાંકળ ૧૧૨ કિ.મી. એટલે કે પ્રથમ પમ્પિંગ સ્ટેશનથી તેની કેપેસિટી ૧૭૦ ક્યુમેક્સની રાખવામાં આવેલ છે.

કચ્છ માટે નિયમિત પાણી ૦.૫ એમ.એ.એફ. અને વધારાના પાણી ૧.૦૦ એમ.એ.એફ. આ કેનાલમાંથી વહાવવામાં આવશે.

નિયમિત પાણીથી ૨,૮૫,૦૦૦ એકરમાં સિંચાઈ થઈ શકશે અને વધારાના પાણીથી હયાત જળાશયોની યોજના દ્વારા અંદાજિત ૧૦ લાખ એકરમાં સિંચાઈ કરવાના આયોજનો વિચારવામાં આવેલ છે.

આ કેનાલના કાર્યો નર્મદા નિગમ દ્વારા માર્ચ-૨૦૦૫થી શરૂ કરવામાં આવેલ છે કે જે સામે આજ દિવસ સુધી ઉત્તર ગુજરાતના ૮૨ કિ.મી. સુધીના કામો કમ્પ્લીટ થયા છે અને ત્યાં સુધી પાણી પણ લાવવામાં આવ્યા છે. **પરંતુ જ્યાં સુધી કચ્છ જિલ્લાનો સવાલ છે ત્યાં લગી તેના કામો અનેક સ્થળે ચાલુ છે પરંતુ તેના એક પણ કિ.મી.માં પાણી વહેવડાવી શકાયેલ નથી.** વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૧૪ એટલે કે ૯ વર્ષ પછી આ પરિસ્થિતિ છે. છેલ્લા ૪ વર્ષથી નર્મદા નિગમમાં કચ્છના પ્રતિનિધિ શ્રી મૂકેશભાઈ ઝવેરી ડાયરેક્ટર તરીકે બિરાજમાન હોવા છતાં કચ્છ બ્રાંચ કેનાલની કચ્છમાં પ્રગતિની આ પરિસ્થિતિ રહેવા પામેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ કરવા આ અગાઉ અનેક શિડ્યુઅલ નક્કી કરવામાં આવેલ હોવા છતાં, એક પણ શિડ્યુઅલ પ્રમાણે કામ થઈ શકેલ નથી. કોઈ પણ પ્રોજેક્ટમાં અડચણો તો આવે પરંતુ એ અડચણોમાંથી બહાર નીકળવા સક્ષમ અધિકારી વર્ગ કોઈ પણ સ્થળે દૃષ્ટિગોચર થયેલ નથી. **છેલ્લા શિડ્યુઅલ પ્રમાણે માર્ચ-૨૦૧૫ સુધી ચેનલ ૧૧૨ કિ.મી. પરનું પમ્પિંગ સ્ટેશન કાર્યરત કરવાના આયોજનો છે પરંતુ ત્યાં પ્રથમ તબક્કામાં જે પંપો બેસાડવામાં આવેલ છે, તેનાથી માત્ર ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી કચ્છમાં પહોંચાડવાના આયોજનો છે. જ્યારે વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી પહોંચાડવા માટે આ પમ્પિંગ સ્ટેશનમાં ન તો કોઈ પંપ બેસાડવામાં આવેલ છે કે ન તો તેના કોઈ આયોજનો વિચારવામાં આવેલ છે.** જવાબદાર અધિકારીઓને આ અંગે પૂછવામાં આવે ત્યારે એવો જવાબ પ્રાપ્ત થાય છે કે આ અંગે અમારી પાસે કોઈ જ માહિતી ઉપલબ્ધ નથી.

**સિંચાઈ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયાની ગુજરાત રાજ્યના ૨૦૧૪-૨૦૧૫ ના બજેટ અગાઉ મુલાકાત લેવામાં આવી. તેમનો જવાબ હતો કે કચ્છને ફાળવાયેલ વધારાના પાણી અંગેના કોઈ આયોજનો વિચારવામાં આવેલ નથી અને તેના માટે આ બજેટમાં કોઈ પણ જોગવાઈ પણ કરવામાં આવશે નહીં.** જ્યાં લગી સૌરાષ્ટ્રના આ પ્રકારના રૂ. ૧૦,૦૦૦ કરોડના કામો પૂરા થાય નહીં ત્યાં લગી કચ્છના કામો હાથ પર લઈ શકાશે નહીં. તેઓશ્રીને રૂબરૂમાં પૂછવામાં આવ્યું કે સૌરાષ્ટ્રના કાર્યો પૂરા કરવાના શું આયોજનો છે? તેમનો જવાબ હતો કે આ તબક્કે એ બાબત કશું કહી શકાય તેવું નથી. ગુજરાતના કોઈ પણ નાગરિકને વિચાર કરતા કરી દે તેવો આ જવાબ છે! ગુજરાતના વધુમાં વધુ દુષ્કાળગ્રસ્ત વિસ્તાર - કચ્છમાં શક્ય ત્વરાએ પાણી પહોંચાડવાના સ્થાને ગુજરાત સરકારની માનસિકતાના આ જવાબોમાંથી દર્શન થઈ શકે તેમ છે. આ સવાલ-જવાબના કારણે કચ્છની પ્રજાની નર્મદાના પાણીના પ્રશ્ને નારાજગી વધવાની જ છે.

નિયમિત પાણી માટે બનાવવામાં આવેલ કચ્છ બ્રાંચ કેનાલના દિયોદર તાલુકાના હમીરપરથી માંડવી તાલુકાના મોડકુવા સુધીના કાર્યો ક્યારે પૂર્ણ કરવામાં આવશે તેના ચોક્કસ આયોજનો પણ નર્મદા નિગમ તરફથી જણાવવામાં આવેલ નથી.

ત્યાર બાદની વાત કરીએ તો બ્રાંચ કેનાલ, સબ બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ કે સબસીડિયરી કેનાલના આયોજનો વિચારવામાં આવેલ નથી અને તેના કાર્યોનો આરંભ પણ કરવામાં આવેલ નથી. પાણી મંડળીની રચના નિરર્થક ગયેલ હોતાં, કઈ રીતે ખેતર સુધી પાણી પહોંચાડવામાં આવશે તે વિગતથી પણ પ્રજાને અવગત કરવામાં આવતી નથી. **માઈક્રો પ્લાનિંગમાં નર્મદા નિગમ પાસેથી જે અપેક્ષા રાખવામાં આવે છે તેમાં તે ઉણી ઉતરી શકેલ નથી.** પ્રજાની દૃષ્ટિએ હાલે તો આ સંપૂર્ણ યોજના નિરર્થક સાબિત થતી દેખાય છે, અને તે પણ રૂ. ૫૦ હજાર કરોડના આંધણ પછી!

વર્ષ ૧૯૭૯થી વર્ષ ૨૦૧૪ એટલે કે છેલ્લા ૩૫ વર્ષની કામગીરી બાદ ગુજરાતના કચ્છ પ્રદેશમાં તો નર્મદા નદીના નિયમિત પાણી કે વધારાના પાણીની આ પરિસ્થિતિ રહેવા પામેલ છે.

આપણે કચ્છમાં પીવાના તથા ઉદ્યોગોને ફાળવવામાં આવેલ પાણીની વાત પર આવીએ.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩ ઉપર)**

*સત્સંગમાં ગણતરી નહીં, સમર્પણભાવ હોવો જોઈએ.*

# ઝાકળના પાણી તથા લો કોસ્ટ ડ્રીપ ઇરિગેશન વિષે ચિંતન

● વજુભાઈ વઘાસિયા ●
M.D., નર્મદા ડ્રીપ ઇરિગેશન લિ.

નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી સમાન છે તે આપણે સૌ જાણીએ છીએ. આ યોજના બનવામાં એટલો બધો સમય ગયો છે કે આટલો સમય બીજી કોઈ યોજનામાં પસાર થયો નહીં હોય. છતાં આખરે યોજના પૂરી થઈ એવો આપણે સંતોષ માન્યો છે. પરંતુ એ ખરેખર પૂરી થઈ છે ખરી? જો ખરેખર પૂરી થઈ હોય તો તેનો ઓરીજનલ કમાન્ડ એરિયા ૧૮ લાખ હેક્ટર આવે છે. પણ હાલમાં બે લાખ હેક્ટરને પણ પાણી મળતુ હોય તેવું લાગતું નથી. સમગ્ર ભારતમાં ખેતીલાયક જમીનમાંથી માત્ર ૩૦ થી ૩૫ ટકા જમીન સિંચાઈ હેઠળ આવે છે. જો ગુજરાતની દૃષ્ટિએ વિચારીએ તો ૨૫ ટકા એરિયા જ સિંચાઈ હેઠળ આવે છે. પરંતુ જો નર્મદા યોજનાનો પૂરેપૂરો ઉપયોગ થાય તો ૪૦ ટકા કરતા વધારે એરિયા સિંચાઈ હેઠળ આવી શકે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, નર્મદાની મેઈન કેનાલ ૪૮૫ કિ.મી. લાંબી છે. પરંતુ ૬૫ હજાર કિ.મી.ની સબ લાઈન અને સબની નીચેની લાઈનોનું કામકાજ નહિંવત્ થયેલું છે અથવા ૧૦ થી ૨૦ ટકા જેટલું જ થયું છે.

આ જ મુખ્ય કારણ છે કે, સબલાઈન અને તેની નીચેની લાઈનો ક્લિયર ન થાય ત્યાં સુધી નર્મદા યોજનાનો અસરકારક ઉપયોગ થઈ શકતો નથી. **આનો મતલબ અત્યારે નર્મદાનું મોટાભાગનું પાણી દરિયામા વહી જાય છે. લીફ્ટ ઈરિગેશનથી પણ પાણી લેવાની મનાઈ છે.** તેમજ સબલાઈન અને નીચેની કેનાલો બનેલી નથી. પીયત સહકારી મંડળીઓ પણ હજુ જોઈતા પ્રમાણમાં સક્રિય થયેલ નથી. જેના લીધે જળવ્યવસ્થાપનની આપણી સુઝબુઝમાં ચોક્કસ ખામી દેખાઈ આવે છે. મને નથી લાગતું કે હજુ આવતા પાંચ-સાત વરસ પહેલા સંપૂર્ણપણે સબકેનાલ અને તેની નીચેની કેનાલો પૂરી થશે. અત્યારે એક જ અભિયાન કરવાની જરૂર છે કે, સબલાઈન અને તેની નીચેની લાઈનો શક્ય તેટલી જલદી પૂરી થાય અને છેક ગામડાઓમાં અંતરિયાળ સુધી પાણી પહોંચે તો જ છેલ્લામા છેલ્લા ખેડૂતને તેનો લાભ મળી શકે. તો આ અભિયાનને અગ્રીમતા આપવી જોઈએ.

હું આપની સમક્ષ બે નવા સંશોધન રજૂ કરવા માગુ છું કે,

### (૧) ઝાકળનું સિંચન...

કચ્છના બન્ની એરિયામા આ પ્રયોગ સફળતાપૂર્વક થયેલો છે કે જ્યાં પીવાના પાણીની પણ તકલીફ છે. આ પ્રોજેક્ટમાં મને પ્લાસ્ટિક ઉદ્યોગના જાણકાર અને નિષ્ણાત તરીકે આઈ.આઈ.એમ.ના વૈજ્ઞાનિક પ્રયોગોના પ્રોફેસર ડૉ. ગિરીજાશંકર સાથે કામ કરવાની તક સાંપડેલ છે. **જેની અંદર પ્લાસ્ટિકની ખાસ પ્રકારની તૈયાર કરેલ તાડપત્રી એક ગરીબ માણસના ઝુંપડા ઉપર ઢાંકી દેવાથી રાતના સમયે આવતું ઝાકળનું પાણી નીચેના ભાગે ચેનલો ફીટ કરીને પ્લાસ્ટીકની પાણીની ટાંકીમાં ભેગું કરી શકાય છે.** આ પ્રયોગથી દરેક ૧૦ x ૧૦ના ઝુંપડા દીઠ ૧૦ થી ૧૪ લિટર પાણી ભેગું કરી શકાય છે. દુનિયામાં કચ્છ એક એવો પ્રદેશ છે જ્યાં વરસમાં ૮ મહિના ઝાકળ પડે છે. જનરલી ચાર મહિના જ ઝાકળ પડતુ હોય છે. આ ભેગા થયેલા પાણીનુ બોટલિંગ કરીને દુનિયાનું સૌથી શુદ્ધ પેય પાણી ગરીબ માણસોને આજે પણ બન્ની એરિયામાં પીવા મળે છે.

આ પ્રોજેક્ટને ગરીબ માણસો સિવાય અન્ય લોકો માટે પણ ઉપલબ્ધ કરાવેલો છે. જેમાં તેની નિશ્ચિત કિંમત લઈને આઈ.આઈ.એમ. દ્વારા કચ્છના બન્ની અને કોઠારા વિસ્તારમાં આનો અમલ સફળતાપૂર્વક ચાલી રહેલો છે. તેવી જ રીતે ગમે તેટલા સુકા વાતાવરણમાં પણ હવામાં ૪૦ થી ૫૦ ટકા ભેજ હોય છે. **તે પાણીને હવામાંથી ખેંચીને પીવાના પાણીના પ્રશ્નો ઈઝરાયલ અને અરબસ્તાન જેવા એરિયામાં સફળતાપૂર્વક અમલ થયેલા છે** અને આ સંશોધન માટે આઈ.આઈ.એમ. અમદાવાદને રાષ્ટ્રપતિ એવોર્ડ મળેલો છે અને આ સંશોધનમાં સહભાગી થવાનો અમોને ગૌરવ અને આનંદ છે.

### (૨) લો કોસ્ટ ડ્રીપ ઈરીગેશન...

ભારતમાં કુલ સાડા છ લાખ ગામડાઓ આવેલા છે. ગુજરાતમાં અઢાર હજાર ગામડાઓ છે. એક ગામમાં એવરેજ ૨૦૦ ખેડૂતો છે. જેમાંથી માત્ર ૧૦ કે ૨૦ ટકા ખેડૂતો જ ખેતી કરે છે. તેનો મતલબ એવો થાય કે ૮૦ ટકા ખેડૂતો ખેતી કરતા નથી જે માત્ર પાંચ વિઘાથી દસ વિઘાના ખાતેદારો છે. જેની પાસે પાણીની સગવડ નથી કે પાવરની પણ સગવડ નથી તેમજ આર્થિક

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

સ્થિતિ નબળી હોવાના કારણે નાણાની પણ સગવડ નથી. એટલે કે ૮૦ ટકા જમીન વપરાયા વગરની ખાલી પડી રહે છે. એટલે કે ૮૦ ટકા જમીનમાંથી ઉત્પાદન આવતું જ નથી. અત્યારે જે ઉત્પાદન મળી રહે છે તે ૨૦ ટકાનું જ છે અથવા માત્ર ચોમાસા દરમિયાનનું જ છે. આપણે સૌ જાણીએ છીએ કે ખેતી કરવા માટે પાણી, પાવર અને નાણા જોઈએ. આ પ્રશ્નના નિરાકરણ માટે અમારી કંપનીએ એવુ નવુ સંશોધન રજૂ કરેલ છે. **હાલમાં જે ડ્રીપલાઈન ૧૨ રૂ. ની મીટર મળે છે તે નાના ખેડૂતોને પોસાતી નથી.** જેની પાસે પાણીની સગવડ છે તેને જ સબસીડી મળે છે. નાના ખેડૂતો આ લાભથી વંચિત છે અને તેઓ ખેતી કરી શકતા નથી. અમારા સંશોધનની ડ્રીપલાઈન ૧૨ રૂ. ની જગ્યાએ બે રૂપિયાથી માંડીને સાડા ચાર રૂપિયાની મીટર મળે છે. જેની એક એકરની કિંમત માત્ર ૨૫ હજાર રૂપિયાની આવે છે. જેની સરખામણીએ સબસીડીવાળી ડ્રીપલાઈનની કિંમત એક લાખ રૂપિયાની આસપાસ આવે છે.

નાના ખેડૂતની મુખ્ય તકલીફ પાણી, પાવર અને પૈસાની છે. આ ત્રણેય પ્રશ્નના નિકાલ માટે દસથી પંદર ફુટની ઊંચાઈએ પાણીની ટાંકી ફીટ કરવાની અને ટેન્કરનું પાણી તેમાં નાખીને આવી દસ હજાર લિટરની ટાંકી દ્વારા એક હજારથી બે હજાર છોડવાની ખેતી ખૂબ જ સારી રીતે થઈ શકે છે. આનો સફળ પ્રયોગ પણ કરેલો છે. આમાં કોઈપણ પ્રકારના પાવર કે પાવર કનેક્શનની જરૂર રહેતી નથી અને ગ્રેવિટીથી પાણી મળી રહે છે. પાણી બાબતે વિચારતા દસ હજાર લિટરના ટેન્કરની કિંમત બસોથી ત્રણસો રૂ. થાય છે. અઠવાડિયામાં બે વાર ટેન્કર મંગાવતા ફક્ત છસ્સો રૂપિયાનો ખર્ચ થાય છે. એક છોડવાને બે થી અઢી વખત ચારથી પાંચ લિટર પાણી મળે છે અને સાડા ત્રણ મહિનામાં કોઈપણ શાકભાજી તૈયાર થઈ જાય છે.

આર્થિક બાબતમાં બેંક અથવા સહકારી મંડળીએ માત્ર પચાસ હજારથી લાખ રૂપિયાની લોન આપવી જોઈએ. જે બેન્ક અથવા મંડળી દ્વારા મળી રહે છે. આ રીતે કરવાથી એંસી ટકા ખાલી પડેલી જમીન ખેતીલાયક બને છે. એટલે કે એંસી ટકા ઉત્પાદનમા વધારો થાય છે. અને ઘેર બેસી રહેલા સિનિયર સિટીઝનો જાતે કામ કરીને આ રીતે ફાજલ પડેલ જમીનને ઉપયોગમાં લઈને એંસી ટકાના ઉત્પાદનનો વધારો કરી શકશે. આ માત્ર શાકભાજીનું ઉદાહરણ છે પરંતુ **આવી રીતે હર્બલ પ્લાન્ટેશન અથવા અન્ય કોઈપણ પ્રકારની ખેતી થઈ શકે છે.** અને દેશની ઈકોનોમીમાં ખૂબ મોટો સુધારોવધારો થઈ શકે છે. આ રીતે પણ જો હાઈટેક ખેતી કરવામા આવે તો દસ વિઘાના ખેડૂત બરાબર બે વિઘાનો ખેડૂત એટલું જ ઉત્પાદન લઈ શકે છે. આ પ્રકારની લો કોસ્ટ ડ્રીપ લાઈન અમારી કંપનીએ આઈ.ડી.ઈ.ને ડેવલપ કરી આપેલ છે. જે ઘણા દેશોના ગરીબ ખેડૂતોને આ ટ્રસ્ટ તરફથી નજીવા ભાવે આ ડ્રીપ સિસ્ટમ આપવામાં આવે છે. આ આઈ.ડી.ઈ., એ સ્વિટ્ઝરલેન્ડ કન્ટ્રીનું ભારત ખાતે આવેલું ટ્રસ્ટ છે જેનું કાર્યાલય દિલ્હીમાં છે. આ કંપની તરફથી અમોને લો કોસ્ટ ડ્રીપ સિસ્ટમ ડેવલપ કરવા માટેનું સર્ટીફિકેટ મળેલ છે. જે આપ સૌની જાણ માટે. ■

### કચ્છ માટે નર્મદા યોજના જળ વ્યવસ્થાપનના પ્રશ્નો

**(અનુસંધાન : પાના નં.-૧૧ ઉપરથી ચાલુ)**

કચ્છને ૦.૦૪૯ એમ.એ.એફ. પાણી પીવા માટે અને ૦.૦૩૭ એમ.એ.એફ. પાણી ઉદ્યોગો માટે ફાળવવામાં આવેલ છે. તે માટે માળિયા બ્રાંચમાંથી ૧૫૦ એમ.એલ.ડી. પાણી પીવા માટે અને ૫૦ એમ.એલ.ડી. પાણી ઉદ્યોગો માટે, એમ દરરોજ ૨૦૦ એમ.એલ.ડી. પાણી પાઈપલાઈન દ્વારા વહાવવામાં આવે છે. પીવાના આ પાણી કચ્છના ૯૪૮ ગામ તથા ૧૦ નગર માટે ફાળવાયેલ છે. તે સામે આ પીવાના પાણી કચ્છના ૬૦૦ ગામમાં પણ પહોંચાડવામાં આવતા નથી. ત્યાંના કામો પણ બાકી છે. જયાં પીવાના પાણી પહોંચાડવામાં આવે છે તે પાણી આયોજન કરતાં ખૂબજ ઓછા અને તે પણ અનિયમિતપણે પહોંચાડવામાં આવે છે.

૦.૦૩૭ એમ.એ.એફ. અથવા ૫૦ એમ.એલ.ડી. પાણીના આયોજનો વર્ષ ૨૦૦૧ના કચ્છના ધરતીકંપ અગાઉના ઉદ્યોગો માટેના પાણીના આયોજનો છે. ધરતીકંપ બાદ કચ્છમાં અનેક ઉદ્યોગો વિકસેલ છે. આજે આ ઉદ્યોગોના પાણીની જરૂરિયાત ૩૦૦ એમ.એલ.ડી. ની છે. તેની સામે ૫૦ એમ.એલ.ડી. પાણીનો કોઈ જ હિસાબ નથી. આ પરિસ્થિતિ ભ્રષ્ટાચાર ઉત્પન્ન કરવાની જ પરિસ્થિતિ છે. આપણે તેમાંથી કઈ રીતે બહાર આવી શકીશું?

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## 'મંગલ મંદિર' આકર્ષક પુરસ્કાર યોજના સંબંધી

ઉપરોક્ત યોજના હેઠળ 'મંગલ મંદિર'ના ૧૦, ૫ અને ૩ વર્ષના અંકો અત્રે રજૂ કરીને જે વાચકવર્ગ પુરસ્કારપાત્ર થયા હતા, તેની એક યાદી 'મંગલ મંદિર'ના માસ એપ્રિલ-૨૦૧૪ના અંકમાં પ્રકાશિત કરવામાં આવી હતી. તે પૈકી ઉપસ્થિત વ્યક્તિને સમાજ દ્વારા તા. ૭-૯-૨૦૧૪ના રોજ આયોજિત વાર્ષિક સ્નેહ મિલનના કાર્યક્રમમાં પુરસ્કાર પણ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત યોજના હેઠળ જે વાચકવર્ગે 'મંગલ મંદિર'ના અંકો અત્રે રજૂ કર્યા હતા તેઓ દરેકે પોતાના અંકો પાલડી ભવન કાર્યાલયમાંથી તા. ૩૦-૧૧-૨૦૧૪ સુધીમાં સવારે ૧૦.૦૦થી સાંજના ૫.૦૦ વાગ્યા દરમ્યાન અચૂક પરત લઈ જવા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

*– તંત્રીમંડળ*

સમુદ્ર મંથન

# નર્મદા સિંચાઈ અંગે થોડું નવું વિચારીએ

• વિદ્યુત જોશી •

તાજેતરમાં સરદાર સરોવર નર્મદા યોજનાની ઊંચાઈ માટે કેન્દ્ર સરકાર તરફથી આખરી મંજૂરી મળી ગઈ એ ગુજરાત માટે આનંદની વાત છે. હવે દરવાજાઓ મૂકવાની કામગીરી કરવામાં આવશે. પછી લગભગ પંદર મહિના પછી આપણે નર્મદાના પાણીનો પૂર્ણપણે ઉપયોગ કરી શકશું. આમ તો નર્મદા યોજનાનો ઈતિહાસ ખૂબ જ જૂનો છે, પરંતુ હાલની સ્થિતિ મુજબ જોતાં ૧૯૭૯માં જળ વિવાદ પંચનો ચુકાદો આવ્યો પછી જે ડીઝાઈન બની તે મુજબ નર્મદાના ૨૮ મિલિયન એકર ફિટની કુલ જળરાશિમાં ગુજરાતને ભાગે ૯ મિલિયન એકર ફીટ પાણી આવે છે. આ માટે ૫૧૦ ફૂટ ઊંચો બંધ જોઈએ. પરંતુ તેમ કરતા અત્યારની ડિઝાઈન કરતા ઘણા બધા વધુ વિસ્તારો ડૂબમાં જાય તેથી આપણને ૪૬૦ ફૂટ (૧૩૮.૬૮ મીટર) ઊંચા બંધની મંજૂરી મળી. આમ થતા આપણને ૭.૭ મિલિયન એકર ફીટ પાણી (૧૦ લાખ એકર જમીન પર એક ફૂટ પાણી) મળે તેમ છે. એમ કહેવાય છે કે બાકીનું ૧.૩ મિલિયન એકર ફીટ પાણી મધ્ય પ્રદેશ ઉનાળામાં તેના બંધોમાંથી જે પાણી છોડશે તેમાંથી લઈ લેવાનું રહેશે. જો સમય ખરાબ હોય કે મધ્ય પ્રદેશ કોઈ કારણોસર પાણી ન છોડે તો આપણે પાણીના આપણા અધિકારથી વંચિત રહીએ. ખેર, જે મળ્યું તે સહી! હવે આપણને ૭.૭ મિલિયન એકર ફીટ પાણી તો જરૂર મળશે. એટલે આપણે તેના આધારે આયોજન કર્યું હતું.

નર્મદા યોજના માટે તે સમયે, આજથી ૩૨-૩૫ વર્ષો પહેલાં ગુજરાત સરકારના નર્મદા આયોજન જુથે આયોજન કર્યું હતું. આ આયોજન મુજબ ૯ મિલિયન એકર ફીટ પાણીમાંથી સિંચાઈ માટે ૭.૯૪ મિલિયન એકર ફીટ, પીવાના તથા ઘર વપરાશ માટે ૦.૮૬ મિલિયન એકર ફીટ તથા ઉદ્યોગો માટે ૦.૨૦ મિલિયન એકર ફીટ પાણી ફાળવવામાં આવ્યું હતું. આજે માત્ર સિંચાઈની જ વાત કરવી છે. આ ૭.૯૪ મિલિયન એકર ફીટ પાણીથી ગુજરાતની ૧૭.૯૨ લાખ હેક્ટર જમીનમાં દરેક એકર દીઠ ૧૮ ઈંચ પાણી આપી શકાશે. અત્રે યાદ રાખવું જોઈએ કે નર્મદા પહેલાની જે સિંચાઈ છે તેમાં ૪૦ ઈંચ સરેરાશ પાણી આપવામાં આવે છે. એટલે આપણા ખેડૂતો પાણીના વધુ વપરાશના આદી બની ગયા છે. તેમાં વળી ઉકાઈ જેવા શેરડીના વિસ્તારોમાં તો ૬૦ ઈંચ પાણી આપવામાં આવે છે. આમ તો આ પાણીનો બગાડ કહેવાય, કારણ કે શેરડીને ૩૫ ઈંચ પાણી જોઈએ. તેમ છતાં ખેડૂતો વધુ પાણી લેવા ટેવાઈ ગયા છે. આપણે ત્યાં જે સિંચાઈ કલ્ચર વિકસ્યું છે તેના પર બહુ કામ નથી થયું. બીજી વાત એ પણ છે કે આપણે ત્યાં જ્યારે કોઈ સિંચાઈ યોજના ૧૦૦ એકરને પાણી આપવાનું આયોજન કરે છે ત્યારે ૩૦ એકરને જ આપી શકે છે. એટલે આપણી સિંચાઈ ક્ષમતા માત્ર ૩૦ ટકા છે તેમ કહી શકાય. એટલે નર્મદા આયોજનમાં લોકો જરૂરી પાણી વાપરે તથા સિંચાઈ ક્ષમતા ૩૦ ટકાથી વધીને ૬૦ ટકા સુધી થાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૭.૯૨ લાખ હેક્ટર જમીનને સરેરાશ ૧૮ ઈંચ પાણી આપવા માટે ૩૦૦ ફીટ પહોળી અને ૪૫૦ કિલોમીટર લાંબી મુખ્ય નહેર સાથે શાખાઓ, પેટા શાખાઓ તથા ઢાળિયાઓ મળીને કુલ ૬૫ હજાર કિલોમીટર લાંબી નહેર રચનાનું આયોજન કરવામાં આવ્યું. આ નહેર રચના જગતમાં સૌથી મોટી અને અદ્વિતીય નહેર રચના છે. બીજી રીતે પણ આ સિંચાઈ અદ્વિતીય એ રીતે છે કે અહી પાણી માપીને, તથા કમ્પ્યુટર નિયંત્રણથી આપવામાં આવશે.

આ બધી આધુનિક તકનીકો કામ કરે તે માટે જો કલ્ચર ઊભું ન કરીએ તો કેટલી મુશ્કેલીઓ અને ઝગડાઓ થાય તે સમજવા જેવી વાત છે. આથી નર્મદા આયોજન જુથે પાણી મંડળી બનાવીને આ કામ કરવાનું નક્કી કર્યું. પાણી મંડળીનો આ લેખકનો અભ્યાસ એમ કહે છે કે સરકાર જો સિંચાઈ સંભાળે તો સિંચાઈ ક્ષમતા ૩૦ ટકા રહે, પરંતુ લોકો પોતે મંડળી રચી સિંચાઈ કરે તો સિંચાઈ ક્ષમતા ૬૫ ટકા સુધી પહોંચી શકે. ૧૭.૯૨ હેક્ટરમાં સિંચાઈ કરવા માટે ૩૩૦૦ પાણી મંડળીઓ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂમાં કેટલીક પાણી મંડળીઓ બની પણ ખરી, પરંતુ દરેક ખેતરે પાણી પહોંચાડવાની નહેરોનું માળખું પૂર્ણ સ્વરૂપે બન્યું ન હોવાથી મંડળીઓ સુષુપ્તાવસ્થામાં રહી અને પછી મંડળીની કાર્યક્ષમતા નષ્ટ થઈ. વળી બીજી બાબત એ પણ બની કે ૧૮ ઈંચ પાણીમાં ૬૦ ટકા ક્ષમતાએ ખેતી કરવા માટે એક નવું કલ્ચર ઊભું કરવું પડે. જે વાત આપણે આગળ કરી છે, તે શક્ય ન બન્યું. ખેડૂતોના વલણો બદલવાની સામાજિક ઈજનેરીની જે પ્રક્રિયા થવી જોઈએ તે ન થઈ એટલે મંડળીઓ માત્ર ઔપચારિક રીતે નોંધાયેલી સંસ્થાઓ બનીને રહી ગઈ. હવે જેના વલણો નથી બદલાયા તે ખેડૂતો તો ૧૮ ઈંચ પાણીથી ખેતી કરી શકવાના નથી. વળી ખેતરો સુધી પાણી ન પહોંચ્યું, પરંતુ મુખ્ય શાખા તથા પેટા શાખાઓમાં જે પાણી વહેતું હતું તે જેને ફાવ્યું તે ખેડૂતોએ પંપ મૂકીને મરજી મુજબ ઉલેચ્યું. એક અંદાજ મુજબ આજે નર્મદામાં ૩૦,૦૦૦ હજાર જેટલા પંપ

*નાણાથી તમે બદલાતા નથી પણ તમારી આજુબાજુના માણસો બદલાઈ જાય છે.*

પાણી ઉલેચે છે. આનાથી ૨ લાખ હેક્ટરમાં ખેતી થાય છે તેમ કહી શકાય. પરંતુ આ રીતે થતી ખેતી નર્મદા માટે જે સિંચાઈનું આયોજન થયું હતું તેનાથી બિલકુલ વિપરીત હતું.

આમ આજે નર્મદા યોજનાની નહેર રચના પૂરી થઈ શકી નથી. પહેલા જે કુલ ખર્ચ ૬૪૦૦ કરોડ હતો, તે આજે ૪૦,૦૦૦ કરોડ ઉપર પહોંચ્યો છે. એટલે એકમ દીઠ ખર્ચ કેટલો વધ્યો તે સમજી શકાય. આ ૩૫ વર્ષો દરમ્યાન અનેક સંદર્ભો બદલાઈ ગયા છે. હવે જૂની રચનાઓ અને જૂનું આયોજન બદલવું પડે તેમ પણ બને. હવે નર્મદા યોજના સાકાર કરવા માટે શું બદલવું જોઈએ તેની વાત વિચારવી જોઈએ.

આપણે જોયું કે નર્મદા યોજનાના દરવાજા મૂકવાની મંજૂરી મળી હોવા છતાં યોજના મુજબ હજી ખેતરે ખેતરે પાણી પહોંચાડવામાં ઘણું કામ કરવાનું બાકી છે. મૂળ આયોજનને આજે ત્રીસ વર્ષોથી વધુ સમય વીતી ગયો છે. આ ત્રીસ વર્ષોમાં જળ વ્યવસ્થાપનના સંદર્ભો ઘણા બદલાયા છે. આ બદલાયેલા સંદર્ભો મુજબ આપણે યોજનામાં પણ નાનાવિધ ફેરફારો કરવા પડે. આપણે યોજના શરૂ કરી હતી ત્યારે કુલ જળરાશિ ૨૮ મિલિયન એકર ફીટ ગણી હતી. પરંતુ આજની ગણતરી મુજબ આ જળરાશિ ૨૪ એમ.એ.એફ. છે. આથી ગુજરાતને ભાગે ૯ એમ.એ.એફ. નહિ પરંતુ ૭.૭૫ એમ.એ.એફ. પાણી આવે. એટલે હવે આપણે આટલા પાણીનું આયોજન કરવું પડે.

પાણી મંડળીઓ મારફત જ્યારે આપણે સિંચાઈનું સંચાલન કરવાનું આયોજન કર્યું ત્યારે ગામડાઓમાં સહકારી મંડળીઓ સારું કામ કરતી હતી. પરંતુ આ ત્રીસ વર્ષોમાં તે સહકારી ભાવના અસ્ત પામવા લાગી છે. અન્ય પ્રકારની મંડળીઓ ફડચામાં ગઈ છે. સહકારી બેંકો ડૂબી ગઈ છે. વળી નર્મદા નિગમે જે ૧૧૦૦ પાણી મંડળીઓ બનાવ્યાનું કહેવાય છે તે માત્ર કાગળ પર બની છે. એક પણ મંડળી પાણીનું વિતરણ કરવાનું કામ નથી કરતી. અત્યારે નર્મદાની નહેરમાં ૩૦૦૦૦ જેટલા પંપો મૂકીને પાણી લેવામાં આવે છે. આથી નર્મદાના જળથી સિંચાઈ તો શરૂ થઈ ગઈ છે. પરંતુ આયોજન મુજબ મંડળી થકી નહિ, જેને ગેરકાયદે પંપ મૂકીને પાણી ખેંચવું કહીએ તે શરૂ થયું છે. એટલે સિંચાઈ વ્યક્તિગત ધોરણે થાય છે. આમ હોવાથી મંડળીઓ વિષે એક વાર પુનવિચારણા કરી લેવી જોઈએ. જો નિષ્ણાતોને લાગે કે મંડળીઓ આજના સ્વરૂપે કામ નહિ કરી શકે તો તેનું સ્વરૂપ બદલવા માટે તૈયાર રહેવું જોઈએ. અગાઉ આયોજન થતું હતું ત્યારે પાણી કંપનીનો વિચાર કર્યો હતો. દરેક ખેડૂતને જમીનના પ્રમાણમાં શેર આપવામાં આવે અને જે રીતે વીજ વિતરણ માટે કંપની બનાવી છે તેવી જ રીતે સિંચાઈ કંપની કામ કરશે. દરેક વિભાગવાર અલગ કંપની બનશે અને તેનું સંચાલન અલગ રહેશે. નિગમ આ પાણી, પાણી કંપનીને વેચશે અને કંપની પોતાના શેરધારક ખેડૂતોને પાણી આપશે. આ કંપનીનું માળખું કેવું બનાવવું તે અંગે નિષ્ણાતોની સલાહ લેવી.

આયોજન એવું હતું કે નર્મદા નિગમ ગામને છેડે પાણી છોડી દેશે. પછી પાણી મંડળી તેનું સંચાલન કરશે. પરંતુ ખેતરે ખેતરે સિંચાઈ પહોંચાડવા માટે ફિલ્ડ ચેનલ કે ઢાળિયાઓ બનાવવા પડે. આ કામ મંડળીઓએ કરવાનું હતું. કુલ ૪૫,૦૦૦ કિ.મી. જેટલા ઢાળિયામાંથી એક પણ કિ.મી.નું કામ થયું નથી. ઢાળિયા, અને તે પણ પાણી મંડળી દ્વારા બનાવવાનું કામ અત્યંત અઘરું છે. જ્યાં સુધી ગામના વિવિધ જ્ઞાતિઓના ખેડૂતોમાં સહકારી ભાવના અને એકતા ન હોય ત્યાં સુધી બધા સાથે મળીને ઢાળિયા બનાવવાના નથી. આ કામ ખેડૂતોના વલણો બદલવાનું છે. ઈજનેરી કૌશલ્ય ધરાવતા નર્મદા નિગમ પાસે આવી સામાજિક ઈજનેરીની કુશળતા નથી. આથી હવે આપણે ઢાળિયાના નામનું નામું નાખી દઈ ખેતરોમાં પાણી પહોંચાડવાની અન્ય વ્યવસ્થા વિચારવી પડશે. નિગમના ઈજનેરોને પાઈપ દ્વારા પાણી પહોંચાડવું વધુ ગમશે. પરંતુ આગળના મુદ્દા વિષે વાત કરતા જોઈશું કે બદલાતી કૃષિ તરાહ અને બદલાતી જળ જરૂર મુજબ ફિક્સ પાઈપ હવે કામ નહિ કરે. આથી પાઈપના વિચારનો છેદ ઉડી જાય છે. જે વિકલ્પ બાકી રહે છે તે ટપક પદ્ધતિ કંપની. પાસે પોતની ટપક વ્યવસ્થા હશે અને જે ખેડૂતને પાણી જોઈતું હશે તે ટપક ભાડે લેશે. આને પાણી કેટલું આપવું તેની સાથે સંબંધ છે.

જેમ કેવી રીતે પાણી આપવું તે જોયું, તેમ કેટલું પાણી આપવું તે પણ વિચારવું પડશે. નર્મદા ખાતે આપણે ૧૮ ઈંચ પાણી આપવાનું આયોજન કર્યું હતું. અહીં ખ્યાલ રહેવો જોઈએ કે ઉકાઈમાં ૬૦ ઈંચ પાણી અપાય છે, મહીમાં ૪૫ ઈંચ પાણી અપાય છે. આમ ગુજરાતના ખેડૂતોને પાકને જરૂર હોય તેના કરતા વધુ પાણી લેવાની ટેવ પડી ગઈ છે. અત્યારે નર્મદા કેનાલમાંથી સીધા પંપ મુકીને જે પાણી લેવાય છે તે તો ૬૦ ઈંચથી પણ વધારે હશે, કારણ કે આની કોઈ ગણતરી જ નથી. હવે પાણીના બગાડની આવી પ્રણાલીઓ વિકસી હોય ત્યાં નર્મદામાંથી ૧૮ ઈંચ પાણી આપવાની વાત, અને તે પણ સપાટી સિંચાઈથી, તે હાસ્યપ્રદ બની જાય છે. વળી બીજી વાત એ પણ છે કે ૨૮ ને બદલે ૨૪ એમ.એ.એફ. પાણીનો જથ્થો રહેતા ૧૮ ઈંચથી પણ ઓછું પાણી એકર દીઠ ફાળવી શકાશે. આવા સમયે સપાટી સિંચાઈનો વિકલ્પ શોધી ઓછો

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)

સર્વે જીવો પ્રત્યે કરુણા અને પ્રેમ હંમેશાં રાખો
શ્રી ઉમરશી જેઠાભાઈ કુરવા
(ગામ : ગોધરા - કચ્છ)

વિચાર વિમર્શ

# ઇચ્છામૃત્યુ કે ઇચ્છાજીવન?

• મુરજી ગડા •

મહાભારતની કથામાં પિતામહ ભીષ્મને ઈચ્છામૃત્યુનું વરદાન મળેલું હોવાનું કહેવાય છે. વર્તમાનમાં, જાતજાતના કારણોસર નાના મોટા ઘણા લોકોના આત્મહત્યાના સમાચાર છાપામાં અવારનવાર વાંચવામાં આવે છે. તાજેતરના અહેવાલ મુજબ ૨૦૧૨માં ભારતમાં કુલ ૨ લાખ ૫૮ હજાર લોકોએ આત્મહત્યા દ્વારા પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. એમનું મૃત્યુ કુદરતી નહીં, અકસ્માત નહીં બલકે સ્વેચ્છાએ નોતરેલું હતું. આને સ્વેચ્છામૃત્યુ/ઈચ્છામૃત્યુ ન કહેવાય તો બીજું શું કહેવાય? આનો મતલબ એ થયો કે ઈચ્છામૃત્યુનું "વરદાન" માત્ર ભીષ્મને નહીં બલકે બધાનેજ મળેલું છે. ભીષ્મને મળેલું વરદાન ઈચ્છામૃત્યુનું નહી પણ ઈચ્છાજીવનનું હતું એમ કહેવું વધારે યોગ્ય રહેશે. તેઓ ઈચ્છે એટલું લાંબું જીવી શકતા હતા, છતાં અમરત્વ નહોતું મળ્યું! આ લેખમાં આપણે ઈચ્છાજીવન અને ઈચ્છામૃત્યુ બન્નેની વાત કરવી છે.

ઈચ્છીએ કે ન ઈચ્છીએ, દરેકનું મૃત્યુ ચોક્કસ છે. છતાં ઘણા લોકો એ વિષે વાત કરતા અજંપો/અકળામણ અનુભવે છે. એને કોઈ ટાળી શકતું નથી. જોકે વૈજ્ઞાનિક શોધોને લીધે હવે એને જરૂર પાછળ ઠેલી શકાય છે. એ જ્યાં સુધી નથી આવતું ત્યાં સુધીનું જીવન આપણું છે. કેટલું અને કેવી રીતે જીવીએ તે પણ અમુક અંશે આપણા હાથમાં છે.

કોઈપણ આત્મહત્યાનો બનાવ એ કરુણ બાબત છે. સમાચારમાં આત્મહત્યા માટેના ૫-૬ મુખ્ય કારણો પણ આપ્યા હતા. એમાંથી યુવાનો દ્વારા કરાતી આત્મહત્યાના કારણ મોટેરાઓને ગૌણ લાગે છે અને નિવારી શકાય એવા પણ હોય છે. મધ્યમ ઉંમરના કિસ્સામાં મોટેભાગે તે આર્થિક કારણોસર હોય છે અને સ્ત્રીઓના કિસ્સામાં બહુધા કૌટુંબિક કારણો હોય છે. લગભગ બધાને આ ખબર છે. એની ચર્ચા આ લેખનો વિષય નથી.

મોટી ઉંમરની વ્યક્તિઓ દ્વારા કરાતા આપઘાતના કારણ બહુધા "માંદગીથી કંટાળી/જીવનથી કંટાળી" જીવન ટુંકાવવાના હોય છે. મોટી ઉંમરમાં ઈચ્છામૃત્યુ ઈચ્છતી દરેક વ્યક્તિ માત્ર અસાધ્ય રોગ વખતે જ એવું ઈચ્છે છે એ જરૂરી નથી. એમણે પોતાની વર્તમાન જિંદગી માન્ય ન હોવાથી ટૂંકાવી હોય એવી ઘટનાઓ બને જ છે. એની પાછળના કારણ ઘણા હોઈ શકે છે. એ યુથનેસિયાની વ્યાખ્યામાં નથી આવતા તેમજ કાયદાની ચર્ચામાં પણ નથી. કાયદો આને માન્ય ન રાખે એ સમજી શકાય છે. છતાં આ એક કરુણ વાસ્તવિકતા હોવાથી એની ચર્ચા કરવી અસ્થાને નથી.

એક રીતે જોઈએ તો જીવનનો અંત ચાર તબક્કામાં આવી શકે છે. અંતની શરૂઆતનો પહેલો તબક્કો છે. કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓથી હાથ ઊંચા કરી દેવાનો. જોકે બધા આવું નથી કરતા પણ ઘણા લોકો પોતાની વ્યવસાયિક નિવૃત્તિ પછીના સમયે જ્યારે એમના સંતાનો પરણી જાય અને કમાતા થાય ત્યારે આવું કરતા જોયા છે. અજાણતામાં પણ તેઓ મુસીબતોને નોતરે છે.

નિવૃત્તિનો અર્થ આર્થોપાર્જનમાંથી નિવૃત્તિ છે, કાર્યશીલતાનો સદંતર અભાવ નથી. એનો અર્થ પ્રવૃત્તિની દિશા બદલવાનો છે. શક્ય હોય તો, "સ્વ" ના બદલે "પર" નો વિચાર કરવાનો છે. સામાન્ય રીતે વ્યવસાયિક નિવૃત્તિ ૬૦ - ૬૫ વર્ષે આવે છે. આજના સમયમા આ ઉંમરે મોટાભાગના સ્ત્રી/પુરુષ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ/તંદુરસ્ત હોય છે. ત્યારે બધી જવાબદારીઓથી હાથ ઊંચા કરી દેવા એ યોગ્ય નથી. જેઓ એવું કરે છે તેમના અંતનો પહેલો તબક્કો શરૂ થાય છે એમ કહી શકાય. આ તબક્કાને ટાળવો કોઈના માટે પણ ખાસ અઘરો નથી.

વ્યક્તિના અંતનો બીજો તબક્કો ત્યારે આવે છે જ્યારે એને એવું લાગવા માંડે છે કે હવે ઘરમાં/કુટુંબમાં એનું પહેલા જેવું માન નથી રહ્યું. એ કુટુંબ પર બોજ બની રહ્યા છે. વધુ અગત્યનું એ છે કે આ માત્ર એની આશંકા નહીં પણ વાસ્તવમાં સાચું હોય. કમનસીબે આવું ઘણા કિસ્સામાં બનતું હોવાનું જોયું/જાણ્યું છે. આની પાછળ વ્યાજબી-ગેરવ્યાજબી જે પણ કારણ હોય, આ પરિસ્થિતિમાં સપડાયેલ વડીલ વ્યક્તિના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર એની અવળી અસર અવશ્ય પડે છે. આ તબક્કાનો સાવ વિકલ્પ નથી એમ પણ નથી. અમુક અંશે આ પણ નિવારી શકાય છે.

અંતનો ત્રીજો તબક્કો છે શારીરિક કે માનસિક રીતે પરવશ થઈ જવાનો. લકવો થવો, અકસ્માતને લીધે પક્ષાઘાત થવો, મોટી ઉંમરે પડી જવાથી હાડકા ભાંગી જવા કે પછી ઉંમરને લીધે અતિશય શારીરિક નબળાઈ આવી જવી વગેરે કેટલાક કારણોસર વ્યક્તિ મોટેભાગે પરવશ તો

AMBA
SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

ક્યારેક તદ્દન પથારીવશ બની જાય છે. ચિકિત્સા ક્ષેત્રે થયેલ પ્રગતિને લીધે આવી સ્થિતિમાં પણ દર્દી લાંબો સમય, ક્યારેક દાયકા સુધી પણ, જીવીત રહી શકે છે. દર્દી તેમજ સમસ્ત કુટુંબ માટે આ એક ખૂબ જ કઠિન સમય હોય છે. ગમે તેટલો પ્રેમ અને સમર્પણની ભાવના હોય તોયે, સંભાળ રાખનારની ધીરજની પણ એક મર્યાદા હોય છે. અંગ્રેજીમાં એને "CARE GIVER'S BURNOUT" કહે છે. આવું કોઈ સાથે ન થાય એવું આપણે ઈચ્છીએ તોયે એને રોકવો કોઈના હાથમા નથી. સદ્નસીબે બધાને આ તબક્કામાંથી પસાર થવું પડતું નથી.

આમાં વળી હાલ એક નવા પ્રકારના સંજોગો ઊભા થયા છે. નવી પેઢીના યુવાનોને પોતાના વ્યવસાય અર્થે અન્ય શહેર કે અન્ય દેશમાં જવાનું થાય છે. પરિણામે મોટી ઉંમરના વૃદ્ધ માતા પિતા એકલા થઈ જાય છે. એમને એકબીજાની સંભાળ લેવી પડે છે. ધંધાદારી/બહારી મદદ મળી શકે, પણ એની એક મર્યાદા હોય છે. જે લોકો પૂરી જિંદગી ખૂબ સ્વમાનભેર સ્વાવલંબી જીવન જીવ્યા હોય એમના માટે પરવશ હાલતમાં જીવે રાખવું આંતરીક રીતે ખૂબ પીડાદાયક બને છે. એટલુંજ નહીં, એમની સંભાળ રાખનારને આપવો પડતો ભોગ એમને દુઃખી કરે છે. આવી સ્થિતિ ખૂબ લાંબી ચાલતી હોવા છતાં મેડિકલ ભાષામાં ''અસાધ્ય'' નથી ગણાતી. આવામાં જો એક પાર્ટનરનું મૃત્યુ થાય તો પરિસ્થિતિ વધુ વણસે છે. પાછળ રહેનાર વ્યક્તિ મનથી ભાંગી પડે છે.

અંતનો ચોથો તબક્કો મૃત્યુ પહેલાની છેલ્લી માંદગી છે. પાછું એજ કારણ કે ચિકિત્સા ક્ષેત્રે થયેલ પ્રગતિને લીધે હોસ્પિટલો દુષ્કર ગણાતા કેસને પણ સારો એવો સમય જીવિત રાખી શકે છે. જુદા જુદા સાચા-ખોટા કારણોસર હોસ્પિટલના રોકાણને લંબાવાતું હોય એવું પણ બને છે. સર્વેક્ષણોમાં એવું તારણ નીકળ્યું છે કે માણસ પોતાની પૂરી જિંદગીમાં બધા પ્રકારની સારવાર પાછળ જેટલો ખર્ચ કરે છે એનાથી વધારે ખર્ચ એની છેલ્લી માંદગીમાં થાય છે. છેલ્લી માંદગી એને કહેવાય કે જેમાંથી એ સાજો થઈ ઘરે પાછો નથી આવતો.

બધાને પહેલા ત્રણમાંના દરેક તબક્કામાંથી પસાર થવું પડતું નથી પણ ચોથા તબક્કામાંથી મોટી ઉંમરના બહુધા લોકો જાય છે. સામાન્ય રીતે આ સમયે દર્દી પોતે કોઈ પણ નિર્ણય કરવા જેવી સ્થિતિમાં હોતો નથી. એના જીવનનો નિર્ણય એના કુટુંબીજનોના હાથમાં હોય છે. સરકાર ઈચ્છામૃત્યુને કાયદેસર નથી કરતી કારણ કે અહીં કાયદાનો ગેરલાભ લેવાની શક્યતા ખૂબ વધી જાય છે. આવા સંજોગોમાં દરેક વ્યક્તિ પોતાના વસિયતનામા સાથે પોતાની છેલ્લી સારવાર વિષે પણ લખી જાય તો કુટુંબીજનો પર નિર્ણયનો બોજો ઓછો થઈ શકે છે.

ગરીબ લોકો માટે પૈસાના અભાવે અઘરો નિર્ણય પણ પ્રમાણમાં સહેલો બની જાય છે. પૈસાના અભાવે તેઓ મોંઘી સારવાર લઈ શકતા નથી એટલે હોસ્પિટલો પણ સમજીને એમની પાસેથી એવી અપેક્ષા રાખતી નથી. સરકારી કે અમુક ખાનગી હોસ્પિટલના જનરલ વોર્ડમાં દાખલ થનાર દર્દી ''મરવા'' માટે આવ્યો છે એવું સમજી એની સારવારમાં બેદરકારી દાખવવામાં આવતી હોવાના કિસ્સા સાંભળ્યા છે. જો આ સાચું હોય તો આને ''પૅસિવ યુથેનેસિયા'' કહેવાય કે નહી? સરકારી હોસ્પિટલોમાં આ થતું હોય તો આજ સુધી કેટલા ડૉક્ટરો/અધિકારીઓને સજા થઈ છે?

ધનિકો માટે પૈસાનો સવાલ નડતો ન હોવાથી એમના માટે નિર્ણય સહેલો થઈ જાય છે. માત્ર મધ્યમ વર્ગના લોકો જ અવઢવમાં મુકાય છે. એમના માટે માત્ર પૈસા જ એક સમસ્યા નથી બલકે બહોળા કુટુંબની તેમજ સમાજની સંભવિત ટીકાનો પણ વિચાર કરવો પડે છે. કમનસીબે આર્થિક રીતે મધ્યમ વર્ગના ગણાતા લોકો માટે એમના ખરા વારસદાર, પુત્ર/પુત્રી નહિ પણ ''હેલ્થ કેર ઈન્ડસ્ટ્રી / હોસ્પિટલ'' બની જાય છે. આ કરુણ વાસ્તવિકતા છે.

અહીં પણ કુટુંબીજનો ઈચ્છે ત્યારે દર્દીને ઘરે લઈ જઈ શકે છે. એના માટે ''અગેન્સ્ટ મેડિકલ ઍડવાઈસ''નું ફોર્મ સાઈન કરવાનું હોય છે. મેડિકલ સારવાર અટકાવવી એને પણ ''પૅસિવ યુથેનેસિયા'' કહેવાય. આવું તો રોજ બધે જ બને છે અને કાયદો વચ્ચે પડતો નથી.

ઈચ્છામૃત્યુની શક્યતા ત્રીજા તબક્કાના કિસ્સામાં પણ ઊભી થઈ શકે છે, ખાસ કરીને એકાકી જીવન જીવતા લોકોમાં. વૃદ્ધાવસ્થા માત્ર શારીરિક અવસ્થા નથી, એ માનસિક અવસ્થા પણ હોઈ શકે છે. એમના આ નિર્ણય પાછળ સ્વાસ્થ્ય ઉપરાંત અન્ય કેટલાક કારણો હોય છે. જે પણ ત્યાં પહોંચે છે તેમાંથી માનસિક રીતે સ્વસ્થ દર્દી પોતે પોતાના ભાવિ વિશે નિર્ણય કરવાની પોઝીશનમાં હોય છે. વૃદ્ધાશ્રમનો વિકલ્પ એમને મંજૂર નથી હોતો. તેઓ કાયદેસર નહીં તો તાર્કિક / નૈતિક રીતે ''માનભેર મૃત્યુના'' હકદાર ગણાય? આ વિષય ખૂબ જ સંવેદનશીલ હોવાથી એના ઊંડાણમાં જવાનું અત્યારે ટાળીએ.

પ્રવર્તમાન કાયદા પ્રમાણે આત્મહત્યા ગુનો ગણાય છે. દરેક ગુના પાછળ કોઈ ગુનેગાર હોય છે. કાયદો આત્મહત્યાની કોશિશ કરનારને ગુનેગાર ગણે છે. જો કે મોટાભાગના કિસ્સામાં આપણી સમાજ વ્યવસ્થા, પરંપરા, જે તે સમાજના રીવાજો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)**

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# ‘માથે કર મીઠો ધરતી’

• ડૉ. ગિરીશ વીછીવોરા •

શકુંતલા ત્રીસીમાં હશે. એકવડી, ઘઉંવર્ણી, બેઠી દડી ને સૌમ્ય સ્વભાવ. એની ચાલમાં ગજબની સ્ફૂર્તિ વરતાય. એ ચાલતી હોય ત્યારે કહેવું મુશ્કેલ થઈ પડે કે એ ચાલે છે કે દોડે છે કે નૃત્ય કરે છે. સાંવ સાંકડી નીચે નમેલી નાળમાંથી જે ઝડપથી ચૂપચાપ પાણી વહેતું રહે, તેવી જ તાજગીસભર સ્ફૂર્તિલી ચાલે ઘરમાં અહીંતહીં ચાલતી રહે. જે એટલું સ્વાભાવિક હોય, ઘરની કોઈ વ્યક્તિ બેઠી બેઠી બીજું કાંઈ કામ કરતી હોય તેને શકુંતલાનો અણસાર પણ ન આવે. એના વદને સ્મિત સદાયે સ્થાયી થયેલો દેખાય. દરવાજો ઉઘડ્યો કે સસ્મિત વદને જ અંદર આવે. એ સ્મિતમાં આત્મીયતા તો હોય જ. જાણે પોતાના કોઈ સ્વજનના ઘરે, અરે દીકરી માવતરે આવતી હોય એવા ઉમંગે દાખલ થાય. કોઈ જાતની લપન્નછપ્પન વગર સીધું પોતાનું કામ શરૂ કરી દે. ફટાફટ ફરતા ફાંફળાશા ફેનને સુવડાવી દે. મૃતપ્રાય સાવરણીમાં જોબનની અંગડાઈ આવી જાય. નાચતી કૂદતી સાવરણી અહીંતહીં ખૂણેખાંચરે ઘડીક વિસામો લેવા શ્વાસ ખાતા કચરાને ઊભો ભગાડે. સાવરણીએ રાસડો રમી લીધો કે શકુંતલા પોતાની એ જ લસરતી ચાલે બાલદીનો કાન આમળે. ઉઠાડી, ઊભી કરે ને સાબુ-પાણીના મિશ્રણે છબછબિયાં બોલાવી દે. દરેક રૂમમાં પાણીનો છંટકાવ અને પછી પોતું. શકુંતલાની પોતું ફેરવવાની સ્ટાઈલ પર સમરકંદ બુખારા ઓવારી જાય. પોતું હાથમાં ને એ હાથ જે લસરકો લે તે એટલો લયબધ્ધ, સ્વરબધ્ધ ને સ્વાભાવિક હોય, જાણે કોઈ અવ્વલ નંબરની નૃત્યાંગનાએ કોઈક મુદ્રા ઉપસાવવા પોતાના હાથનો અદ્‌ભુત વળાંક વાળ્યો. એ બધું તારસપ્તકમાં જ ચાલે. છતાં ક્યાંય, ક્યારે પણ લયભંગ યા બેસૂરાપણું ન વરતાય. એનું આખું વ્યક્તિત્વ ત્યારે એનાથી થતા કામમાં જ ઓતપ્રોત હોય. ફળસ્વરૂપ જન્મેલી સ્વચ્છતા દીપી ઊઠતી દીસે. વાટકી, છીબા, તપેલાં, થાળી સર્વ વાસણિયું કુટુંબ હરખપદુડું થતું એના હાથે હસમુખું થઈ પોતાનું સ્થાન ગ્રહણ કરે. થોડીવારમાં તો બધું વ્યવસ્થિત થઈ જાય. આવી હતી તેવી જ સહેજ મરકતી શકુંતલા સરકી જાય.

શકુંતલાને આખા ઘરની ખબર. કઈ ચીજ ક્યાં મૂકેલી છે તેની રજેરજની માહિતી મગજમાં સંઘરેલી હોય. સુશીલાને કોઈ ચીજ જોઈતી હોય તો એને કહે. તરત નાનું યા મોટું સ્ટુલ ઉપાડે. ક્યાંક કોઈક માળિયામાં સાત નિંદરમાં સૂતેલી ચીજ સફાળી જાગી ઊઠે ને શકુંતલાને શરણે થાય. કપડાં ધોનાર કે રસોયણની શકુંતલા બોસ. એમના કામ બાબત કાંઈપણ કહેવું હોય તો વાચા શકુંતલા જ કહેવાય. એનું હાજરીપત્રક સદાય હસતું રહે. ન આવવાની હોય તો આગળથી કહી દે ને બદલીની બહેનપણી ગોઠવતી જાય.

કપડાની શોખીન. સાડી સાદી સુતરાઉ હોય, પણ પરિધાન એવું હોય, સાડીને પોતાનું જીવનસાફલ્ય લાધતું દીસે. ક્યારેક મેક-અપનો હળવો હાથ પણ ચહેરા પર ફરેલો વરતાય. અંગેઅંગમાં સ્ફૂર્તિ ભરેલી શકુંતલા કુટુંબની એક સભ્ય જેવી જ. કોઈ ખાસ વાનગીમાં એનો ભાગ પહેલો. સાડી, બ્લાઉઝ, પહેરણ કે પેન્ટ બધું સુશીલા દ્વારા શકુંતલાના ખાતામાં ટ્રાન્સફર થતું રહે.

વહેલી સવારે સંપૂર્ણ ખીલી ઊઠેલું મોટા ગલગોટાના ફૂલ જેવું ગુલાબ. પવનભાઈની ગેરહાજરીમાં પોતાના જ ભારથી હળુહળુ હલતું, નાચતું, કદાચ કંઈ ગણગણતું પણ હોઈ શકે. આખું વાતાવરણ એ ફૂલના ઉલ્લાસથી હર્ષોલ્લાસે ભાસે. વહેલી સવારે શિયાળાની ઠંડી પણ પૂરબહારમાં ખીલેલી હોય. પ્રમાણ વધે, પારો ઘટે ને હિમભાઈ હિમાલયથી હડી કાઢતા સીધા અહીં પહોંચી આવી સૃષ્ટિ આખી પર છવાઈ જાય તો શું થાય? કળીઓ, ફૂલો, કૂંપણો અને કુમળા પર્ણો પહેલા મરે. ચચરતા ચીમળાઈ જાય. એમનો આક્રંદભર્યો ચચરાટ સરવા કાને સંભળાય. કુમળો સૂર્ય ઠંડી ભગાડવા, હિમને હાંકવા પ્રયત્ન કરે ને કદાચ મોડો-વહેલો ફાવે પણ ખરો. ત્યાં સુધી હિમભાઈએ પોતાનું કામ પતાવી પાછી હિમાલયની વાટ પકડી લીધી હોય. પ્રસન્નતાભર્યો આખો માહોલ ઘડીના છઠ્ઠા ભાગમાં સાવ ઘરડો ખખ થઈ જાય અને કારુણ્યનું સામ્રાજ્ય સર્વત્ર રેલાઈ જાય.

દોઢ મહિને શકુંતલા દેખાઈ. તીડનું કટક કોઈ કણસલાથી લચી પડતા ખેતર પર ઉતરી પડે, ખા ખા કરતું બધું ખતમ કરી, ઘડીના છઠ્ઠા ભાગમાં ઉપડી પણ જાય. પાછળ શું રહે? કોઈ માંદગીમાંથી માંડ ઊભા થયેલ, અકાળે વાર્ધક્યને વરેલ વ્યક્તિ અહીંતહીં ફાંફાં મારતી રહે. સર્વસ્વ ગુમાવ્યું હોઈ, અસહાય ને પરાધીન થઈ માંડ માંડ હાલકડોલક થતી ગતિ કરતી રહે તેવી શકુંતલામાં એક અસહાય અબળા દેખાઈ. ક્યાં ગયું એનું સ્મિત? ક્યાં ગઈ એની સ્વસ્થતા, ચંચળતા ને ચબરાકી? સાવ નંખાયેલી, ઢીલી ઢીલી ચાલે ચાલતી, લઘરવઘર કપડાં ને તેવા જ વાળ. ચુપચાપ કામ કરતી રહી. કામ કરી કોઈ દેવાળિયો પાછલે દરવાજેથી ચૂપચાપ ચાલી નીકળે તેમ વહી ગઈ. અમને કોઈને એની સાથે જરાપણ સંભાષણ કરવાની હિંમત નો’તી. થયું, જરા વાત ઉપાડી, માંડમાંડ રોકી રાખેલ બંધ તૂટશે, પૂર આવશે તો અજબગજબની ખાનાખરાબી કરી નાખશે. નજરો ન મળી શકી. ચોરીછૂપીથી જોયું એના ચહેરા પર અંકિત થયેલું પથ્થર પીગળાવે એવું કારુણ્ય.

*હોદ્દો નહીં, વ્યવહાર અને ગુણ સારા હોવા જોઈએ.*

હચમચી ઉઠ્યો. અરે, આ શું? આ તે કેવી આપત્તિ! વ્યક્તિનું સર્વસ્વ ખેદાનમેદાન થઈ જાય, ઘડીના છઠ્ઠા ભાગમાં? સ્વસ્થ ચિત્તે ને હૈયે આખો દિવસ ઢસરડા કરી, બાળકોને નવરા (વર) સાથે વાતચીત ને વાળુ કરી, બે ઘડીની મીઠી નિંદર ખેંચવા સૂતી. વહેલી પરોઠે ઊઠી, પોતાના નિત્યક્રમ માટે. સહેજે સૂતેલા નવરા પર નજર ગઈ ને થંભી ગઈ. શંકા સત્ય હતું, સાવ નગ્ન. નવરો નિંદરમાં જ અકાળે અવસાન પામ્યો હતો. ભરદરબારમાં દ્રૌપદીના ચિરહરણ થયા ત્યારે એણે જેવો વલોપાત કર્યો હતો તેવો જ વલોપાત શકુંતલા કરી બેઠી. મુશળધાર વરસતા વરસાદને કોઈ પોતાના મહેલ જેવા મકાનમાં સ્વસ્થ રહી માણતો હોય ને એકાએક એ જ વરસાદ વચ્ચે ખુલ્લા રસ્તા પર આવી જાય ત્યારે એની શી હાલત થાય એવી જ શકુંતલાની થઈ.

વિધવા અબળાનો પર્યાય. વિધવા સૌની ઓશિંગણ. એના જીવનરસની સરવાણી સૂકાઈ જાય. નર-નારી, સ્ત્રી-પુરુષ મળી એક યુગ્મ જોડું બને. બે મટી એક થાય. અરસપરસ સ્નેહ, સખ્ય ને સહચર્યની સરવાણી ક્યારે નાની, ક્યારે મોટી પણ વહેતી રહે. બંને એકબીજાના પૂરક બને. જિંદગીની વાસ્તવિક્તાઓ ને કર્તવ્યનો અડગતાથી સામનો કરે. છૈયાછોકરાંને ઉછેરી સંસાર સિંચી, સારા નાગરિક બનાવે. સમાજમાં મુક્તમને સ્વત્વથી ભળી શકે. સમાજનો પાયો આવા યુગ્મ જ નક્કર બનાવી શકે. યુગ્મ તૂટે, માટલું ફૂટે, ઠીકરું થાય! ઠીકરાની શી વિસાત? પુરુષ કે સ્ત્રી બેમાંથી એક થવાનો વારો આવ્યો, સંસાર અસાર થયો.

વિનાશક વાવાઝોડામાં સૃષ્ટિનો સંહાર થઈ જાય છે. ક્યારેક કોઈને કુદરતની કંઈક ઓથ મળી જાય છે. શૂન્યમાંથી પાછું સર્જન થાય છે. કુદરતની એવી બલિહારી જોવી એ પણ એક સદ્ભાગ્ય છે.

*૫૦/૪, રામસદન,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

## નર્મદા સિંચાઈ અંગે થોડું નવું વિચારીએ

(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)

પાણી વપરાશ કરે તેવી પદ્ધતિ સ્વીકારવી જોઈએ. રાજસ્થાને ટપક સિંચાઈનો કાયદો બનાવ્યો છે. જેને નર્મદાનું પાણી જોઈએ તેને ટપક અપનાવવી પડશે. ટપક સિંચાઈમાં પાણીનો વપરાશ ૪૦ થી ૬૦ ટકા ઘટે છે. વળી ટપક બદલાતા પાક સાથે બદલી શકાય, ઊંચકીને બીજે લઈ જઈ શકાય. ઢાળિયા કે પાઈપમાં આ બદલાવ શક્ય નથી. ગુજરાતમાં ટપક અનુકૂળતા એટલા માટે પણ વધી છે કે છેલ્લા ૧૦-૧૫ વર્ષોથી પાકની તરાહ બદલાઈ છે. હવે ઉત્તર ગુજરાત અને સુરેન્દ્રનગરના ખેડૂતો બીટી કોટન વાવતા થયા છે. એ ઉપરાંત હવે પરંપરાગત પાકોના સ્થાને ફળ અને શાકનું વાવેતર વધ્યું છે. ગુજરાતનો કૃષિ વિકાસ દર ૧૧ ટકા સુધી પહોંચ્યો તેમાં બીટી કોટનનો ફાળો વિશેષ છે. આ નવા પાકોને ટપક વધુ અનુકૂળ આવે છે. ટપક હોય તો ખાતર પણ ટપક સાથે આપી શકાય. ટપક હોય તો ઘાસફૂસ ઓછું થતા નિંદામણ પણ ઓછું થાય છે. સિંચાઈ કંપની આવા ટપકના સેટ વસાવી શકે તથા શેર હોલ્ડર ખેડૂતોને આપી શકે. ટપક માટે સિંચાઈ માટે વીજળી જોઈએ. પરંતુ જેમ ટપક એક ખેતરમાંથી બીજા ખેતરમાં લઈ જઈ શકાય, તેમ વીજળી વાયરો પણ લઈ જઈ શકાય. થાંભલાઓ કે કાયમી કનેક્શન આપવાની જરૂર નથી. વીજળીનો ચાર્જ પણ કંપનીને થશે, જે કંપની ખેડૂતો પાસેથી વસુલ કરશે.

વ્યાપક જમીન ઉપયોગમાં આવી રહેલા બદલાવ સાથે નર્મદા કમાંડ પણ ફરી બનાવવો પડશે. આ બધું કામ ઘણી બધી ટેકનિકલ બાબતોની સમજૂતી માગી લે છે. એક લેખમાં આ બધી ટેકનિકલ બાબતો સમાવવી શક્ય નથી. પણ જો સરકાર અને લોકોમાં નર્મદા યોજના સફળ કરવાની રાજકીય ઈચ્છાશક્તિ હશે તો આ કામ બધાના સહકારથી થઈ શકશે. ■

## ઈચ્છા મૃત્યુ કે ઈચ્છા જીવન?

(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)

વગેરે પણ આડકતરી રીતે ગુનેગાર હોય છે. આવા ગુનેગારોને સજા કરવી શક્ય નથી પણ ભવિષ્યમાં આવા કારણોને લીધે આત્મહત્યા ન થાય એના માટે પણ સરકાર કશું કરે છે ખરી?

કાયદો તો છેલ્લી ક્ષણ સુધી શક્ય હોય તે સારવારની હિમાયત કરે છે. તે કુટુંબ એટલો ખર્ચ કરી શકવા સમર્થ ન હોય એનો ખર્ચ કોણ આપે? અને કોઈ તાણી ખેંચીને જાતે ખર્ચ કરે તો એમની ભવિષ્યની જરૂરિયાતો પર ભારે કાપ મુકવાનો વારો આવે. સંતાનોના ભણતરના ભોગે વયોવૃદ્ધ વડીલોની આવરદા થોડા અઠવાડિયા કે થોડા મહિના લંબાવવાનો નિર્ણય મધ્યમ વર્ગના કુટુંબ માટે ખૂબ અઘરો બની જાય છે. આવા સંજોગોમાં કાયદો, નૈતિકતા, પ્રેમ, ધર્મ ઉપરાંત આર્થિક સંજોગો પણ ઘણો ભાગ ભજવે છે. કાયદા બનાવનાર અને એનું પાલન કરનાર આવા પ્રશ્નોનો કેટલો વિચાર કરે છે? કાયદો અંધ છે અને સમાજ પણ ક્રૂર બની શકે છે. આવા અઘરા પ્રશ્નોના ચોખ્ખા ઉત્તર શક્ય નથી. માત્ર અંતહીન ચર્ચા કરી શકાય. કાયદો ગમે તે કહે, ભારતમાં બધું જ ચાલે છે એ સત્યનો સ્વીકાર કરવો રહ્યો.

### ● અંગત કેફિયત :

ઘણા સમયથી આ વિષય પર લેખ લખવાની ઈચ્છા હતી પણ એની સંવેદનશીલતાને ધ્યાનમા રાખતાં એનો અમલ થયો નહીં. 'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૨૦૧૪ના અંકના તંત્રીલેખમાં ચર્ચા માટેનું આમંત્રણ અને સપ્ટેમ્બરનો શ્રી પ્રવીણભાઈ શાહનો લેખ જોતાં જાહેરમાં ચર્ચા છેડવાનું વિચાર્યું છે. જો ચર્ચા આગળ વધે તો વધું ઉંડાણમાં જઈ શકાય.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

*સંસારી માણસ વૈરાગી બની શકતો નથી.*

# ચાલો, એક ઉકરડા સામે બે ઉદ્યાન ખીલવીએ

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

ગુંડા અને ગુણીજન વચ્ચે સુરંગ અને સિમેન્ટ જેટલો તફાવત હોય છે. સુરંગ વિનાશ કરે, સિમેન્ટ વિકાસ કરે. ગુંડો ગુંડાગીરી કરે, ગુણીજન ગાંધીગીરી કરે. બુદ્ધિશાળી ગુણીજનમાં આદર્શ નાગરિક બનવાનું તમામ રો-મટીરિયલ પડ્યું હોય છે. જે વિચારી શકે છે તે વિનાશ અને નવસર્જનની જરૂરિયાતને બુદ્ધિના ત્રાજવે તોલીને નિર્ણય લે છે. જે વિચારતા નથી તેને હાથે નવસર્જનને બદલે ખેદાન મેદાન થવાની શક્યતા વધુ રહે છે. દિમાગ સૌને મળ્યું છે પણ દિમાગની બેટરીમાં બુદ્ધિનાં સેલ હોવા જરૂરી છે. સમાજની કમનસીબી એ છે કે અહીં ખાલી બેટરીઓની સંખ્યા બહુમતીમાં છે. અંધકારનું ક્ષેત્રફળ મોટું છે અને અજવાળા માટે નાના કોડિયાઓ પર આધાર રાખવો પડે છે. કોડિયાથી ચપટીક અજવાળું થાય. કોડિયું સૂરજનો વિકલ્પ બની શકતું નથી.

સુરત સાહિત્યની ચેતનવંતી નગરી છે. અહીં યથાસમયે સાહિત્યકારોના પ્રવચનો, પુસ્તક મેળાઓ, કવિ સંમેલનો, ચિંતનગોષ્ઠિઓ વગેરે યોજાતાં રહે છે. નવસારીમાં એવા સાહિત્યિક કાર્યક્રમોનો દુષ્કાળ વર્તાય છે. કોઈ નગ્ન માણસ રેડીમેડ કપડાંના સ્ટોર તરફ જોઈ રહે એવી હીજરાતી નજરે અમે સુરતના સાહિત્યિક સમાચાર વાંચીએ છીએ. નવસારીની સયાજી વૈભવ લાઈબ્રેરીમાં 'મને ગમતું પુસ્તક' એ વિષય પર યથાસમયે કાર્યક્રમો યોજાય છે. એ ઘટના રણમાં મીઠી વિરડી સમાન ગણાય. કોઈપણ શહેરમાં સાહિત્ય પ્રેમીઓનો અભાવ નથી હોતો. પણ તેમની સ્થિતિ માળીની દુકાનમાં વેરવિખેર પડેલા ફૂલો જેવી હોય છે. તે સૌને એક સૂત્રે બાંધવામાં આવે તો મજાની માળા બની શકે.

એક વાત સુનિશ્ચિત છે. પ્રત્યેક શહેરમાં સાહિત્ય પ્રેમીઓ કરતાં ધર્મપ્રેમીઓની સંખ્યા વિશેષ હોય છે. એથી ધાર્મિક આખ્યાનો, કથા-કીર્તનો, સત્સંગ સમારોહના કાર્યક્રમો હાઉસફૂલ રહે છે. પરંતુ સાહિત્યના કાર્યક્રમો યોજાય છે ત્યારે સાહિત્ય રસિકોની પાંખી વસતિનું પ્રમાણ છતું થઈ જાય છે. આયોજકોને એ ચિંતા સતાવે છે કે હોલ ભરાશે કે નહીં? નામી વક્તાઓએ એવો ખાલીપો વેઠવો પડતો નથી. તોય એટલું નિશ્ચિત કે રામકથા કે ધાર્મિક પ્રવચનો વેળા ગલીગૂચીમાંથી લોકો ઉમટી પડે છે. તેટલો ઘસારો સાહિત્યિક પ્રવચનો માટે થતો નથી. આપણી ધર્મપ્રિય માનસિકતા બગલા જેવી છે. બગલા સામે મોતી મૂકવામાં આવે તો ચાંચ મારતો નથી. માછલી મૂકવામાં આવે તો તુરત ઉપાડી લે છે. રામકથામાં શ્રોતાઓની ખોટ પડતી નથી. જ્ઞાનકથાઓમાં એવી સ્થિતિ સર્જાતી નથી. એક વાત સૌને વેળાસર સમજાય તે જરૂરી છે. ગામમાં ઉકરડા ભલે હોય, એકાદ બે બગીચા હોવા જરૂરી છે.

સાહિત્યના કાર્યક્રમોની બીજી તકલીફ સંગઠન અને સંચાલનની હોય છે. બૌદ્ધિકોને અહમ્, સ્વમાન, ઈગો, વાડાબંધી વગેરેની ગ્રંથિઓ બહુ કનડતી હોય છે. એક મંચ પર સાહિત્યરસિકો ભેગા થાય ત્યારે પ્રમુખ-ઉપપ્રમુખ, મંત્રી, સેક્રેટરી કે ખજાનચી જેવા લેબલો ગૌણ બની જવા જોઈએ. પદ અને પ્રતિષ્ઠાભૂખ્યા માણસો સાહિત્ય રસિકોનો વેશ ધારણ કરીને સાહિત્ય મંડળોમાં પ્રવેશી જાય છે. પછી બહુ જલ્દી મંડળની સ્મશાનયાત્રા નીકળે છે. મેં ઘણી સંસ્થાઓના એવા બાળમરણ જોયાં છે. થવું જોઈએ એવું કે સાહિત્યપ્રેમીઓ ભેગા થાય ત્યારે તેમાં મુખ્ય મહેમાન પદે કેવળ અને કેવળ સાહિત્યરસ જ મહત્ત્વનો બની રહેવો જોઈએ. સાહિત્ય આગળ સૌ સરખા! તેમાં લક્ષ્મીદાસો કરતાં સરસ્વતીદાસોને જ મહત્ત્વ મળવું જોઈએ.

વિચારગોષ્ઠિ જેવા સાહિત્યિક કાર્યક્રમો યોજતા મંડળો દરેક શહેરોમાં હોવા જોઈએ. યાદ રહે ગામમાં મંદિર ના હશે તો ચાલશે પણ સારું વિચારનારા બે માણસો હશે તો ગામની ઉન્નતિ થશે. ગામમાં ગુંડો હોય તો ગુણીજન શા માટે ન હોવો જોઈએ? ચોર હોય તો ચિંતનકાર શા માટે ન હોવો જોઈએ? સમાજમાં ઉદ્‌ભવતાં ચિંતનચોતરાઓ ગુણીજનોના વિકાસ માટેના ટ્યૂશન ક્લાસો બની રહે છે. સારા વિચારવંત નાગરિકો કોઈ પણ શહેરની ઍસેટ્સ (પૂંજી) બની રહે છે. એક ધાર્મિક યજ્ઞ કરતાં એક સાહિત્ય ગોષ્ઠિ સમાજ માટે વધુ શ્રેયકર સિદ્ધ થઈ શકે. એક પૂજારી કરતાં એક ચર્ચાપત્રી સમાજની ઉન્નતિમાં વધુ ફાળો આપી શકે. એકની પાસે કંકુ છે, બીજા પાસે કલમ છે. કંકુની સ્થિતિ ડેડ ઈન્વેસ્ટમેન્ટ જેવી છે. કલમની ક્રિએટીવ વેલ્યુ અનેકગણી છે.

દરેક શહેરમાં દારૂના અડ્ડા હોય છે પણ વિચારમંદિરો નથી હોતા. કૂટણખાના હોય છે પણ ચિંતનચોતરા નથી હોતા. એક વાત સમજી લેવા જેવી છે. હવનકુંડમાં ઘી હોમીને ભડકા કરવા કરતાં માણસના દિમાગમાં વિચારોની જ્યોત જલાવવાથી સામાજિક નવરચનાના કામો થઈ શકે. ભૂકંપ પીડિતોની સુખશાંતિ અર્થે યજ્ઞો કે પૂજા પાઠ કરાવવા કરતાં તેમને માટે રોટી કપડાં અને મકાનનો પ્રબંધ કરવાથી જ તેમને સાચી શાંતિ મળી શકે. માનવીય તારાજીનો ઉપાય નવસર્જનની પ્રક્રિયામાં રહેલો છે - પૂજાપાઠમાં નહીં. ભૂખ્યાને ભાખરી આપો ભગવાનની મૂર્તિ નહીં.

આખી વાત સમજવા માટેની પહેલી શરત છે વિવેકબુદ્ધિ. મંદિરોમાં આરતી જે નિયમિતતાથી થાય તેવી ચોકસાઈથી દરેક શહેરમાં ચિંતનગોષ્ઠિ થાય તે જરૂરી છે. લોકો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)**

*સેવા કરતાં પહેલાં ભૂલતાં શીખો અને મરતાં પહેલાં જીવતાં શીખો.*

વિચાર મંથન

# માણસ જૂઠું કેમ બોલે છે?

• ડૉ. યાસીન દલાલ •

એસોસિએટ પ્રેસ દ્વારા અમેરિકન પ્રજાનું એક સર્વેક્ષણ હાથ ધરાયું હતું. આ સર્વેક્ષણ પરથી જાણવા મળ્યું કે, ૯૧ ટકા અમેરિકનો કાયદેસર જૂઠું બોલે છે. આ કાયદેસર જૂઠું એટલે શું? અમેરિકનો રોજિંદા જીવનવ્યવહારમાં જૂઠું નથી બોલતા, પણ કાયદો, કરવેરા કે ઓફિસ કામની વાત આવે ત્યારે જૂઠાણાનો આશ્રય લે છે. જેમ કે માંદગીની રજા લીધી હોય, પણ ખરેખર માંદા ન હોય. અલબત્ત કેટલાક એવા પણ છે, જે ઓફિસમાં પણ જૂઠું બોલે અને ઘરમાં પણ જૂઠું. માત્ર ૧૨ ટકા અમેરિકનો એવા છે જે ખ્રિસ્તી ધર્મની દસ આજ્ઞાઓને પવિત્ર ગણીને એનું પૂરેપૂરું પાલન કરે છે. આધુનિક સભ્યતાની આ જ કમાલ છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો, પણ ચિત્રવિચિત્ર કાયદા અને નિયમોની આંટીઘૂંટીઓમાંથી બચવા તમારે ક્યારેક, ક્યાંક, નાનું મોટું જૂઠાણું ઉચ્ચારવું જ પડે. સરકાર કરવેરાના દર એટલા આકરા રાખે કે પ્રામાણિક નાગરિક પણ કરચોરી માટે પ્રેરાય. અદાલતોની કાર્યવાહી એવી અટપટી હોય કે સાચું બોલનારને સજા થાય અને જૂઠાણાં ચલાવનાર છૂટી જાય. તમને ભાગ્યે જ કોઈ વકીલ એવી સલાહ આપશે કે જે બન્યુ છે, એ સાચું કહી દો. અદાલતોમાં હવે પૈસા લઈને જૂઠી સાક્ષી, જૂબાની આપનાર માણસો મળી રહે છે.

એમનો પૂર્ણ સમયનો ધંધો જ આ હોય છે. કોઈના જામીન બનો, અથવા કોઈના પક્ષમાં કે વિરુદ્ધમાં ખોટી જુબાની આપો અને પૈસા કમાવ. "પાસા" માં નાયક વિજયનો એક મિત્ર પૈસા કેવી રીતે કમાય છે? એક ધનિકની કાર હેઠળ એક ડોશી કચડાઈ મરી. એ મિત્રે ધનિકની તરફેણમાં જુબાની આપી, પેલો ધનિક છૂટી ગયો અને મિત્રને પૈસા મળ્યા. વિજય કહે છે, "યાદ છે? કોલેજમાં તું ભણતો ત્યારે એક માંદી ચકલી તરફડી હતી, એ જોઈને પણ તું દ્રવી ગયેલો?" જવાબમાં મિત્ર કહે છે, 'એ બધું ભૂલી જા હવે, આજની દુનિયામાં આવું પોચાપણું ન ચાલે. આપણે વ્યવહારું બનવું પડે.'

જૂઠાણાના અનેક પ્રકાર હોય છે. ક્યારેક જૂઠાણું એવી ખૂબીપૂર્વક અને ચાલાકીથી રજૂ થતું હોય છે કે એમાં કોઈને અસત્યની ગંધ પણ ન આવે. કેટલાક લોકો નિર્ભેળ અને નફ્ફટ રીતે જૂઠું બોલતા હોય છે, તો બીજા કેટલાક સચ્ચાઈ અને જૂઠાણાનું મિશ્રણ બનાવીને રજૂ કરતા હોય છે.

ક્યારેક માહિતીને કે તથ્યને વિકૃત બનાવીને રજૂ કરાય, તો ક્યારેક આપણે આપણને અનુકૂળ હોય એવી જ માહિતી રજૂ કરીએ. ત્રીજી કક્ષા લઈને સ્નાતક થયેલો માણસ પોતાનો 'ક્લાસ' કયો છે, એ છૂપાવશે. બહુ પૂછવામાં આવે ત્યારે પણ બને ત્યાં સુધી એ વાતને ઉડાવશે, અને કહેવું પડે ત્યારે પણ એમાં પોતાનો કોઈ વાંક નહોતો, પણ પરીક્ષકે અન્યાય કર્યો હતો એવા બચાવનામા સાથે કહેશે. બહુ જૂઠાબોલા માણસો અંદરથી અંતરાત્મા ડંખતો હોય, ત્યારે વારંવાર બોલશે કે, 'મને જૂઠું બોલવાની બિલકુલ ટેવ નથી' પણ આવી સફાઈ માણસ કરે કે ન કરે, એના સાચા ખોટાપણાની પરખ તો કોઈ ને કોઈ રીતે થઈ જ જતી હોય છે.

એકવીસમી સદીની પ્રચારની આંધીમાં એક વસ્તુનો સતત ભોગ લેવાય છે. તેનું નામ છે સત્ય. આજનો માણસ પોતાની ઈમેજ વિકસાવવા માટે સતત 'પબ્લિસિટી'નો આશરો લે છે. હવે તો 'જનસંપર્ક' નું એક આખું શાસ્ત્ર ઊભું થયું છે. એનો હેતુ જ વ્યક્તિ કે સંસ્થાની 'છબી' ઉપસાવવાનો છે. પણ બહુ ટૂંકા સમયમાં 'માહિતીનો પ્રસાર' એ જૂઠાણાના ધોધમાર વરસાદમાં ફેરવાઈ ગયો. પરિણામે, એથેન્સમાં વિશ્વભરના જનસંપર્કમાં નિષ્ણાતોએ એકઠા થઈને એક આચારસંહિતા બનાવી જેમાં 'પ્રસાર' અને 'પ્રચાર' વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો. પણ વાસ્તવિક જીવનમાં આ ભેદરેખા કોણ પાળે છે? અખબારોમાં દરરોજ જાતજાતનાં સમાચાર અને તસવીરો છપાય છે.

પ્રસિદ્ધિ મેળવવાના ભ્રમમાં લોકો જાતજાતનાં જૂઠાણાં ચલાવે છે. ક્યારેક અર્ધસત્યનો આશરો લેવાય છે, ક્યારેક સાચી માહિતીને ઈરાદાપૂર્વક દાબી દેવાય છે અને ક્યારેક માહિતીને વિકૃત બનાવીને રજૂ કરાય છે. દુનિયામાં સૌથી વધુ જૂઠાણાં રાજકારણીઓ ઉચ્ચારતા હશે અને દુનિયાભરના રાજકારણીઓમાં આ બાબતમાં આપણા રાજકારણીઓ અવ્વલ નંબર હશે. સત્યને છાવરવા માટે રાજકારણીઓ શું કરી શકે, એ જાણવા માટે 'બોફોર્સ' જેવું એકાદ પ્રકરણ જોઈ જવું જોઈએ. રાજકારણીઓની આ કુટેવ ધીમેધીમે, નીચલા સ્તરે ઊતરે છે, અને અધિકારીઓથી માંડીને નાના-મોટા હોદ્દા પર બેસી ગયેલા લોલુપો સતત જૂઠું બોલવાનો લઘુઉદ્યોગ ચલાવતા રહે છે.

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

સમય જતાં જૂઠાણું એક માનસિક બોજ બની રહે છે. એક જૂઠાણું સાચવવા માટે માણસે બીજાં સો જૂઠાણાં ચલાવવા પડે છે. ફિલ્મ બનાવતી વખતે જેમ બે દૃશ્યો વચ્ચે 'કન્ટિન્યૂઈટી' રાખવી પડે, તેમ ગયે વખતે આપણે શું જૂઠું બોલેલા, એ યાદ રાખીને જૂઠું બોલવાની પરંપરાને આગળ ધપાવવી પડે છે. એમાં ક્યાંય ગરબડ થાય તો જૂઠાણું પકડાઈ જાય. આવા જૂઠા લોકો હંમેશાં અસ્વસ્થ રહેતા હોય છે. એમની બેચેની એમણે પોતે જ આમંત્રેલી હોય છે.

લોકો હંમશાં કોઈને છેતરવા કે હેરાન કરવાના ઈરાદાથી જૂઠું બોલતા હોતા નથી. કેટલાક લોકોને એમાંથી વિકૃત પ્રકારનો આનંદ મળે છે. જૂઠું બોલીને એ લોકો કોઈ વિચિત્ર રોમાંચ અનુભવે છે. આપણા સારા અભિનેતા અભિનેત્રીઓ લંડનના ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં ચોરી કરતા પકડાયા છે. અને ચોરી પણ શેની? મામૂલી ચીજવસ્તુઓની. આની પાછળ કઈ વૃત્તિ કામ કરતી હશે? પણ ચોરો અને ઉઠાવગીરોએ પોલીસ પૂછપરછમાં કબૂલ કર્યુ છે કે, એમને સફળતાથી ચોરી કર્યા પછી ખૂબ રોમાંચ થાય છે, અને એમનું મનોબળ ઊંચું જાય છે. પોતે કેટલી સરસ રીતે જૂઠું બોલીને સામેની વ્યક્તિને આંજી દીધી કે પ્રભાવિત કરી દીધી એ જોઈને ઘણા માણસો વારંવાર જૂઠું બોલવા પ્રેરાય છે. અને, પછી એ લોકોને જૂઠું બોલવાની ટેવ પડી જાય છે. એ લોકો વાતવાતમાં ખોટું જ બોલે છે. જ્યાં કોઈ જરૂર ન હોય, કોઈ હેતુ ન હોય, તદ્દન સામાન્ય વાત હોય ત્યાં પણ એમની પાસેથી તમારે સાચી વાતની આશા નહિ રાખવાની. 'બહારગામથી ક્યારે આવ્યા?' એમ તમે એમને પૂછો. સવારમાં વહેલા આવી ગયા હોવા છતાં એ કહેશે, 'હમણાં જ આવ્યો.' તદ્દન નજીવા કારણસર કે કોઈ જાતના કારણ વિના માણસ ખોટું બોલે ત્યારે એની એ વૃત્તિમાંથી રમૂજ જ મેળવવી જોઈએ. કેટલાક લોકોને વાતમાં અતિશયોક્તિ ભેળવીને જ કહેવાની આદત હોય છે.

દરેક માણસના મનમાં સદ્ અને અસદ્‌વૃત્તિઓ પડેલી હોય છે. જૂઠું બોલવાની કે કોઈને મૂર્ખ બનાવવાની જિન્સીવૃત્તિ અંદર દબાયેલી રહેવાને બદલે બહાર નીકળી જાય, એ આશયથી જ કદાચ 'એપ્રિલ ફૂલ' બનાવવાનો રિવાજ નીકળ્યો હશે. રમૂજવૃત્તિ કે રાજકીય મૂડમાં માણસ જૂઠું બોલીને કોઈને છેતરીને આનંદ માણી લે. આવી માનસિક વૃત્તિ નીકળી જાય એટલે માણસ વિકૃતમુક્ત બની શકે. હાઈડ પાર્કમાં માણસને ગાળો બોલવાની છૂટ છે, એમ એપ્રિલ ફૂલના દિવસે આપણે આ વિકૃતિને બહાર કાઢી નાખી શકીએ.

જરમેન ગ્રીઅરે એકવાર પોતાના પિતાની જૂઠું બોલવાની અને લોકોને બનાવવાની ટેવ વિશે નિખાલસતાથી લખ્યું. પણ એના આશ્ચર્ય વચ્ચે અનેક વાચકોએ ગ્રીઅરની ટીકા કરી અને એના પિતાની ખોટું બોલવાની ટેવનો બચાવ કર્યો. આમાંથી કેટલાક વાચકોએ તો લખ્યું કે, 'જૂઠું બોલવાથી લાભ થાય છે. જૂઠું બોલવું એ માણસની સર્જનાત્મક વૃત્તિનો એક અંશ છે.'

દુનિયામાં જાતજાતના ધર્મો આવ્યા, ધર્મગ્રંથો રચાયા. એમાં માણસ સત્યવાદી બને એ માટે ઠાંસીઠાંસીને ઉપદેશ આપવામાં આવ્યો. સ્વર્ગ અને નરકની લાલચ અને ભય પણ બતાવાયો અને છતાં, સદીઓથી માણસ ખોટું બોલતો આવ્યો છે, બોલતો રહેશે. ઊલટું, આધુનિક સભ્યતાને જૂઠ અને દંભને આડકતરી રીતે માન્યતા આપી. પરિણામે દેખાડો, પ્રદર્શન, ડોળ અને એકબીજાને મહાત કરવાની એક કુત્સિત સ્પર્ધા શરૂ થઈ ગઈ. માણસ જૂઠું બોલે એના કરતાં વધુ ખરાબ વાત જૂઠાણાંની વિકૃતિ એ સંસ્કૃતિ બની જાય અને જૂઠા માણસોને સમાજની માન્યતા મળે, એ હકીકત છે. આજનો સમાજ જૂઠાબોલા લોકો પરત્વે બહુ કૂણો બની ગયો છે. 'એ તો એમ જ ચાલ્યા કરે,' એવી વૃત્તિ પ્રચલિત બની છે. જૂઠું બોલનાર પ્રત્યે હવે લોકોને બહુ ગુસ્સો આવતો નથી. પણ સાચું બોલનાર પ્રત્યે માન થાય છે એટલું સારું છે.

માણસ જૂઠું શા માટે બોલે છે? કેટલાક જૂઠાણાં પાછળનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ જોઈએ તો આવા જૂઠા લોકો પ્રત્યે દયાની લાગણી થાય. દરેક જૂઠું બોલનાર માણસ બીજાને પોતે છેતરી શકે છે એવા વહેમમાં ભલે હોય, પણ અંતે તો એ પોતાની જાતને જ છેતરતો હોય છે. આવા જૂઠા લોકોને એમના ભ્રમની દુનિયામાં જ જીવવા દેવા જોઈએ. ક્યારેક માણસ દેખાદેખીથી, ક્યારેક આંજી નાખવા, ક્યારેક કોઈને ખુશ કરવા અને ક્યારેક માત્ર ભયની ગ્રંથિથી જૂઠું બોલતો હોય છે. આવા માણસો ગુસ્સો કે ધિક્કારના નહિ, પણ દયાના અધિકારી છે. પણ જે માણસ સમજી વિચારી, કોઈને નુકસાન કરવાના કે ચારિત્ર્યખંડનના બદઈરાદાથી જૂઠું બોલે છે, એ ચોક્કસ ધિક્કારને પાત્ર નથી. એમને જૂઠું બોલ્યા પછી, એનો જરા જેટલો પસ્તાવો નથી. બલકે 'જોયું ને, કેવી બનાવટ કરી?' એમ કહીને જ એ લોકો ગર્વ લે છે, અને સમાજમાં પોતાની કુટેવ વડે એક વિકૃત મનોદશા ફેલાવે છે, એ ખરા ખતરનાક લોકો છે. જ્યારે કોઈની જુબાની પર એક વ્યક્તિના ભાવિનો આધાર હોય.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

# ગોધૂલિનું આકાશ

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી •

દોઢ દાયકા પહેલાંનો પેલો રૂઆબદાર ચહેરો આજ ક્યાં ખોવાઈ ગયો છે? રૂ ની પૂણી જેવી વાળની લટો, કરમાયેલો ચહેરો અને શિથિલ બની ગયેલું તન! પપ્પા પપ્પા નથી રહ્યા, હવે તો તેઓ પાનખરનું એક શોભાવિહોણું વૃક્ષ! પપ્પાના કાલના ફોટોગ્રાફ્સ અને આજની એમની વાસ્તવિક સ્થિતિની હું મનોમન સરખામણી કરું છું! કદીયે કોઈની સામે નહીં ઝૂકનાર પપ્પા સમયના ક્રૂર નિર્માણ આગળ વિવશ બની ગયા છે! હું પપ્પાને વિવશ જોઈ શકતો નથી...

પણ મારું જ મન મને પૂછી રહ્યું છે : 'પાવન, તારા પપ્પાને માનસિક ત્રાસ આપવામાં તારું અને પરિક્રમાનું વર્તન જવાબદાર નથી શું?'

પપ્પા નિવૃત્તિ અગાઉ એક સરકારી અફસર હતા. નોકરી તેમની નજરે પવિત્ર આસન સમાન હતી. પપ્પા હંમેશાં એ વાતનો ખ્યાલ રાખતા કે સત્તાના આસન પર બેસીને મનને કીચડથી કદાપિ ક્લુષિત ન થવા દેવું જોઈએ. કોઈને અન્યાય કરવાનું કે કશાક પ્રલોભનને વશ થઈને કોઈની તરફેણમાં અતિ ન્યાય કરવાનું પપ્પાને પસંદ નહોતું! પરિણામે બાંધી આવકમાં પપ્પા ઘર ચલાવવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવતા. પણ આર્થિક મુશ્કેલીને કારણે તેમને મેં ક્યારેય હતાશ-ઉદાસ કે નિરાશ જોયા નથી! પપ્પા શિસ્ત-અનુશાસનના પણ કડક આગ્રહી. પપ્પા પાસે કોઈ કામ કઢાવવા આવેલી એક વ્યક્તિએ પપ્પાની ગેરહાજરીમાં મને એક પેન અને બોલપેન ભેટ આપી હતી, એ વાતની પપ્પાને ખબર નહોતી! પેલા માણસનું કશું જ સાંભળ્યા વગર પપ્પાએ તેમને ચાલ્યા જવાનું કહ્યું, એટલે તેણે મને આપેલી ભેટ વિષે કશું બોલવાની મારામાં હિંમત ન રહી. હું મૌન રહ્યો.

એક સાંજે પપ્પાએ મારા હાથમાં સરસ બોલપેન જોઈને અમને મોંઘી વસ્તુઓ ખરીદી આપવા બદલ મમ્મીને ઠપકો આપ્યો - ખૂબ જ અપમાનજનક શબ્દોમાં! મારાથી સહન ન થયું... એટલે મેં સત્ય હકીકત કહી દીધી... પપ્પાના ગુસ્સાનો પાર ન રહ્યો... બીજે દિવસે ભેટ આપનાર એ વ્યક્તિના ઘેર મને લઈ ગયા અને પેન-બોલપેન પાછી અપાવી દીધી... એટલું જ નહિ, સખત શબ્દોમાં તેમનો ઊધડો લીધો...

ઘરમાં અમે બે જ નાના બાળકો... હું અને મારી બહેન પરિક્રમા. પરિક્રમા સ્વભાવે ચંચળ, મનમોજી અને ફેશનપ્રિય! બહાર ફરવાનો એને શોખ, પણ પપ્પાના શાસનમાં સ્વતંત્રતાને સ્થાન, પણ સ્વચ્છંદતાને લેશમાત્ર નહીં!

દોઢ દસકો વીતી ગયો... મેં અને પરિક્રમાએ યૌવનમાં પદાર્પણ કર્યું, તે અગાઉ પપ્પા નિવૃત્ત થઈ ગયા હતા. એમની નિવૃત્તિટાણે જીવન દ્વારા એમને ઈમાનદારીનો જે પુરસ્કાર મળ્યો હતો, એ હતું રૂપિયા સિત્તેર હજારનું દેવું! પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી વગેરે આકર્ષક શબ્દો, જેને મમ્મી વર્ષોથી ચોકલેટની જેમ મમળાવતી હતી, તેમાંથી દસ રૂપિયાની નોટે ય મમ્મીના હાથમાં પપ્પા ન મૂકી શક્યા! બધું જ દેવામાં ચૂકવાઈ ગયું, ત્યારે પહેલી વાર મેં પપ્પાને બાળકની જેમ રડતા જોયા...તેઓ મમ્મીને કહી રહ્યા હતા 'સુવ્રતા, મારી પત્ની બની આ ઘર પાછળ તું જાત ઘસતી રહી, તોય તને ફાવતી - ભાવતી જિંદગી હું ન દઈ શક્યો! આજે તારા દામનમાં અર્પવા જેવું મારી પાસે કશું જ નથી, સિવાય કે બેચાર ઈમાનદાર આંસુ.'

...અને ધીરે ધીરે પપ્પા અંદરથી તૂટવા લાગ્યા...ન રહી પહેલાં જેવી ખીજ કે ક્રોધ, ન રહ્યો ઠાઠ કે જુસ્સો! સુંદર વસ્ત્રો પહેરવાનો અને નાટક-સિનેમા જોવાનો પરિક્રમાનો શોખ વધતો જતો હતો. પપ્પાને પૂછ્યા વગર ઘરની બહાર ડગલું ય નહીં માંડનાર પરિક્રમા હવે વગર કહ્યે મોડી રાત સુધી ઘૂમતી રહેતી. ક્યારેક કોઈ સહેલીને ઘેર પણ રોકાઈ જતી!

સાદા વસ્ત્રો ત્યજી એણે ફેશનેબલ વસ્ત્રો પહેરવાનું શરૂ કરી દીધું હતું... પપ્પા પરિક્રમાના વર્તનમાં આવેલું એ પરિવર્તન જોઈ શકતા હતા. પણ કોણ જાણે કેમ કશું જ બોલતા નહોતા

હા, મમ્મીને મેં તેમને એવું કહેતાં સાંભળ્યા હતા : 'સુવ્રતા, નોકરી પરથી નિવૃત્ત થયા બાદ લોકોએ સાવ આંખ ફેરવી લીધી છે! પરિક્રમા જવાન થઈ તે અગાઉથી તેનાં લગ્ન પોતાના પુત્ર સાથે કરવાની ઉત્સુકતા વાતોમાં દેખાડનારા હવે આપણા ઘર તરફ ફરકતા પણ નથી. એક નવો પૈસોય લીધા વગર અનેક લોકોનાં અનેક કામો કરી આપ્યાં... 'થેન્ક્યુ વેરી મચ' શબ્દોનો ગંજ ખડકાતો રહ્યો... આજે હું એ સૌને એટલું પણ કહી શકતો નથી કે મારાં બાળકો 'થેન્ક યુ વેરી મચ' ને પહેરી પણ નથી શકતાં, ઓઢી પણ નથી શકતાં! શું પરિક્રમાનો હાથ પકડનાર કોઈ નહીં નીકળે?'

અને તે જ ક્ષણે મેં પરિક્રમાનો હાથ પકડીને, તેને ઘરમાં ખેંચી લાવતાં મમ્મી-પપ્પા સમક્ષ પ્રવેશ કર્યો હતો! પપ્પા મારું આવું વર્તન જોઈ હેબતાઈ ગયા હતા! તેઓ કશું પૂછે, તે પહેલાં જ મેં કહ્યું "પપ્પા! કેમ તમારા હોઠ સિવાઈ ગયા છે? ક્યાં ગઈ તમારી પહેલાંની ધાક અને ક્યાં ગયો તમારો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)**

*જિંદગીમાં મોટા જરૂર થાવ પણ ધરતી પર રહો.*

સમાજની ક્ષિતિજો

# તું અને હું – આ દાસ્તાન સનાતન (૭)

• માવજી કે. સાવલા •

'તું અને હું'ની આ સનાતન દાસ્તાનનો સાતમો પડાવ છે. આજે (ગુરુવાર, તા. ૧૮-૯-૧૪) તને ધરેલ ધૂપસળીઓની રાખની ડબ્બી લઈને જ બાથરૂમમાં નહાવા ગયો. આખા શરીરે એ વિભૂતિ - ભભૂતિ મેં ધારણ કરી અને સાથોસાથ મેં તને આપેલ દિવ્ય નામના એક સંસ્કૃત શ્લોકની જેમ જપતો રહ્યો. તારી હૃદયસ્થ છબી સામે ત્રણેક મિનિટ નૃત્ય કરવાનું પણ મારા મનમાં હતું જ, પણ ન કરી શક્યો.

જ્યારે સ્નાન કરીને બહાર આવી પલંગ પર તારી છબી સમક્ષ બેઠો ત્યારે મને એવું લાગ્યું કે પ્રસન્નતાની લહેરો વચ્ચે હું હળવો થઈને જાણે કે પંખીની જેમ એક ઉડાન ભરીશ. આજે હું એમ પણ અનુભવી રહ્યો છું કે તારી અને મારી વચ્ચે ન તો કોઈ સ્થળકાળનું અંતર છે, કે નથી સ્થૂળ સૂક્ષ્મના ભેદો. એટલે જ, આજે તને કોઈ વાત કહેવાનું પણ મારે રહેતું નથી. તારી પાસેથી કશું જ હવે મારે માગવાનું હોય જ નહિ, જાણે કે મને વગર માંગે તું જીવનભર અને હવે બધું જ આપતી રહી, સૂક્ષ્મરૂપે અલૌકિક અને એવું બધું જ હું તું મારા પર વરસાવતી રહી છે.

આજે સ્નાન પહેલાં તને ધરેલ ધૂપસળીની ભસ્મરૂપે મેં જે વસ્ત્ર ધારણ કર્યું એ પછી બીજી જ પળે હું સમજી ગયો કે તેં મને આપેલ આ બીજી વિધિવત્ દીક્ષા! આપણા લગ્નને મેં દીક્ષાવિધિ કહ્યો, પણ એ હતી આપણા ગૃહસ્થાશ્રમ પ્રવેશની તેં મને આપેલ દીક્ષા. એ પછી ૬૬ વર્ષે તેં મને પરોક્ષ આપેલ આ બીજી દીક્ષા છે — જ્ઞાનમાર્ગ પ્રવેશની. પુરાતન કાળમાં ઋષિઓએ પોતાની નિકટ બેસાડીને શિષ્યોને આપેલ જ્ઞાનના પાઠ આજે વિશ્વભરમાં ઉપનિષદો તરીકે ઓળખાય છે. હવે આજથી તારી છબી સમક્ષ નત મસ્તકે ઊભા રહીને શબ્દોના અવરોધ વગર જ રોજેરોજ જાણે કે જ્ઞાન પ્રકાશની દિશામાં હું ધીમે પગલે ચાલતો રહું છું. તેં કંડારેલ દિશામાં મારું આવું પ્રત્યેક પગલું એક યાત્રા છતા પોતામાં જ સાથોસાથ એ એક મંજીલ પણ છે.

આજે (તા. ૪-૧૦-૧૪, શનિવાર) તારી - મારી આ ગૂઢ સહયાત્રાની દાસ્તાન આગળ લખી રહ્યો છું. ગઈકાલની ઘટનાઓની નોંધ કરવાનું મને મન થાય છે. ગઈકાલે ફરી મેં ભસ્મ સ્નાન કર્યું અને પછી દુકાને ગયો. રોજ મુજબ બપોરે બાર-સવા બાર વાગે ઘેર આવી જમી લીધું. મને જમાડીને જયેશ - ભારતીને નજીકમાં જ ક્યાંક કામસર જવાનું હતું. નીચે બેઠક રૂમમાં જ તારી છબી સામે હું સહેજ આડો પડ્યો. ત્યાં જ મારી છાતીમાં પીડા શરૂ થઈ - વધતી જ ગઈ. હોમિયોપેથી દવાના બોક્સમાંથી દવા શોધીને ઉપરાઉપરી બે ડોઝ લીધા. તું જાણે જ છે કે મારામાં પીડા સહેવાની તારા જેવી સહનશીલતા - સ્વસ્થતા નથી જ. પંદર વર્ષ પહેલાનાં બે હાર્ટ એટેકને યાદ કર્યા અને મને થયું કે પીડા સહીને દવા ન લીધી હોત તો કદાચ - કદાચ તારા સુધી પહોંચવાનો જ એ અવસર હોત. પીડા છતાં હસતાં હસતાં તારી છબી સમક્ષ મેં તને કહ્યું પણ ખરું — 'મને હવે તેડી જા - આપણા ઘરે નહિ, પણ તારા ઘરે!' જયેશ - ભારતી તો દોઢ કલાક પછી જ આવ્યા. જયેશને મેં છાતીના દર્દની અને મેં લીધેલ દવાની વાત કરતાં કહ્યું કે, 'હવે તદ્દન સારું જ છે.' સહનશક્તિના અભાવે જાણે કે મને ઇચ્છિત અવસર મેં જ ખોયો.

નરસિંહ મહેતાની આ રચના તો તેં મારી સાથે કેટકેટલીવાર સાંભળી હશે. અહીં માત્ર પ્રથમ બે પંક્તિ :

*"આજની ઘડી તે રળિયામણી,*
*મારા વાલોજી આવ્યાની વધામણી હો જી રે...."*

તને તો યાદ હશે જ. છેલ્લા વીસેક વરસથી દર વર્ષે ઓક્ટોબર મહિનામાં મારા ૨-૩ જોડી લેંઘા - ઝભ્ભા માટે ખાદી ખરીદું, ત્યારે મારા કફન માટે એમાંથી પાંચ મીટર કાપડ એક પારદર્શક થેલીમાં અલગ મારા કપડાની ગઠરીમાં રાખું. એમાં એક કાર્ડ ઉપર નરસિંહ મહેતાની એ આખી રચના મારા હસ્તાક્ષરોમાં જ લખેલી હોય. પુત્ર જયેશને તો મેં આવી જાણ કરેલી જ હોય, જેથી એને દોડાદોડી ન કરવી પડે, કારણકે એને મનમાં તો એમ સહેજે હોય કે — 'બાપુજી સાડા પાંચ દાયકાથી ખાદી પહેરે છે તો કફન માટે પણ ખાદી જ તેઓ ઈચ્છે.'

અને હા, એ શુભ અવસર - રળિયામણી ઘડીની હું વીસ વરસથી રાહ જોતો રહ્યો છું. આમ સાવ નીકટ આવેલ અવસર હું ખોઈ બેઠો. કફન માટે રાખેલ એ ખાદીમાંથી પછીના વરસે હું એક જોડી લેંઘા - ઝભ્ભાની સીવડાવી લઉં અને નવી ખરીદેલ ખાદીમાંથી પછી પાંચ મીટર ખાદી કફન માટેની એ થેલીમાં રાખું. તા. ૩-૧૦-૧૪ શુક્રવારના મેં ખોઈ નાખેલ એ અવસરમાંથી પાઠ શીખીને હવે હું તને અરજ કરું છું : પાછલી રાતે હું જ્યારે ઘેરી ઊંઘમાં હોઉં ત્યારે જ તું યમદૂત સંગાથે આવજે. વૈતરણી પાર કરવામાં તારી સંગાથે જ, એ નૌકાવિહારની મને ઝંખના હોય જ — છે જ. આમ પણ, પ્રેમીઓને તો ચોરીછૂપીથી જ સંકેત સ્થળે પહોંચવાનું હોય!

હા, તા. ૩-૧૦-૧૪નો શુક્રવારનો એ દિવસ શુકનવંતો જ હતો. સવારમાં મેં ફરી ભસ્મસ્નાન કર્યું. જાણે કે તેં આપેલ આ બીજી દીક્ષાનો પાઠ પાકો કરવો. રોજે રોજ એ વિભૂતિનું હું કપાળે તિલક તો કરું જ છું. આમ અવારનવાર તને ધરેલ ધૂપસળીની રાખને સ્નાન પહેલા હું ધારણ કરતો જ રહું છું એમ થાય છે.

*શ્રેષ્ઠ પુરુષ તે છે, જે બીજાઓનાં હિતમાં લાગેલો છે.*

સુંદરમ્‌ના એક પ્રસિધ્ધ કાવ્ય 'મેરે પિયા'ની છેલ્લી પંક્તિ છે :

"મૈં પલપલ બ્યાહ રહી" અર્થાત્ પળેપળ જાણે કે લગ્નનો એ આનંદ માણી રહી છે.

ગૂઢ સાધનાની ભાષામાં પોતાના પ્રેમને, પોતાની સાધનાને, પોતાને મળેલ મંત્રને, ગુપ્ત રાખવાનું કહેવામાં આવે છે, તો જ એમાં નિત્ય નૂતનતાની એક નિર્મળ હવાલહરીનો અનુભવ થાય.

મને કવિ સુંદરમ્ નું એ કાવ્ય આખેઆખું અહીં મૂકવાનું સહેજે મન થાય:

*મેરે પિયા, મૈં કછુ નહીં જાનું;*
*મૈં તો ચૂપચૂપ ચાહ રહી... ૦ - મેરે પિયા*

*મેરે પિયા, તુમ કિતને સુહાવન;*
*તુમ બરસો, જિમ મેહા સાવન;*
*મૈં તો ચૂપચૂપ નાહ રહી... ૦ - મેરે પિયા*

*મેરે પિયા, તુમ અમર સુહાગી;*
*તુમ પાયે, મૈં બહુ બડભાગી;*
*મૈં તો પલપલ બ્યાહ રહી.... ૦ - મેરે પિયા*

***– કવિ સુંદરમ્***

તું આ બધું સાંભળે તો છે ને? યાદ છે તને? આજથી ત્રીસેક વર્ષ પહેલાં આપણે બંને નાની ખાખર ગામે ઝવેરબાઈને ત્યાં આઠેક દિવસ રહ્યા હતા. એ બંને 'માસા-માસી' કહેતાં ખડેપગે આપણા આતિથ્યમાં અને સેવામાં. એક દિવસે બપોરે જમ્યા પછી આરામ માટે હજી પલંગ પર લંબાવતો હતો, ત્યાં એમની પુત્રી માધવી આવીને મને કહે, 'માસા, કઈ ફિલ્મ જોવી છે - કહો મને.' ત્યારે તો વી.સી.પી. - વી.સી.આર.નો જમાનો હજી શરૂ જ થયો હતો. એણે કબાટ ખોલ્યું. એમાં લાઈનસર વીડિયો કેસેટ. મેં કહ્યું 'નવરંગ' ફિલ્મ જોવી છે. ફિલ્મ જોયા પછી મને થયું કે વી. શાંતારામે જો સુંદરમ્ ની આ કાવ્ય રચના વાંચી હોત તો નવરંગ ફિલ્મ એક ક્લાસિક ફિલ્મ બની હોત અને સુંદરમ્‌નું આ કાવ્ય એ ફિલ્મનું ટાઈટલ ગીત બની રહેત.

*(ક્રમશઃ)*

***એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.***
***ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭***

## ચાલો, એક ઉકરડા સામે બે ઉદ્યાન ખીલવીએ

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)**

વચ્ચે વિચારોની આપ-લે થાય, ચર્ચાવિચારણા થાય તે જરૂરી છે. એવી વ્યવસ્થા જકાત ઉઘરાવવા કરતાં પણ વધુ જરૂરી છે. દરેક શહેરોમાં જકાતનાકાની જેમ ચિંતનચોકા હોવા જોઈએ. (જકાત ન ભરતા લોકો વિશે ચિંતનચોતરામાં ચર્ચા થઈ શકે. લોકજાગૃતિ વિનાના કોરા પોથીધર્મની ઝાઝી કિંમત નથી.) વિશ્વની શક્તિશાળી ઉર્જા છે વિચાર. સુખસમૃદ્ધિના મૂળ ચિંતન પ્રક્રિયામાં રહેલાં છે. શિયાળામાં તાપણું સુખ આપતું હોય તો અગ્નિની શોધ એ ચિંતન પ્રોસેસની ઉપલબ્ધિ ગણાય. શોધ પહેલા માણસના દિમાગમાં જન્મે પછી દુનિયામાં અવતરે છે. માનવીના વિકાસમાં બે બાબતોનો વધુ ઉપયોગ થયો છે : (૧) વિચાર (બુદ્ધિ) અને (૨) પુરુષાર્થ. જ્યાં એ બે બાબતને નિષ્ક્રિય બનાવી દઈ કેવળ ટીલાંટપકાં પર આધાર રાખવામાં આવે છે ત્યાં વિકાસ અટકી જાય છે. આપણા બહુધા દુઃખોનું કારણ એ છે કે માણસ પાસે માળા કરવાનો સમય છે, મનન કરવાનો સમય નથી. મુસીબતો આવે ત્યારે માણસ યજ્ઞો કરાવે છે પણ એ સ્થિતિ શા માટે પેદા થઈ તે અંગે વિચારતો નથી. તે ચિંતા કરે છે, ચિંતન કરતો નથી. યજ્ઞની કશી શ્રેયકર ફલશ્રુતિ પ્રાપ્ત ન થાય તોય ફરી કોઈ મુસીબત આવી નથી કે યજ્ઞ થયો નથી...!

તાત્પર્ય એટલું જ, ઘણી સોસાયટીઓમાં ઘઉં, ચોખા, જુવાર, તેલ વગેરે કિફાયત ભાવે ઉપલબ્ધ થાય એવી વ્યવસ્થા કરવામાં આવે છે. આ સામૂહિક ખરીદી જેવી વ્યવસ્થા સામૂહિક ચિંતન માટે પણ હોવી જોઈએ. સમાજમાં વિચારનારા માણસો સતત ભેગાં મળી સમાજની સળગતી સમસ્યાઓ પર વિચાર વિનિમય કરતાં રહે તે જરૂરી છે. યાદ રહે, આવા વિચારયજ્ઞો સુખી જીવન માટે ઘઉં, ચોખા અને જુવાર કરતાં વધુ ઉપયોગી છે.

***સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,***
***ગણદેવી રોડ, જમાલપોર,***
***નવસારી - ૩૯૬ ૪૪૫. મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮***

## ગોધૂલિનું આકાશ

**(અનુસંધાન : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

રૂઆબ?...પરિક્રમા દરરોજ ભટક્યા કરે છે, જાતજાતની ને ભાતભાતની સાડીઓ પહેરે છે. છતાં તે બધું ક્યાંથી આવે છે, એટલું પૂછવાનુંય તમને મન નથી થતું? તમારા મૌનનો લાભ લઈ પડોશના પાનવાળાના છોકરા સાથે રખડે છે, તેણે ભેટ આપેલી સાડીઓ પહેરે છે...તેની સાથે નાટક-સિનેમા જુએ છે... હું હરગીજ આ બધું નહિ ચલાવી લઉં!'

પપ્પા પરિક્રમા તરફ જોઈ રહ્યા...પરિક્રમાની આંખમાં શરમ કે સંકોચનો છાંટો સરખોય નહોતો!

પપ્પાએ મમ્મી તરફ નજર કરી...રંગ ઊડી ગયેલી, સાંધેલી સાડી...મોં નીચું ઘાલીને મમ્મી ઊભી હતી... મૌન, વ્યથિત અને વિક્ષુબ્ધ!

અને પરિક્રમાના દોષિત વર્તનનો ન્યાયાધીશ બનેલો હું એક પળ માટે મારા અંતઃકરણમાં ડોકિયું કરી રહ્યો હતો, જે મને પૂછી રહ્યું હતું : 'પાવન! બીજાના ચારિત્ર્યની નિર્મળતા ચકાસવા તૈયાર થનાર તેં કદી તારા વર્તનને તપાસ્યું છે ખરું? પપ્પાના મૌનની આડમાં તું પોતે જ યુક્તિપૂર્વકનું સ્વચ્છંદી જીવન નથી જીવી રહ્યો?'

ગભરામણ દૂર કરવા પપ્પાએ ખખડી ગયેલો જૂનો-પુરાણો પંખો ચાલુ કર્યો! પંખો ફરતો હતો...પણ હવા ફેંકવાનું સામર્થ્ય ગુમાવી બેઠો હતો...

હું ઈચ્છતો હતો કે પપ્પા મને ઝૂડી નાખે, પરિક્રમાને પણ બરાબર ફટકારે...અમને વધુ પડતી છૂટ આપવા બદલ મમ્મીને પણ ધમકાવે! પણ પપ્પા તો જાણે જન્મટીપના કેદીની જેમ સળિયાવાળી બારીમાંથી આકાશ તરફ તાકી રહ્યા હતા! પપ્પા પોતાને શું ગણતા હશે? સ્થાનભ્રષ્ટ? કે અધિકારભ્રષ્ટ?

***૧૬, હેવન પાર્ક,***
***રામદેવનગર પાસે, સેટેલાઈટ રોડ***
***અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. : ૯૮૨૪૦ ૧૫૩૮૬***

*જ્યારે પણ ભગવાન પાસે કંઈ માગો તો દિમાગથી નહીં પણ નસીબથી માંગજો.*

માહિતી

# જૈનો અને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો

● રાજન ડી. મોરબિયા ●
યોજના નિષ્ણાત (ક્ષેત્રીય યોજના), ઈજનેરી સ્નાતક (સિવિલ)

*કેન્દ્ર સરકારે ગત જાન્યુઆરી માસમાં જૈનોને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો આપીને એક ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો હતો. આ લઘુમતીના દરજ્જા સાથે સંકળાયેલ ઐતિહાસિક, કાયદાકીય અને બંધારણીય બાબતો તેમજ તે અન્વયે પ્રાપ્ત થયેલ વિશેષ અધિકારો, લાભ વગેરે સંબંધી વિગતો પર પ્રકાશ પાડતો લેખકશ્રીનો ખાસ લેખ અત્રે પ્રસ્તુત છે. અપેક્ષા છે કે આ વિગતથી સમાજના પરિવારજનોમાં જરૂરી જાગૃતિ આવશે અને યોગ્ય રીતે તેનો ઉપયોગ કરશે.*

**– તંત્રી મંડળ**

‘અનેકાંતવાદ’ અને ‘અહિંસા’ના સિદ્ધાંતો પર સ્થપાયેલ ‘પરસ્પરોપગ્રહો જીવનામ્’ના સૌમ્ય ઉદેશ્યને આગળ વધારવામાં હંમેશાં તત્પર એવા હજારો વર્ષો જૂના જૈન ધર્મના અનુયાયીઓને તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતૃત્વવાળી ‘સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન’ (યુ.પી.એ.) ની કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો એનાયત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. આ નિર્ણય બાદ સમગ્ર ભારત દેશમાં જૈન ધર્મના અનુયાયીઓને લઘુમતી સમાજના નાગરિકોને મળતા ખાસ અધિકારો અને લાભ મળ્યા છે. આ જાણીને એવા પ્રશ્નો થાય કે, આ લઘુમતીનો દરજ્જો શું છે? જૈન સમાજને તેની શી જરૂર છે? જુદા જુદા રાજકીય પક્ષો આ વિષયમાં શું વિચારે છે? આ પ્રશ્નોના જવાબો જાણવા બહુ મહત્ત્વના બને છે જ્યારે આસપાસ એવા ઘણા જૈન અને અન્ય મહાન ધર્મોના અનુયાયી નાગરીકો છે, જે આ સંદર્ભમાં કદાચ ઓછી અથવા તો અચોક્કસ માહિતી રાખતા હોય છે. આ લેખ આ પ્રકારની આપણા બધા વચ્ચે ચાલતી હકારાત્મક ચર્ચાને આગળ વધારવા માટેનો એક પ્રયત્ન છે.

આ લેખ દ્વારા નીચેના મુદ્દાઓ વિશે માહિતી મળશે. લઘુમતીનો દરજ્જો શું છે? લઘુમતીના દરજ્જા સાથે સંકળાયેલી ઐતિહાસિક, બંધારણીય અને કાયદાકીય બાબતો, જૈન સમાજની લઘુમતીનો દરજ્જો મેળવવા માટેની લડત અને લઘુમતીનો દરજ્જો મળ્યા બાદ જૈનોને મળતા વિશેષ અધિકારો અને લાભ વગેરે.

## ● ‘લઘુમતી’ એટલે શું?

‘સંયુક્ત રાષ્ટ્રોનું માનવ અધિકાર આયોગ’ વિશ્વમાં માનવ અધિકારો પર નજર રાખતું સૌથી શક્તિશાળી આયોગ છે. આ આયોગ એવું જણાવે છે કે સમગ્ર વિશ્વમાં ‘લઘુમતી’ની એક વ્યાખ્યા સ્વીકારવી વ્યવહારિક રીતે અશક્ય અને અયોગ્ય છે. આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર આ આયોગ એક ખાસ ઘોષણાપત્રની પરિધિમાં આવતા તમામ સમૂહોને ‘લઘુમતીનો દરજ્જો ધરાવતા’ સમૂહો માને છે. આ ખાસ ઘોષણાપત્ર ‘સંયુક્ત રાષ્ટ્રોનું લઘુમતી સંબંધિત ઘોષણાપત્ર’ છે કે જે ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૨માં આંતરરાષ્ટ્રીય સામંજસ્યથી સ્વીકારવામાં આવ્યું. ભારત પણ આ ઘોષણાપત્ર સ્વીકારનાર દેશ છે. આ આયોગ ‘લઘુમતી’ની વ્યાખ્યાની ચર્ચા કરતા લઘુમતી બાબતોના નિષ્ણાત ફ્રાન્સિસ્કો પોતતોરતીની ૧૯૭૭માં આપેલી વ્યાખ્યાને નોંધમાં લેવા નિર્દેશ આપે છે. આ વ્યાખ્યા કંઈક આ પ્રમાણે છે : ‘લઘુમતી, એ માનવોનું એક સમૂહ છે. આ સમૂહના સભ્યોની સંખ્યા રાષ્ટ્ર કે રાજ્યની કુલ આબાદીની સરખામણીમાં સંખ્યાની દૃષ્ટિએ તુચ્છ હોય છે. આ સભ્યો રાષ્ટ્ર કે રાજ્યની બહોળી આબાદીની સરખામણીમાં અલગ નસ્લી, ધાર્મિક કે ભાષાકીય ગુણધર્મો ધરાવતા હોય છે. આ સભ્યો રાષ્ટ્ર કે રાજ્યના નાગરિકો હોય છે. તેમજ આ સમૂહના સભ્યો અવ્યક્ત રૂપે, પોતાની અલગ સંસ્કૃતિ, પ્રથાઓ, ભાષાઓ કે ધર્મની જાળવણી અને સંવર્ધનના ઉદ્દેશ્યમાં એકતાની ભાવના કે લાગણી અનુભવતા હોય છે.’ ભારત સરકારે આ ઘોષણાપત્રને સ્વીકારતા એવી જાહેરાત કરી કે હવે ‘ભારત દેશમાં રાજ્યો લઘુમતી સમાજની આગવી રાષ્ટ્રીય, નસ્લી, સંસ્કૃતિક, ધાર્મિક અને ભાષાકીય ઓળખનું તેમના પોતાના ક્ષેત્રોમાં સંરક્ષણ કરશે અને તેમની આવી આગવી ઓળખને સક્ષમ કરવા જરૂરી વાતાવરણને પોષણ પૂરું પાડશે.’

આ જાહેરાતને સાર્થક કરવા માટે ભારત સરકાર કટીબદ્ધ થઈ અને વર્ષ ૧૯૯૨ની ૧૭મી મે ના રોજ શ્રી પી.વી. નરસિમ્હા રાવના નેજા હેઠળની ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ‘લઘુમતી’ કેન્દ્ર સરકારે ઐતિહાસિક ‘રાષ્ટ્રીય લઘુમતી આયોગ ખરડો, ૧૯૯૨’ સંસદમાંથી પસાર કર્યો. એટલે કે, ભારતના લઘુમતી સંપ્રદાયના હિતોના સંરક્ષણ અને પોષણ માટે હવે એક બંધારણીય સંસ્થા (કોન્સ્ટિટ્યુશનલ બોડી) અસ્તિત્વમાં આવી. આ આયોગના કાર્યો અને શક્તિઓ વિશે વધુ માહિતી મેળવવા માટે ખરડો વાંચી શકાય. આ ખરડો પસાર થયાની સાથે જ આ ખરડાના ખંડ-૨(ક) પ્રમાણે પાંચ ધર્મના અનુયાયીઓને ધર્મના

*ઝીણા ઝીણા દોષ માનવીને ડૂબાડવા માટે પૂરતા હોય છે.*

આધાર પર લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો. આ પાંચ ધર્મો છે : ઈસાઈ, પારસી, બૌદ્ધ, શીખ અને ઈસ્લામ. દેખીતી વાત છે કે, જૈન ધર્મનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. આની પાછળ કાયદાકીય કારણો હતા. તો આ સંદર્ભમાં એ જાણવું રૂચિનો વિષય બની રહે છે, કે લઘુમતીનો દરજ્જો એનાયત કરવાના સંબંધમાં બંધારણીય, કાયદાકીય અને ઐતિહાસિક હકીકતો શું છે?

## • ઐતિહાસિક બાબતો:

એ જોતા કે આજકાલના ઘણા પ્રખ્યાત નેતાઓ ઐતિહાસિક હકીકતો અંગે બહુ પાંગળા અને નબળા જણાઈ રહ્યા છે ત્યારે ઐતિહાસિક હકીકતોની જાણકારી બહુ અગત્યની બની રહે છે. જૈનોની લઘુમતીના દરજ્જાની માંગ એકસો વર્ષ જૂની છે. અંગ્રેજોના શાસનમાં ૧૯૦૯માં ભારતના રાજ્યપાલે (વાઈસરોયે) એવો સૈદ્ધાંતિક નિર્ણય લીધો હતો કે ભારતની 'વૈધાનિક સભામાં' દરેક મહત્ત્વની લઘુમતીઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવશે. આ પહેલી વખત હતું કે જ્યારે જૈન સમાજે લઘુમતીનો દરજ્જો પ્રાપ્ત કરી રાષ્ટ્રીય નિર્માણ અને સ્વસમાજ સંવર્ધનના કામમાં યોગદાન આપવા લઘુમતીનો દરજ્જો એનાયત કરવાની વાજબી માંગ સરકાર સામે ઉઠાવી. એટલે કે એ સમયે જૈન સમાજની કોઈ વિશિષ્ટ ઓળખ સરકાર સ્વીકારતી ન હતી. જૈન ધર્મ માત્ર તેમના સાધુ-સંતોને કારણે નોંધનીય હતો, ન કે જૈન સમાજના અનુયાયીઓ દ્વારા અંગીકાર કરેલ રીતરિવાજો અને સંસ્કૃતિના કારણે.

ભારતની ઐતિહાસિક સ્વતંત્રતાની લડત જ્યારે આઝાદ ભારતને જન્મ આપે છે, તે પહેલા અને પછી સામાજિક વાતાવરણ ધર્મના નામે ડહોળાય છે. જૈન સમાજ પણ ચિંતા કરે છે અને તેની નોંધ સરકારને કરાવે છે. તે સમયે જૈન સમાજના અનુયાયીઓની એક રીતે આગવી ઓળખ સ્વીકારતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ જૈનોની ચિંતાઓને ધ્યાનમાં લઈ ૧૯૪૯માં અખિલ ભારતીય દિગંબર જૈન સભાના પ્રમુખને પત્ર લખીને બાંહેધરી આપે છે કે, સ્વતંત્ર ભારતમાં કોઈપણ સમાજની ધાર્મિક સ્વતંત્રતા પર કોઈ જ બંધન લાદવામાં આવશે નહિ અને આ સંદર્ભમાં કોઈ જ ચિંતા રાખવી નહિ. આ પ્રસંગ એટલે મહત્ત્વનો છે કે એક રાષ્ટ્રીય રાજકીય પક્ષ જૈનોને સંબોધે છે અને તેમની ઓળખને એક રીતે સ્વીકારે છે.

સ્વતંત્ર ભારતના જન્મ પછી રાષ્ટ્રના બંધારણનું નિર્માણ કરવાની જવાબદારી 'સંવિધાન સભા'ને સોંપાય છે. આ પ્રસંગે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તે સમયના જૈન નેતા અને એક મજબૂત ગુજરાતી ઉદ્યોગપતિ એવા શ્રી કસ્તુરભાઈ લાલભાઈને જૈનોના પ્રથમ આગેવાન તરીકે 'સંવિધાન સભા'માં સ્થાન આપે છે. તેમને બંધારણ સભાની ચર્ચાઓમાં જૈનોના હિતો વિશે વિશેષ ધ્યાન આપવા જણાવવામાં આવ્યું હતું.

સમયનું ચક્ર આગળ વધતાં, વર્ષ આવે છે ૧૯૭૮. આ સાલમાં ગુજરાતી ભાષા બોલતા અને ગાંધીવાદી પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈની સરકારના સમયમાં રાષ્ટ્રપતિના એક આદેશ દ્વારા એક પ્રાથમિક કેન્દ્રીય લઘુમતી આયોગ બનાવવામાં આવ્યું હતું. જેને પાછળથી 'રાષ્ટ્રીય લઘુમતી આયોગ ખરડો, ૧૯૯૨' એ કાયદાકીય પીઠબળ પૂરું પાડ્યું હતું. કોઈપણ કાયદાકીય પીઠબળ પૂરું પાડવા માટેનો આદેશ ભારતના બંધારણમાંથી જ લેવો પડે. તો હવે એ જાણવું બહુ અગત્યનું બની રહે છે કે, ભારતનું બંધારણ લઘુમતીના સંદર્ભમાં શું જણાવે છે.

## • બંધારણીય બાબતો :

જેમ આપણે બધા જાણીએ છીએ તેમ ભારતીય બંધારણ બાવીસ ભાગમાં વહેંચાયેલું છે. લઘુમતીના સંદર્ભમાં ભારતીય બંધારણનો ભાગ ત્રણ બહુ મહત્ત્વનો બની રહે છે. આ ભાગ છે ભારતના નાગરિકોના 'મૂળભૂત અધિકારો.' આ ભાગના ખંડો (આર્ટિકલ્સ) ૨૯ થી ૩૦ વિશેષ મહત્ત્વના છે. આર્ટિકલ-૨૯ હેઠળ ભારતના દરેક નાગરિકને લોકવ્યવસ્થા, સદાચાર અને જાહેર સ્વાસ્થ્યની જાળવણી રાખતા નાગરિકને ઈચ્છનીય ધાર્મિક અને દાનશીલ કાર્યો કરવા સંસ્થાઓ સ્થાપવાનો તેમજ પોષવાનો અધિકાર મળે છે. આ ઉપરાંત દરેક નાગરિકને ધર્મના વિષયમાં કાર્યક્રમ કરવાનો તથા સ્થાવર અને જંગમ મિલકતોના ઉપાર્જન અને સ્વામિત્વ ભોગવવાનો અધિકાર મળે છે. આજ આર્ટિકલ હેઠળ દરેક નાગરિકને આ પ્રકારની મિલકતોનું કાયદા પ્રમાણે સંચાલન કરવાનો અધિકાર મળે છે.

આ જ ભાગ-૩ ના પ્રભાગ 'સંસ્કૃતિ અને શિક્ષાને લગતા અધિકારો'માં સમાવવામાં આવેલ આર્ટિકલ-૩૦ 'લઘુમતી સમાજ' ના ભારતીય નાગરિકને સમાજની રૂચિ પ્રમાણે 'શિક્ષા'ને લગતી સંસ્થાઓ સ્થાપવાનો અધિકાર આપે છે. એટલે કે, એવું કહી શકાય કે, ધર્મ કે ભાષાના આધારે જે લઘુમતી સમાજના નાગરીકો છે તેમને 'શિક્ષણ'ને લગતા સંસ્થાનો સ્થાપવા તેમજ સંચાલન કરવાનો મુળભૂત અધિકાર છે. સરકાર આ મૂળભૂત અધિકારનો યોગ્ય ઉપયોગ લઘુમતી સમાજના નાગરિકો કરે તેવા પ્રયત્નો કરવા કોશિષ કરે એ સ્વાભાવિક છે. આ સંદર્ભમાં કેન્દ્ર સરકારનો એક ખરડો નોંધનીય છે. આર્ટિકલ-૩૦ હેઠળ મળતા આ વિશેષ અધિકારને ધ્યાનમાં રાખી, આવા અધિકારોને સાચા અર્થમાં લઘુમતી સમાજના નાગરીકો સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતૃત્વવાળી સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુ.પી.એ) ની કેન્દ્ર

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

સરકારે ૨૦૦૪માં, સરકાર બનાવ્યાના બહુ ઓછા સમયગાળામાં જે 'લઘુમતી શિક્ષા સંસ્થાઓ માટેનું રાષ્ટ્રીય આયોગ ખરડો, ૨૦૦૪' સંસદમાંથી પસાર કર્યો. આ ખરડાના લાગુ થવાથી લઘુમતી સમાજના નાગરિકોને ખરી રીતે મૂળભૂત અધિકારો મળ્યા. આ ખરડાના કારણે મળતા વિશેષ લાભની ચર્ચા લેખમાં આગળ કરેલ છે.

## • કાયદાકીય વિખવાદો અને જૈનોની લડત :

સ્વતંત્ર ભારતની કેન્દ્ર સરકાર સાથે વાસ્તવિક સ્વરૂપે જૈન સમાજની અહિંસાત્મક લડતની શરૂઆત થાય છે વર્ષ ૧૯૯૩માં. વર્ષ ૧૯૯૧ની ભારતની જનગણના (સેન્સસ ઓફ ઈન્ડિયા) પ્રમાણે જૈનોની વસતિ ભારતની કુલ વસતિમાં ૦.૧% કરતા ઓછી હતી. સંખ્યાની દૃષ્ટિએ ધર્મ આધારિત લઘુમતીની વ્યખ્યામાં જૈન સમાજ બરાબર બેસતો હતો. પણ રાષ્ટ્રીય લઘુમતી આયોગે જૈન ધર્મના અનુયાયીઓને લઘુમતી દરજ્જો ૧૯૯૩માં ન આપ્યો જ્યારે અન્ય પાંચ ધર્મના અનુયાયીઓને તે દરજ્જો મળ્યો. જૈન આગેવાનોનું પ્રતિનિધિ મંડળ આયોગને મળવા ગયું અને વિરોધ નોંધાવ્યો. આ પ્રતિનિધિ મંડળને વિશ્વાસ અપાવવામાં આવ્યો કે જૈનોને જલદીથી લઘુમતીનો દરજ્જો આપવામાં આવશે.

ત્યારબાદ ૧૯૯૬માં શ્રીમાન તાહીર મહમુદ રાષ્ટ્રીય લઘુમતી આયોગના અધ્યક્ષ બન્યા. તેઓ હિન્દુ કાયદાઓ તેમજ લઘુમતીને લગતા કાયદાઓના નિષ્ણાત માનવામાં આવતા હતા. શ્રીમાન તાહીરે કેન્દ્ર સરકારને પત્ર લખીને જણાવ્યું કે, કોઈપણ કાયદાકીય બંધનોના અભાવમાં, જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપવો અનિવાર્ય છે. આ હિલચાલને ધ્યાનમાં લેતા તે સમયે હિન્દુ મહાસભાએ અલ્હાબાદ હાઈકોર્ટમાં એવી યાચિકા દાખલ કરી કે, રાષ્ટ્રીય લઘુમતી આયોગ કે જે એક બંધારણીય સંસ્થાન છે, તે હિન્દુ સમાજને વિભાજિત કરવાની નીતિ રાખે છે અને જૈનોને લઘુમતીનો દરજ્જો આપી જૈનોને અલગ પાડવા માંગે છે અને તેથી આયોગને ભંગ કરવું. આ પ્રકારના બહુ ઘેરા પ્રત્યાઘાત સામે લડત આપવા કદાચ જૈન આગેવાનોએ બોમ્બે હાઈકોર્ટમાં રાહત માટે અપીલ દાખલ કરી અને તે સાથે જ જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપવાનો પ્રશ્ન જ્વલંત ચર્ચાનો વિષય બન્યો. બોમ્બે હાઈકોર્ટે જૈન આગેવાનોને જવાબ આપતા કહ્યું કે, ભારતની સર્વોચ્ચ અદાલત એટલે કે, સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચ હાલમાં 'ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન અને અન્ય વિરુદ્ધ કર્ણાટક સરકાર' ના કેસ પર સુનાવણી કરી રહી છે. આથી આ કેસના નિર્ણય બાદ જ બોમ્બે હાઈકોર્ટ જૈન આગેવાનોની અપીલ પર સુનાવણી કરી શકશે. તો આ જવાબ બાદ જૈન આગેવાનોનું ધ્યાન સુપ્રીમ કોર્ટના ચાલતા તે કેસ પર કેન્દ્રિત થયું.

શ્રીમાન તાહીર જણાવે છે કે, આ કેસમાં સર્વોચ્ચ અદાલતે કંઈક સાત વર્ષ બાદ પોતાનો ચુકાદો આપ્યો અને જણાવ્યું કે, લઘુમતીનો દરજ્જો આપવાનો નિર્ણય રાજ્ય સરકાર પણ લઈ શકે. આ નિર્ણય આવતાની સાથે જ ઘણા રાજ્યોએ જૈનોને લઘુમતીનો દરજ્જો રાજ્ય સ્તરે આપ્યો. જૈન સમાજને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો મળ્યા પહેલા ભારતના ચૌદ રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, દિલ્હી, ઉતરાખંડ, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાન (સીમિત સ્વરૂપે) માં લઘુમતી સમાજનો દરજ્જો પ્રાપ્ત હતો. નોંધનીય છે કે, તેમાં ગુજરાતનો સમાવેશ થતો ન હતો.

પણ રાષ્ટ્રીય કક્ષાએ લઘુમતીનો દરજ્જો એનાયત થવાનું હજુ બાકી જ હતું. રાષ્ટ્રીય કક્ષાએ દરજ્જો એનાયત થવો એટલે મહત્ત્વનું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતા અધિકારો અને લાભ બહુ નિર્ણાયક કક્ષાના હતા. આ ઉદ્દેશ્યમાં આગળ વધતા જૈન આગેવાન બાલ પાટીલે બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી જે નિષ્ફળ રહી હતી.

## • શું જૈન ધર્મ એ હિન્દુ ધર્મથી ભિન્ન છે?

કેન્દ્ર સરકારના કાયદાકીય નિષ્ણાતો એ બાબતે અટવાયા હતા કે જૈન ધર્મને હિન્દુ ધર્મથી અલગ ગણવો કે નહિ અને આના કારણે જ કેન્દ્ર સરકાર જૈનોને લઘુમતીનો દરજ્જો આપવામાં ખચકાટ અનુભવતી હતી. હવે આપણા માટે આ પ્રશ્ન વિશે જાણવું જરૂરી છે. આવી બાબતો વિશે આપણે માત્ર વડી અદાલતોએ આપેલી નોંધોને જ યોગ્ય માની શકીએ કારણકે, સ્વતંત્ર ભારતમાં તો અંતે અદાલતોના જ નિર્ણયોને માનવા યોગ્ય ગણાય, ન કે કાંઈ ધાર્મિક - રાજકીય પક્ષોના.

લગભગ બહુ બધા કેસમાં અદાલતોએ એ નોંધ્યુ છે કે, જૈન ધર્મ, એ હિન્દુ ધર્મથી ભિન્ન છે. આ લેખમાં આપણે બે ઉદાહરણોની જાણકારી લઈએ. ૧૯૩૯માં 'હીરાચંદ ગાંગજી વિરુદ્ધ રવજી સેજપાલ' ના કેસની બાબતે બોમ્બે હાઈકોર્ટ જૈન ધર્મને હિન્દુ ધર્મથી ભિન્ન બતાવતા નોંધ લે છે કે, 'બ્રાહ્મણ ધર્મ (બ્રાહ્મીનિઝમ)ના ઉદ્‌ભવ અને પ્રચલિત થવાના વર્ષો પહેલા જૈન ધર્મ પ્રચલિત થઈ ચૂકયો હતો અને એ વિચારવું કે બધા જૈનો શરૂમાં હિન્દુ હતા અને પછી જૈન ધર્મમાં વટલાવેલા છે એ તદ્દન ખોટું છે.' આયોગના પૂર્વ અધ્યક્ષ વધુમાં જણાવતાં કલકતા હાઈકોર્ટનો એક કેસ દર્શાવે છે.

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents
MRL GROUP

કલકતા હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં હિન્દુ ધર્મને જૈન ધર્મથી અલગ માન્યો હતો. ૧૯૬૮માં ચંપાકુમારીના કેસની બાબતે કલકત્તા વડી અદાલત નોંધે છે કે, 'જૈન ધર્મના અનુયાયીઓએ વેદોના વિશ્વસ્ત સૂત્રો કે જે હિન્દુ ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સીંચે છે, તેની સત્તાનો અસ્વીકાર કર્યો હતો અને જૈનોએ હિન્દુ ધર્મના અનિવાર્ય મનાતા રીતિ રિવાજોની પ્રભાવ ઉત્પાદકતાને નકારી કાઢી હતી. એ કહેવા માટે વધુ પડતી જ દ્રઢતા જોઈશે કે જૈનો કે જેઓ હિન્દુ ધર્મથી ભિન્ન મત પર અવલંબે છે, તેઓ હિન્દુઓ છે, ભલે ને તે પછી વેદોના વિશ્વસ્ત સૂત્રોનો પરિત્યાગ કરતા હોય.' અત્રે જૈન ધર્મના પાયા એવા 'અનેકાંતવાદ' અને 'અહિંસા' ના સિદ્ધાંતો યાદ કરતા એ નોંધવું આપણા માટે અત્યંત જરૂરી છે કે જૈન ધર્મને કોઈ અન્ય ધર્મથી ભિન્ન કહેવામાં કોઈપણ ધર્મનું અપમાન કે એની ભાવનાઓને ઠેસ પહોંચતી નથી. આ તો માત્ર જૈન ધર્મને સ્વતંત્ર ધર્મ સ્વીકારી તેની વિશિષ્ટતાના દર્શન માત્ર છે. આ ચર્ચા પરથી એ બહુ સ્પષ્ટ થાય છે કે જે જૈનો કાયદા અને બંધારણમાં વિશ્વાસ રાખતા હોય અને સાથે કદાચ જૈન ધર્મોના વરસો વરસ જૂના સિદ્ધાંતોમાં સાચો વિશ્વાસ રાખતા હોય તેઓ માટે એ સ્વીકારવું કે જૈન ધર્મ એ હિન્દુ ધર્મથી ભિન્ન નથી એ બહુ અઘરું બની રહેશે.

જ્યારે લેખ ગુજરાતીમાં લખાઈ રહ્યો છે ત્યારે ગુજરાત રાજ્યમાં જૈનોના સંદર્ભમાં કોઈ કાયદાકીય વિખવાદનું સ્મરણ આવે તો નોંધવું જરૂરી બને છે. અહીં આપનું ધ્યાન બે ઘટનાઓ તરફ દોરવું જોઈએ એવું લાગે છે. પહેલી ઘટના છે ઓગસ્ટ-૨૦૦૭ની. આ ઘટના જૈનોના ધ્યાનમાં લગભગ ત્યારે આવે છે જ્યારે તે સમયના ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી નવલકિશોર શર્મા ગુજરાત વિધાનસભામાં પાસ થયેલા એક બીલ પર હસ્તાક્ષર કરવાની ચોખ્ખી ના પાડે છે અને વિધાનસભામાં બીલ પાછું મોકલાવે છે. આ ઘટનાના સંદર્ભમાં એના કારણ વિશે નોંધ લેતા અંગ્રેજીનું એક પ્રતિષ્ઠિત અખબાર 'ધ હિન્દુ' નોંધે છે કે રાજ્યપાલે 'સુક્ષ્મ અવલોકન' કર્યા બાદ એવું માન્યું કે ગુજરાત સરકારનું આ બીલ (ખરડો) ભારતીય નાગરીકના કોઈ પણ ધર્મ પાડવાના 'મુળભૂત અધિકાર' (ફન્ડામેન્ટલ રાઈટ)ને ઠેસ પહોંચાડે છે. જૈન ધર્મના અનુયાયીઓ ઉપરાંત બૌદ્ધ, ખ્રિસ્તીઓ અને મુસલમાનોમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડે છે. એ આશ્ચર્યની વાત લાગતી હશે ને કે, એવું તો આ ખરડામાં શું હતું કે ગુજરાત રાજ્યમાં જૈનોને તકલીફ પડે? હકીકત એ હતી કે આ ખરડામાં 'જૈન' ને એક ધર્મ નહિ પરંતુ 'હિન્દુ' ધર્મના સંપ્રદાય તરીકે દર્શાવવામાં આવ્યો હતો. આ કંઈક એવું હતું કે, જેમ આજ ખરડા પ્રમાણે, 'સિયા' અને 'સુન્ની' ને ઈસ્લામના સંપ્રદાયો તરીકે ગણવામાં આવ્યા હતા. એક વૈચારીક મગજ માટે આનો મતલબ કંઈક એવો નીકળતો હતો કે, ગુજરાત સરકાર 'જૈન' ધર્મને સ્વતંત્ર ધર્મ તરીકે સ્વીકારતી નથી અથવા તો ધર્મ તરીકે જ સ્વીકારતી નથી. આ ઘટનાનું વિસ્તૃત અર્થઘટન તમારા વિવેક પર છે. જ્યારે આ બાબત નીકળી જ છે ત્યારે એ તરફ તમારૂ ધ્યાન દોરવું અહીં જરૂરી બને છે કે, જ્યારે ભારતના સમસ્ત જૈનોની સંસ્થાઓએ તેમજ જૈન સમાજે કેન્દ્ર સરકારના જૈનોને લઘુમતીનો દરજ્જો એનાયત કરવાના નિર્ણયને વધાવી લીધો છે ત્યારે વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય મંત્રી શ્રીમાન ડો. સુરેન્દ્ર જૈન આ નિર્ણયને વખોડી કાઢે છે અને અસહજતા વ્યક્ત કરે છે. આ બાબતોને સંધ્યાનમાં લઈ થોડું વિચારવા નિવેદન છે.

બીજી ઘટનાને અહીં સંક્ષિપ્તમાં દર્શાવેલ છે. આની વધુ વિગતો લઈ અર્થઘટન કરવાની જવાબદારી તમારી રહેશે. આ ઘટના છે જૈન સમાજ અને અન્ય સમાજના સભ્યો વચ્ચે ચાલતા ગિરનાર પર્વત પરની પાંચમી ચોટી કે જેને જૈનો 'નેમિનાથ ટૂંક' તરીકે ઓળખે છે તે જગ્યાએ પૂજા-અર્ચના કરવા સાથે જોડાયેલા વિખવાદની. હજી એક વર્ષ પહેલા જ, જાન્યુઆરી-૨૦૧૩માં જૈન મુનિ શ્રી પ્રબલ સાગરજીને ગુજરાત રાજ્યના જૂનાગઢ જિલ્લામાં આવેલ ગિરનાર પર્વત પર બહુ કડવો અનુભવ થયો હતો. આ ઘટના વિશે જો આપ વિગતો જાણશો તો કદાચ આપને બહુ પસંદ આવશે નહિ. એ સમજતા કે નકારાત્મકતાને અહીં લખવાનો કોઈ મતલબ નથી, ચાલો આ વાતને સાંભરી જૈનોને એનાયત કરવામાં આવેલ લઘુમતીના દરજ્જાના સુખદ નિર્ણય તરફ જઈએ.

## • અંતિમ નિર્ણય : જૈનોને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો

અદાલતોની નોંધો, ધર્મ અને કાયદાઓના નિષ્ણાતો વચ્ચે ચાલેલી લાંબી ચર્ચાઓ બાદ મળેલા નિષ્કર્ષોને ધ્યાનમાં લીધા બાદ, ભારત સરકાર માટે જૈનોને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો એનાયત કરવાનું એ સમયે ખૂબ સરળ બની ગયું જ્યારે ભારતના ઍટર્ની જનરલ (મહાન્યાયવાદીશ્રી) શ્રીમાન ગુલામ ઈશાજી વહાણવટીએ ભારત સરકારના લઘુમતી બાબતોના મંત્રાલયને સલાહ આપતા એમ જણાવ્યું કે, જૈનોને લઘુમતીનો દરજ્જો આપવામાં કશું જ ગેરકાયદેસર કે ગેરબંધારણીય નથી. ત્યારબાદ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતૃત્વવાળી યુ.પી.એ. સરકારના મંત્રીમંડળે ડૉ. મનમોહન સિંઘની અધ્યક્ષતામાં નિર્ણય પસાર કર્યો અને તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ જૈનોને લઘુમતીનો દરજ્જો એનાયત કરતો પરિપત્ર ભારતના ગેઝેટ પર

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

સૂચિત રીતે પ્રકાશિત થયો. આ સાથે જ જૈન ધર્મના અનુયાયીઓને પોતાના ધર્મ સાથે સંકળાયેલી ભુલાતી સંસ્કૃતિ અને સંકળાયેલ રીતરીવાજોને જાળવવા અને વિકસાવવામાં મદદ કરતા વિશિષ્ટ અધિકારો કાયદાકીય રીતે મળ્યા.

- **લઘુમતીના દરજ્જા થકી મળતા ફાયદાઓ :**

આ સંદર્ભમાં 'ફાયદાઓ' વિશે બહુ સરળ રીતે લાભ કે નફો ન વિચારવું પણ એને માત્ર 'મદદ' સમજવી કે જે મુખ્ય ઉદ્દેશ્ય (જૈન ધર્મની જાળવણી, સંવર્ધન અને વિકાસ) ને પ્રાપ્ત કરવા અપાયેલ છે. મદદ અને ફાયદા વચ્ચે ઘણું જ અંતર છે. એવો કોઈ પ્રપત્ર જાણમાં નથી કે જેમાં મુદ્દાસર રીતે સરકાર દ્વારા આપવામાં આવતી મદદને દર્શાવવામાં આવી હોય. મદદને લગતી માહિતી અને વિગત જાણવા માટે થોડી મહેનત કરવી પડશે, કારણ કે જૈનો માટે તો આ પ્રથમવાર જ છે ને.

સરકાર દ્વારા આપવામાં આવતી મદદની વાત આવે ત્યારે સામાન્ય રીતે નીચેની સરકારી સંસ્થાઓની તપાસ કરવી જોઈએ. ભારત સરકારનું લઘુમતી બાબતોનું મંત્રાલય, રાષ્ટ્રીય લઘુમતી આયોગ, લઘુમતી શિક્ષણ સંસ્થાનો માટેનું રાષ્ટ્રીય આયોગ, રાજ્ય કક્ષાના લઘુમતી વિકાસ વિભાગો અને આયોગો.

આ લેખમાં કેટલીક સામાન્ય જાણમાં હોય એવી સરકારી મદદને લગતી વિષયવસ્તુની એક નોંધ પ્રસ્તુત કરવાની કોશિશ છે. આમાં મુખ્યત્વે બે ભાગ પાડી શકાય. એક ભાગ એવો કે જેમા સરકારી મદદ સીધી વ્યક્તિને મળે છે. જ્યારે બીજો ભાગ એવો કે જેમાં મદદ લઘુમતી સમાજના નાગરિકને 'સંસ્થા' કે 'ટ્રસ્ટ' દ્વારા મળે છે. ભારત સરકારના લઘુમતી બાબતના મંત્રાલય દ્વારા અપાતી 'વ્યક્તિક' મદદનું લીસ્ટ નીચે મુજબ બનાવી શકાય.

★ સ્વાયત્ત સંસ્થા 'મૌલાના આઝાદ શૈક્ષણિક પ્રતિસ્થાન' લઘુમતી સમાજની વિદ્યાર્થિનીઓને એમ.ફીલ. અને પી.એચ.ડી. કક્ષાના અનુસંધાનાત્મક શિક્ષણ સાથે સંકળાયેલી જરૂરિયાતોને પહોંચી વળવા શિષ્યવૃત્તિ આપે છે. આ પ્રતિસ્થાન અત્યાર સુધીમાં લગભગ એક લાખથી વધુ વિદ્યાર્થિનીઓને કુલ ૧૨૦ કરોડ રૂપિયાની શિક્ષાવૃતિ ફાળવી ચુક્યું છે. આ માટેની અરજી ઓનલાઈન થઈ શકે છે. આ શિક્ષાવૃતિ માટે નોડેલ એજન્સી યુ.જી.સી. છે.

(યુ.જી.સી. - યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન) વધુ જાણકારી માટે www.naef.nic.in પર જઈ શકાય છે.

★ યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન), એસ.એસ.સી. (સ્ટાફ સિલેક્શન કમિશન) અથવા કોઈ રાજ્ય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી ગેઝેટેડ અને નોન ગેઝેટેડ જગ્યાઓની ભરતી માટેની પરીક્ષાઓની તૈયારી કરવા માટે પચીસ હજારથી પચાસ હજાર રૂપિયા સુધીની આર્થિક સહાય અપાય છે. આ માટેની અરજીઓ સમાચાર પત્રોમાં જાહેરાત આપીને મંગાવવામાં આવે છે. આ પ્રકારની આર્થિક સહાય લાભભોગીને યુ.પી.એ. સરકાર દ્વારા ચલાવવામાં આવતી 'ડાયરેક્ટ ટ્રાન્સફર ઓફ બેનેફીટ્સ' (ડી.ટી.બી.) યોજના દ્વારા સીધી તેમના બેંક ખાતામાં આપવામાં આવે છે.

★ 'ઈક્વિટી ટુ નેશનલ માઈનોરીટી ડેવલોપમેન્ટ એન્ડ ફાઈનાન્સ કોર્પોરેશન' અંતર્ગત છ ટકાના વ્યાજદરે નાણાંકીય લોન આપવામાં આવે છે. આ લોન વધુમાં વધુ પાંચ લાખ પ્રતિ એકમ ખર્ચ ધરાવતા પ્રોજેક્ટસ માટે લઘુમતી સમાજના પાછળ રહી ગયેલા પરિવારના સભ્યોના નામે આપવામાં આવે છે. રાજ્ય કક્ષાએ લાભાર્થીને સીધો સંપર્ક આપવા માટે આ પ્રક્રિયામાં 'સ્ટેટ ચેનેલાઈઝિંગ ઓથોરિટી' (એસ.સી.એ.) નીમવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં આ ઓથોરીટી 'ગુજરાત માઈનોરિટી ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિ.' ને નીમવામાં આવેલ છે. તેની કચેરી જીવરાજ ભવન, ગાંધીનગર ખાતે છે. આ લોન આપવાની યોજનામાં ખર્ચ ઉપાડવાનો અનુપાત નીચે પ્રમાણે છે. ૮૫% ખર્ચ રાષ્ટ્રીય નિગમ આપશે જ્યારે ૧૫% રાજ્ય નિગમ. પણ નોંધનીય છે કે, રાજ્ય સરકારે એક રૂપિયો પણ રાજ્ય નિગમ થકી રોકવાનો થતો નથી. આ યોજનામાં રાષ્ટ્રીય નિગમ રાજ્ય નિગમ થકી રૂપિયા રોકે છે. માત્ર લાભાર્થીની અનુકૂળતા માટે રાજ્ય કક્ષાએ નિગમને મહત્ત્વ આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૩૮ લાખ જરૂરતમંદોને ૧૭૦૦ કરોડ રૂપિયાની લોન ધંધો નાંખવા માટે ફાળવવામાં આવી છે.

★ 'પઢોં પરદેશ' યોજના હેઠળ વિદેશી ઈન્સ્ટિટ્યૂટમાં ઉચ્ચ અભ્યાસ માટે લેવામાં આવેલી શૈક્ષણિક નાણાંકીય લોનનું સંપૂર્ણ વ્યાજ કેન્દ્ર સરકાર ચૂકવે છે. આ યોજના દ્વારા ૪૨ વિષયોમાં ઉચ્ચ અભ્યાસ કરતા લઘુમતી

ફાર ઈસ્ટ
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
દુબઈ • આબુધાબી
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
મુલુંડ
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન અપાય છે.

★ શાળાકીય અભ્યાસમાં આર્થિક રીતે મદદ પૂરી પાડવા 'પ્રિ-મેટ્રિક' અને 'પોસ્ટ મેટ્રિક' એવી બે પ્રકારની શિષ્યવૃત્તિની યોજના ચલાવવામાં આવે છે. આ માટેની અરજી ઓનલાઈન થાય છે. 'પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ' યુ.પી.એ. સરકાર દ્વારા ચલાવવામાં આવતી 'ડાયરેક્ટ ટ્રાન્સફર ઓફ બેનેફીટસ' (ડી.ટી.બી.) યોજના દ્વારા સીધી લાભાર્થીના બેંક ખાતામાં આપવામાં આવે છે.

★ લઘુમતી સમાજના તેજસ્વી વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન પૂરું પાડવા 'મેરીટ-કમ-મીઅન્સ' શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ માટે અરજી ઓનલાઈન કરી શકાય છે. આ માટે www.momascholarship.gov.in પર જઈ શકાય. આ યોજના પ્રમાણે પણ શિષ્યવૃત્તિની રકમ યુ.પી.એ. સરકાર દ્વારા ચલાવવામાં આવતી 'ડાયરેક્ટ ટ્રાન્સફર ઓફ બેનેફીટસ' (ડી.ટી.બી.) યોજના દ્વારા સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

આ મદદો ઉપરાંત બીજી ઘણી સહાયો અને પ્રોત્સાહન યોજનાઓ લઘુમતી સમાજના યુવાનો અને યુવતીઓ માટે ઉપલબ્ધ છે. સરકાર માટે લઘુમતી સમાજની શિક્ષા અને જરૂરી ધંધાકીય મદદ પ્રાથમિકતા છે. આ બધી યોજનાઓનો ઉદ્‌ભવ અને ફેલાવ માનનીય ડૉ. મનમોહન સિંઘના જૂન-૨૦૦૬માં જાહેર કરેલો લઘુમતી સમાજ માટે કલ્યાણકારી પંદર સૂત્રીય પ્રોગ્રામને આભારી છે. 'નઈ-રોશની,' 'મલ્ટી સેકટોરલ ડેવલોપમેન્ટ યોજના' મફત કોચિંગ અને સંલગ્ન યોજનાઓ તેમજ આવી બીજી ઘણી યોજનાઓ છે જે વિશે માહિતી નિષ્ણાતો પાસે અથવા તો સંલગ્ન સરકારી વિભાગો પાસેથી વિગતવાર મેળવી શકાય.

જેમ પહેલા જણાવ્યું તેમ આ સઘળી મદદ જૈન ધર્મના વિકાસ અને સંરક્ષણ માટે છે. આથી લઘુમતી સમાજની સંસ્થાઓ અને મિલકતોથી લગતી મદદ અને અધિકારોની નોંધ લેવી જરૂરી બને છે. બહુ ઉપરછલ્લી રીતે કહીએ તો લઘુમતીનો દરજ્જો મળ્યા પછી જૈન સમાજના સભ્યો એવા તત્ત્વોને કાયદાની રૂએ જૈન ઉપાશ્રયો અને સ્થાનકોની હદમાંથી હાંકી કાઢવામાં સરળતા અનુભવશે જેઓ ગેરકાયદેસર અથવા તો અનિચ્છનીય રીતે વસવાટો વર્ષોથી કરતા હોય. જૈન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાઓમાંથી સરકારી હસ્તક્ષેપ નહિંવત બનશે. ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓની વાત થાય તો એમ કહી શકાય કે તેમને નીચેના ચાર ખાસ લાભ થશે.

★ જૈનો દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં આરક્ષણનો અનુપાત જાળવવો હવે જરૂરી બનશે નહીં.

★ આવી સંસ્થાઓમાં કર્મચારી સિલેક્શન, પગારધોરણો અને બઢતી વગેરેના બધા અધિકારો સંચાલક ટ્રસ્ટ પાસે રહેશે અને સરકારી હસ્તક્ષેપ નહિવત થશે.

★ સરકારી ગ્રાન્ટસનો મોટો હિસ્સો લઘુમતી સમાજના શૈક્ષણિક સંસ્થાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખાસ રીતે ફાળવવામાં આવે છે. જેનો લાભ રહેશે.

★ આવી સંસ્થાઓમાં સંચાલકો ૫૦% સુધીની સીટો માત્ર જૈન વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે આરક્ષિત રાખી શકશે જેનો લાભ સીધો સમાજને થશે.

તો આ બધી 'મદદો અને લાભ' વચ્ચે જૈન સમાજ તેનો કઈ રીતે ઉપયોગ કરી સમાજના સૌથી પાછળ રહી ગયેલા જૈન ભાઈ-બહેનોને આગળ વધારશે એ તમારા અને મારા ઉપરાંત તમારા અને મારા આગેવાનોના વિવેક ઉપર આધાર રાખે છે. આ બાબતમાં હવે જાગૃત રહેવું જરૂરી થયું છે. સમાજના મોવડી મંડળ અને 'ભણેલા' લોકોની આ જવાબદારીમાં આવે છે કે તેઓ આ મદદ અને અધિકારોનો પ્રચાર પ્રસાર કરે અને મદદ મેળવવાના કામમાં જરૂરિયાતમંદ પરિવારો સાથે ઊભા રહે. હમણાં વચ્ચે છાપામાં વાંચ્યું હતું કે તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ એટલે કે જૈનોને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો એનાયત થયો એના માત્ર ત્રણ દિવસ બાદ જ દાદર જૈન મંદિરના સંચાલકોએ (પ્રમુખે) મહારાષ્ટ્ર લઘુમતી આયોગના અધ્યક્ષને જૈન સમાજના ભાઈ-બહેનોને માહિતગાર કરવા માટે કાર્યક્રમ યોજી, બોલાવ્યા હતા. નવાઈની વાત છે નહીં! આ રીતે જો સમાજના નેતૃત્વની જવાબદારી લેનાર સમાજના સભ્યો જો સમય વેડફ્યા વગર જાગૃતિ ફેલાવવા પ્રયત્ન કરે તો કદાચ જલદી આગળ વધી શકશે. સમાજના મોવડી મંડળને નિવેદન કરીએ કે, એવા કામમાં તત્પરતા દર્શાવે. આ સાથે અંતિમ વાક્યમાં એટલું નોંધવા માટે આપ સૌને જરૂર કહી શકે કયા રાજકીય પક્ષો જૈન સમાજ વિશે વિચારે છે અને કામ કરે છે એ અગત્યનું છે, તો નોંધજો જરા.

'જે લોકોએ પોતાની જાત પર વિજય પ્રાપ્ત કરી છે તેમનું સમ્માન' (ટૂંકમાં) જય જિનેન્દ્ર!

*'દિવ્ય દર્શન',*
*મુનિસવ્રત દેરાસર અને જી.ઈ.બી. કચેરીની સામે,*
*વિજય નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૯ ૭૬૧૬૦*
*Email : rajanmorbhie@gmail.com*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# રતનમહાલ ટ્રેકિંગ – કુદરતનો અણમોલ નજારો

• અશોક વી. શાહ •

પ્રવાસમાં 'પ્ર'નો અર્થ શ્રેષ્ઠ અને 'વાસ' નો અર્થ રહેવું થાય છે. અર્થાત્ શ્રેષ્ઠ જગ્યાએ પરિભ્રમણ કરવું. શ્રેષ્ઠ ઈશ્વર છે. ઈશ્વરનું સાક્ષાત્ દર્શન નદી, ઝરણાં, વૃક્ષ, વનસ્પતિ, પશુ અને પંખી વગેરેમાં જોવા મળે છે. ગુજરાતમાં દેવગઢબારિયાથી આશરે ૪૦ કિ.મી.ના અંતરે કંજેટા, દાહોદ જિલ્લામાં રતનમહાલ રીંછ અભયારણ્ય આવેલ છે. ગુજરાતમાં ૩૬૬ દેશી રાજ્યો આવેલ હતા. એમાંનું એક સુંદર રાજ્ય એટલે દેવગઢ બારિયા અને આ રાજ્યમાં આવેલું રીંછોનું અભયારણ્ય એટલે ગુજરાત સરહદ પર વસેલું રતનમહાલ. ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યો વચ્ચે મોટી અને ઊંડી ખીણ છે.

પર્વતીય વિસ્તારમાં ટ્રેકિંગ કરવા સાહસવીરોને ઊર્જા અને શક્તિનો સ્રોત જોઈએ જે શ્રી રામભક્ત એવા દેવગઢ બારિયાના અવંતિ હનુમાનજીના દર્શન કરી મેળવ્યા. ભીડભંજક મહાદેવ અને પાતાળેશ્વર મહાદેવના દર્શન કર્યા. બાજુમાં જ માન સરોવર આવેલ છે. મહારાજાશ્રીએ જ્યારથી આ માન સરોવર બંધાવ્યું, ત્યારથી તેમાં પાણીની અછત થઈ નથી. સરોવર સુંદર છે. સામે જ સ્ટેટ સમયકાળની ભવ્ય ઐતિહાસિક તિજોરીની ઈમારત છે. હાલમાં ગુજરાત સરકારશ્રીની તિજોરી કચેરી ત્યાં બેસે છે.

અમદાવાદથી ગોધરા, દાહોદ જતી બસમાં ગોધરા ઉતરીને દેવગઢ બારિયા જવાય છે. અમદાવાદથી આશરે ૧૭૮ કિ.મી. થાય છે અને દેવગઢ બારિયાથી રતનમહાલ (કંજેટા) આશરે ૩૨ કિ.મી. થાય છે. અમદાવાદથી દેવગઢ બારિયા જતા રસ્તામાં પવિત્ર યાત્રાધામ ડાકોર આવે છે. અમદાવાદથી દાહોદ - ઇંદોર તરફ કઠવાડા ચોકડી - સીંગરવા - કઠલાલ - સેવાલિયા - ગોધરા થઈને દેવગઢ બારિયા અને ત્યાંથી રતનમહાલ (કંજેટા) જવાય છે. અભયારણ્ય પ્રવેશ અંગે વધુ વિગત માટે પરિક્ષેત્ર વન અધિકારીશ્રી - કંજેટા (ફોન : (૦૨૬૭૮) ૨૨૦૪૨૫)નો સંપર્ક કરવાથી મેળવી શકાય છે.

રતનમહાલ કુદરતનો અણમોલ નજારો છે. જેને જોવો અને માણવો એ જિંદગીનો અનેરો લહાવો છે.

*સેક્ટર-૨૭, બ્લોક -૧૦૯૧,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૮.*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

**યાત્રા** | **ઈન્ટરનેશનલ ટુર્સ** | **પ્રવાસ**

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૯, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

વાર્તા

# અતીતનું સ્મરણ

• ડૉ. ઊર્મિલા શાહ •

યાદ આવે છે મને મારા એ બાળપણના દિવસો. અને ત્યારે અતીતનાં સ્મરણોને વાગોળતાં વાગોળતાં હું એક જુદી જ અભૂતપૂર્વ સંવેદના અનુભવું છું. જીવનમાં ક્યારેક ભૂતકાળનાં સંસ્મરણોનો એક એવો ખજાનો આપણા હૃદયમાં ભંડારેલો પડ્યો હોય છે કે ક્યારેક કોઈક અચાનક તેની તરફ આંગળી ચીંધે છે ત્યારે જ આપણું ધ્યાન તે તરફ જાય છે. ત્યાં સુધી તો એ પ્રસંગો, એ યાદોનું આપણા જીવનમાં કેટલું બધું મહત્ત્વ છે તેનો ખ્યાલ સુધ્ધાં આવતો નથી.

આવો જ એ પ્રસંગ. જૂના જર્જરિત ડાઈનિંગ ટેબલને ફરતે અમે ત્રણેય ભાઈબહેનો અને બા-બાપુજી બેસતાં. આખા દિવસની દોડધામ પછી સાંજે અમે સૌ ભેગાં મળતાં ત્યારે જાણે અમારે માટે એ એક ઉત્સવ બની જતો. અમને ત્રણેયને અમારી વાતો કહેવાની તાલાવેલી હોય. બાપુજી તો સવારના અમે જાગીએ એ પહેલાં જ કામ પર જતા રહ્યા હોય એટલે સાંજના આ સમયે જ અમને તેમની સાથે વાત કરવા મળે. એટલે મનમાં કેટલી બધી અધીરાઈ હોય! આખો દિવસ અવનવા અનુભવ થયા હોય તેમાંય નાનાં હોઈએ ત્યારે તો નાની નાની વાતોય બીજાને સંભળાવવા મન સતત ઝંખતું જ હોય. અને એટલે હું કોઈ વાત શરૂ કરું ત્યાં તો વચ્ચે પ્રિયા ટપકી જ પડી હોય. આમેય પ્રિયા નાની હતી ત્યારથી જ વધુ પડતી ચબરાક અને બટક બોલી, મને ક્યારેક તો ગુસ્સો ચઢે, ને વાત પૂરી ન કરવા દે એ કેમ ચાલે? પણ મમ્મી હંમેશાં તેનો જ પક્ષ લઈને મને વારે. બે ભાઈ વચ્ચે એક બહેન હતી ને? અને મમ્મી, સ્ટવ પર સૂપ ઊકળતો હોય તેમાંથી જૂના ઈનેમલના વાડકામાં સૂપ લઈ અમને પીરસતી હોય. હલાવતી હોય, એ સૂપની ગરમ મીઠી સુગંધ મને બહુ ગમતી, કારણ કે મને ત્યારે સખ્ત ભૂખ લાગી હોય. મા લગભગ રોજ એ સૂપ બનાવતી. એકધારી મીઠાશ, એકધાર્યો સ્વાદ. મને એ સૂપ પીવો ખૂબ ગમતો. મને થતું મા રોજ જ આવો સરસ સૂપ કેવી રીતે બનાવતી હશે? એની રેસીપી શું હશે? ને મેં એક દિવસ માને પૂછ્યું પણ ખરું. તો મા કહે : 'એ તો મને દાદીમાએ શીખવ્યો છે. એની કોઈ રેસીપી નથી. પેઢી દર પેઢી એની રીત આપોઆપ શિખાતી જતી હતી. એ ગમે તે હો, પણ એ સૂપની મજા કંઈ અનેરી જ હતી. અમારી આર્થિક પરિસ્થિતિ સારી તો ન જ હતી. અને એટલે ઘરમાં જે કંઈ વધ્યું ઘટ્યું શાક કે કંઈ હોય એમાંથી એ સૂપ તૈયાર થતો. ક્યારેક તો મને એ પણ ખબર પડતી કે આજે માને પૈસાની તકલીફ છે અને એટલે સૂપ પાતળો છે. બાપુજીનો પગાર થયો હોય એવા દિવસોમાં એ સૂપ વધુ જાડો હોય. અને એટલે નાનાં હોવા છતાં અમને ખ્યાલ આવી જતો કે ક્યારે બા-બાપુજી કેવી આર્થિક પરિસ્થિતિમાં છે. મને ક્યારેક તો એવું દુઃખ થતું. હું મનોમન રડી પડતો મને ભગવાનને પ્રાર્થના કરતો : 'હે ભગવાન અમારા પર થોડી તો મહેર કર. અમે એવાં તે શું પાપ કર્યા છે! સૂપ જાણે અમારી Securityનું પ્રતીક ન હોય! ભગવાનની મહેર ક્યારે કેટલી છે તેની જાણે એ પારાશીશી હતી... માને મન તો રસોઈ કરી શકવી એ જાણે ઈશ્વરની કૃપા હતી, એકએક બટાકો છોલતાં એના મોં પર ભગવાનનો પાડ માની રહી હોય તેવા ભાવ કળાતા હતા. વહેલી સવારથી ઊઠીને તે કામે લાગી જતી. કારણકે બાપુજીની સાથે ખભેખભા મિલાવી તેને પણ કમાવું પડતું. ઘરમાં અમે ત્રણ બાળકો, ઘરનું શું કામ ન હોય! મા સતત વ્યથિત રહેતી અને છતાં એની એ વ્યથા અમારા સુધી ન આવે તે માટે તે જાણે પ્રસન્ન મોંનું મહોરું પહેરી કામકાજ કર્યા કરતી હતી. અમે જમીને ઊઠીએ ત્યારે જાણે એને ઈશ્વરના આશીર્વાદ મળ્યા છે તેવો સંતોષ અને આનંદનો તે અનુભવ કરતી. મને ખબર નથી પણ અમે સ્કૂલે ગયા પછી પણ મા સતત કંઈ ને કંઈ કરતી જ રહેતી હતી.

સ્કૂલમાં મારે આમ તો કોઈ મિત્રો નહીં. નાનો હતો ત્યારથી જ અમારી ગરીબાઈએ મારામાં હીનતાની એક એવી ગ્રંથિ ઊભી કરી દીધી હતી કે હું કોઈનીય સાથે હળતાં મળતાં ક્ષોભ અનુભવતો. ભાઈબંધી થાય એટલે એકબીજાને અનુકૂળ આવે એવી રીતે તો રહેવું જ પડે. અમને ગરીબ લોકોને એ કેમ કરી પોષાય? એટલે જ હું બહુ મિત્રતા કોઈની ય સાથે કરતો નહીં. અતડો જ રહેતો. મારો એક જ માત્ર મિત્ર ભાવિન. વર્ગમાં એક જ પાટલી પર સાથે બેસે એટલે દોસ્તી તો થાય જ. એના પપ્પા ડૉક્ટર હતા અને એટલે પરિસ્થિતિ સારી. એટલે એનાં કપડાં, એની વસ્તુઓ બધું જ સારું હોય. એ બધું જોઈ મને એની સાથે વાત કરતાં પણ ક્ષોભ થતો. પણ ભાવિનનો સ્વભાવ ખૂબ સારો હતો. એ સામેથી મને બોલાવતો. અવારનવાર મને એને ઘેર લઈ જતો. હું ઘણી 'ના' કહું

Inter
PLASTICA PVT. LTD.
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

છતાંય આગ્રહ કરી લઈ જતો. એનું ઘર જોઈ મને જાણે કોઈ મહેલમાં આવી પડ્યો હોઉં તેવો સંકોચ થતો અને એમાંય એની સાથે મને ડાઈનિંગ ટેબલ પર ખૂબ આગ્રહ કરીને નાસ્તો કરવા કે જમવા બેસાડે ત્યારે તો એની એ ક્રોકરી જોઈ મને મારી ગરીબાઈ માટે ખૂબ દુઃખ થતું. ક્યારેક તો મને મનોમન મારાં મમ્મી-પપ્પાની કમાઈ ન શકવાની અણઆવડત પર ગુસ્સો પણ ચડતો. પણ હુંય લાચાર હતો. હું શું કરી શકું? અને એટલે જ મનનો વંટોળ હૃદયમાં જ ભંડારી દેતો. પણ એ દિવસોમાં ય મારો એ અનુભવ હજી મને ભુલાતો નથી. ભાવિનના ડાઈનિંગ ટેબલ પર અનેક વાનગીઓ હતી. ભાવિનની વર્ષગાંઠ હતી ને! રસોઈયો એક પછી એક વાનગીઓ પીરસવા આવતો હતો. આટલી બધી વાનગીઓ તો મેં ક્યારેય જોઈ ન હતી. મારે માટે તો એ એક અજબ અનુભવ હતો. 'શું ખાવું અને શું ન ખાવું?' પણ એ બધું હોવા છતાં મને મારી માનો સૂપ જાણે યાદ આવી જતો હતો. જૂના જર્જરિત ટેબલને ફરતે બેઠેલા પ્રિયા અને પીન્ટુ, બા અને બાપુજી અને જૂના ઈનેમલના વાડકામાંથી ગરમાગરમ સૂપ પીરસતી મારી એ મા મને નજર આગળથી ખસતી ન હતી. એની મીઠી સુગંધથી નાક જાણે ભરાઈ જતું હતું. મને જ સમજ નહોતી પડતી એવું કેમ થાય છે.

ઘેર આવી મેં માને પૂછ્યું, "મા મારી વર્ષગાંઠ ક્યારે આવશે?"

"પંદર દિવસ પછી."

"મારે એ દિવસે ભાવિનને જમવા બોલાવવો છે."

'બેટા આપણે ક્યાં અને એ ક્યાં?"

"હા મા, પણ એ મને કેટલી બધી વાર તેને ત્યાં બોલાવે છે? કેટલી બધી વાનગી ખવડાવે છે? મને તો રોજ શરમ આવે છે મા!"

"તો જરૂર બોલાવ દીકરા...આપણે પણ તેને જમાડીશું. તું જરા પણ મૂંઝાઈશ નહીં."

"પણ મા....એને ત્યાં તો કેવી સરસ ડિશો કેવા સરસ કપ હોય છે? ને આપણે ત્યાં!"

"એવો સંકોચ નહીં રાખવાનો દીકરા...હું બધું સંભાળી લઈશ...તું ફિકર ન કર...તું જરૂર ભાવિનને બોલાવજે." ને મારી વર્ષગાંઠને દિવસે મેં ભાવિનને જમવા બોલાવવાની હિંમત કરી. અમારે માટે તો એ દિવસ જાણે નવલા ઉત્સવનો દિવસ હતો. મને મનમાં સતત ક્ષોભ ને સંકોચ તો થયા જ કરતો હતો. પણ મારી મામાં હિંમત અપાર હતી. અમે સૌ ટેબલ પર બેઠાં અને મા રોજની જેમ જ સૂપ પીરસવા માંડી. ગર્વથી બોલતી જતી હતી આ સૂપ ખૂબ પૌષ્ટિક છે. એનાથી શક્તિ આવે, તમારે તાકાતવાળા થવું હોય તો આના જેવી બીજી કોઈ જ ચીજ નથી. ને મને નજર આગળ ભાવિનની વર્ષગાંઠનો દિવસ યાદ આવી ગયો. એ દિવસેય એની મા ત્યાં જ હતી. ટેબલ પર જ હતી.

એ ય વિવેકી તો ઘણી હતી પણ મારી મામાં મને જે ઉષ્મા અને ગૌરવ દેખાય છે, જે પ્રસન્નતા અને નિખાલસતા અનુભવું છું, તે તેની મામાં મને ન જણાયાં. ત્યાં અમે ઘણી વાતચીતો તો કરી પણ તેમાં ક્યાંય જાણે લાગણી કે સંવેદનાનો અનુભવ ન થયો. બધું જ જાણે ઔપચારિક અને ફોર્મલ લાગતું હતું. હું સતત મારી માને યાદ કર્યા કરતો હતો. કોઈની સાથે શેકહેન્ડ કરીએ પણ વહાલથી ગળે લગાડીએ તેનો કેટલો ફેર પડે? એવો ફેર મને તેમાં લાગતો હતો. અંતરથી જાણે બધું જ દૂર દૂર લાગતું તું. મારી માને તો હું સામેથી બચ્ચી ન કરું તો એ બૂમ પાડી ઊઠે.

'કેમ તબિયત સારી નથી?' મને સતત ડર લાગતો હતો કે મારી અને ભાવિનની દોસ્તી તૂટી જશે. મારે બીજો કોઈ દોસ્ત જ ક્યાં હતો! ભાવિન જમવા આવ્યો ત્યારે મારાં ભાઈ-બહેનો તો તેને ભેટ્યાં જ પણ માએ તો તેને વહાલથી ચૂમી લીધો ને વહાલથી માથે હાથ પંપાળી તેની પાસે જ જમવા બેસાડ્યો. ચાદર પર ડાઘ હતો પણ માને તેની શરમ ન હતી. હું મૂંઝાતો હતો.

મા ગુજરી ગયા પછી બીજે દિવસે એ સૂપ રંધાતો હતો.

તે જ્યોત બુઝાઈ ગઈ. પણ યાદગાર પળો હજી માનસપટ પરથી ખસતી નથી. માનો નિઃસ્વાર્થ એ દૈવી પ્રેમ જેણે અમને આત્મવિશ્વાસ આપ્યો છે તે તો અલૌકિક છે અને હજી આજેય મારા હૃદયને વારંવાર ઉષ્માથી ભરી દે છે.

વર્ષોથી મારી સાથે ભાવિનની દોસ્તી હજી એવી જ ગાઢ છે. તેના લગ્નમાંય હું જ અણવર હતો.

થોડા વખત પર હું તેના ઘેર જમવા ગયો ત્યારે તેણે તેનાં બાળકોને ચુંબન કર્યા અને એનાં બાળકો મને વહાલથી ભેટ્યાં ને પછી એની પત્ની અમી તો સૂપના વાડકા લઈને આવી. ભાવિને મને પૂછ્યું, "તને ખબર છે, આ શું છે?"

"સૂપ" મેં હસીને ઉત્તર આપ્યો.

"સૂપ" એણે ખોંખારો ખાધો. આનાથી શરદી માથાનો દુખાવો મટી જાય. તબિયત માટે તે બહુ જ સારો.

ભાવિને એક વેધક અને પ્રેમભરી નજરે મારી સામે જોયું...ને મને ફરી એક વાર થયું....

હું જાણે મારા જ ઘરમાં મારી માના સામ્રાજ્યમાં જ છું. હું અતીતમાં ખોવાઈ ગયો. માની અનેક યાદોથી મારું મન ભરાઈ ગયું. ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

અર્થતંત્ર

# આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્ષેત્રે ભારતની નવી દિશા અને કચ્છ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

સામાન્ય રીતે બે દેશો વચ્ચે થતા વ્યાપારને વિદેશ વ્યાપાર કહેવામાં આવે છે. દેશની સરહદો વચ્ચે થતા વ્યાપાર એ આંતરિક વ્યાપાર છે. જ્યારે વ્યાપાર વિસ્તરે અને સરહદો ઓળંગે અર્થાત્ અન્ય દેશો સાથે થાય તેને વિદેશ વ્યાપાર કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર તરીકે સંબોધવામાં આવે છે. દા.ત. ભારતમાં પંજાબ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર આદિના વ્યાપારીઓ એકબીજા રાજ્યમાં વ્યાપાર કરે તે આંતરિક વ્યાપાર છે. ભારત અમેરિકા, જાપાન, રશિયા આદિ દેશો સાથે વ્યાપારી કરારો કરી આયાત - નિકાસ કરે તે આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહેવાય.

હાલમાં વિશ્વના કુલ વ્યાપારમાં ભારતનો હિસ્સો માત્ર ૧.૫ ટકા છે. ઈ.સ. ૨૦૨૦ સુધી ૫ ટકા થવા સંભાવના છે. એક આગવી સમજણ મુજબ જ્યારે વિશ્વના બે કે તેથી વધુ દેશો વચ્ચે ચીજવસ્તુઓ - સેવાઓની આયાત-નિકાસ થાય ત્યારે તેને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહેવામાં આવે છે.

## • વિદેશ વ્યાપારનું મહત્ત્વ :

આ વ્યાપાર વિશ્વની સમૃધ્ધિની ક્ષિતિજો વિસ્તારે છે. વિશ્વના નાગરિકોના જીવનધોરણ સુધારે છે કે બદલાવ લાવે છે. વિદેશ વ્યાપાર દ્વારા વ્યાપાર ક્ષેત્રે વિકાસ દ્વાર ખુલ્લા મૂકાય છે. વિકસતા દેશના વ્યાપારીઓને નવા બજારો પ્રાપ્ત થાય, નવી ચીજવસ્તુઓ, સેવાઓ અને ટેકનોલોજીનું આદાન પ્રદાન થઈ શકે છે.

## • ભારતના વિદેશ વ્યાપારમાં વૃધ્ધિ (આઝાદી પૂર્વે):

| ક્રમ | વર્ષ | ટકાવારી |
|---|---|---|
| ૧. | ઈ.સ. ૧૮૭૯-૮૦ થી ૧૮૮૪-૮૯ | ૪૬.૦% |
| ૨. | ઈ.સ. ૧૮૯૯ થી ૧૯૦૮-૦૯ | ૪૭.૭% |
| ૩. | ઈ.સ. ૧૯૦૯-૧૦ થી ૧૯૧૮-૧૯ | ૪૯.૩% |
| ૪. | ઈ.સ. ૧૯૧૯-૨૦ થી ૧૯૨૮-૨૯ | ૫૧.૧% |

આઝાદી પૂર્વે વિદેશ વ્યાપારમાં કચ્છની હસ્તકલા કારીગરીની ચીજવસ્તુઓનો ખાસ સમાવેશ થતો હતો.

## • આયોજનકાળ દરમ્યાન ભારતનો વિદેશ વ્યાપાર :

આર્થિક વિકાસને વેગ આપવા આઝાદી બાદ ભારતે પંચવર્ષીય યોજનાનો ઈ.સ. ૧૯૫૧થી પ્રારંભ કર્યો છે. અવારનવાર ઉચિત ફેરફારો સાથે નવી વિદેશ વ્યાપારનીતિ અમલી બનાવવામાં આવી રહી છે. વિદેશ વ્યાપાર વૃધ્ધિ નીચેના કોષ્ટક દ્વારા જાણી શકાય છે. કચ્છમાંથી કેસર કેરી, ખારેક, જેવા બાગાયતી પાકો તથા બેન્ટોનાઈટ, જીપ્સમ, લિગ્નાઈટની સારી નિકાસ થાય છે.

| ક્રમ | વર્ષ | કુલ નિકાસ (રૂા. કરોડમાં) | કુલ આયાત (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| ૧. | ઈ.સ. ૧૯૦૩-૦૪ | ૨,૯૩,૩૬૭ | ૩,૫૯,૧૦૮ |
| ૨. | ઈ.સ. ૨૦૦૬-૦૭ | ૫,૭૧,૭૭૯ | ૮,૪૦,૫૦૬ |
| ૩. | ઈ.સ. ૨૦૧૦-૧૧ | ૧૧,૪૨,૬૪૯ | ૧૬,૮૩,૪૬૭ |

## • ભારતમાં વિદેશ વ્યાપારનું માળખું :

ભારતના આયાત માળખામાં મૂડીગત વસ્તુઓ જેવી કે મશીન, પોલાદ, વાહન વ્યવહારના સાધનો, બીજો કાચો માલ, કપાસ, શણ, ખનીજ તેલ તથા વપરાશી વસ્તુઓ વસ્ત્રો, દવાઓ, કાગળ, વીજળીના સાધનો સમાવિષ્ટ છે.

આપણા નિકાસના માળખામાં ખાદ્યાન્ન, અનાજ, ચા, તમાકુ, કાજુ, મસાલા, ચામડું, ઊન, કાચુ લોખંડ, બેન્ટોનાઈટ, હીરા, ઝવેરાત, સિમેન્ટ આદિ સમાવિષ્ટ છે.

## • ભારતની આયાત-નિકાસ દિશાઓ :

| ક્રમ | દેશો | આયાતની દિશા | | નિકાસની દિશા | |
|---|---|---|---|---|---|
| | | ૧૯૯૦-૯૧ | ૨૦૧૦-૧૧ | ૧૯૯૦-૯૧ | ૨૦૧૦-૧૧ |
| ૧. | ઓ.ઈ.સી.ડી. | ૫૪.00% | ૩૨.૭૩% | ૫૬.૪૦% | ૪૦.૩૦% |
| ૨. | ઑપેક | ૫૪.00% | ૩૨.૭૩% | ૫.૬૦% | ૧૪.૮૦% |
| ૩. | પૂર્વીય યુરોપ | ૦૭.૮૦% | ૨.૬૧% | ૧૭.૯૦% | ૧.૯૦% |
| ૪. | વિકાસશીલ દેશો | ૧૮.૪૦% | ૨.00% | ૧૭.૨૦% | ૩૮.૭૦% |
| ૫. | અન્ય | ૩.૫૦% | ૩૧.૧૦% | ૩.00% | ૦.૩૦% |

## • વિદેશ વ્યાપારનીતિ (ઇ.સ. ૨૦૦૪ - ઇ.સ. ૨૦૦૯):

૩૧મી ઓગસ્ટ, ૨૦૦૪ના રોજ નવી રાષ્ટ્રીય વિદેશ વ્યાપાર નીતિની જાહેરાત કરવામાં આવી. જેનો સમયગાળો પાંચ વર્ષનો (૨૦૦૪થી ૨૦૦૯) રહેવા પામેલો. વિદેશ વ્યાપારમાં વિશ્વાસ અને

*નાની સરખી વ્યવસ્થા પણ લાંબાગાળે ફાયદારૂપ બની શકે છે.*

પારદર્શિતા જાળવી રાખવી, આંતરરાષ્ટ્રીય સ્તરની નિકાસ સુવિધા વધારવી, સેવા નિકાસ અર્થ ધર્મ પરિષદની રચના, ભારતને વિશ્વ વ્યાપારનું કેન્દ્ર બનાવવા, મુક્ત વ્યાપાર આદિને પ્રાધાન્ય અપાયું. કચ્છ જેવા આર્થિક વિકાસ ક્ષેત્રે પછાત જિલ્લાઓને પ્રોત્સાહિત કરવા "કૃષિ ઉપજ યોજના" આ નીતિમાં દાખલ કરાઈ છે. ફળો તથા શાકભાજી અને મૂલ્યવૃધ્ધિ પેદાશોની નિકાસ કરવી, નવી હેન્ડિક્રાફ્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની સ્થાપના, ચર્મ ઉદ્યોગ માટે શુલ્ક મુક્ત આયાતની મર્યાદા, નિકાસ મૂલ્યના ત્રણ ટકા કરવામાં આવેલ છે. ૧૮ કેરેટ અથવા તેનાથી વધુ કેરેટના સોનાની આયાત માટે "પુનઃ પૂર્તિ યોજના"ને આધીન આયાતને મંજૂરી અપાઈ છે.

નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને નિકાસમાં પ્રાધાન્ય અપાયું છે. રોજગારલક્ષી નૂતન અભિગમ અપનાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ નીતિ અન્વયે સરકાર "સામાન્ય સુવિધા કેન્દ્ર" Common Fecilities Centre ને પ્રોત્સાહિત કરશે.

● **કૃષિલક્ષી નિકાસ :**

ભારત કેરી, નાળિયેર, કેળાં, મરી, હળદર, આદુ તથા ચા, બાસમતી ચોખા આદિની નિકાસ કરે છે. ભારતનું કૃષિક્ષેત્ર ૬૦ ટકા લોકોને સીધી રોજગારી આપે છે. બાસમતી ચોખાની વાવણી પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના અમુક ભાગોમાં થાય છે. અમેરિકા, યુરોપના દેશો, ગલ્ફના દેશોમાં ભારતના બાસમતી ચોખાની ખૂબ માંગ છે. ઈ.સ. ૨૦૦૬-૦૭માં તેની નિકાસ રૂા. ૨૭૯૨ કરોડની હતી તે વધીને ઈ.સ. ૨૦૧૦-૧૧માં ૧૦,૫૭૫ કરોડ રૂપીયા સુધી પહોંચી છે.

મસાલા અને તેજાનાની નિકાસ સતત વધતી જ રહી છે. ઈ.સ. ૨૦૦૯-૨૦૧૦માં ૫,૦૨,૭૫૦ ટન હતી તે ઈ.સ. ૨૦૧૦-૧૧ દરમ્યાન ૫,૨૫,૭૫૦ ટન થવા પામી છે. કોફી અને તમાકુની નિકાસો પણ વધતી રહી છે. યોજનાઓ દરમ્યાન વિદેશ વ્યાપાર વધી રહ્યો છે. પુરાંતવાળી વ્યાપારતુલા લાભપ્રદ બની રહે છે. પ્રવાસન ક્ષેત્ર વિકસતાં કચ્છ વિદેશ વ્યાપાર ક્ષેત્રે આગળ વધ્યું છે.

*(લેખકશ્રી ભુજની શ્રી આર.આર. લાલન કોલેજમાં અર્થશાસ્ત્ર વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક છે.)*

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

*સન્તાના દરવાજે રાતે ટકોરા પડ્યા.*



*સન્તા : કૌન હૈ?*
*અવાજ : પુલીસવાલે હૈં.*
*સન્તા : ક્યા કામ હૈ?*
*અવાજ : બાત કરની હૈ.*
*સન્તા : તુમ કિતને લોગ હો?*
*અવાજ : તીન*
*સન્તા : તો આપસ મેં બાત કર લો ના!*

ઘર ઘરની મીઠાઈ..



હાથી છાપ ગોળ

શાહ હાથીભાઈ અજરામલદાસ
જુના માધુપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૨૩૬૫૪

કચ્છજો માડુ...
કચ્છજો માડુ ભુખ સૈંયેં દુખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
– રશ્મિન્ ખોના (મુંબઈ)

MAYUR PEER

NATIONAL ENTERPRISES
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : (022) 2266 3097, 3254 7879
Fax : (022) 2267 3098
E-mail : mumbai@burleighintl.com
E-mail : mp@nealmp.com
Website : www.burleighintl.com
Website : www.nealmp.com

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-33

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

- ★ **તા. ૧૪-૯-૨૦૦૮ના રોજ સમાજ દ્વારા ૪૫મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે રંગારંગ રીતે ઉજવાયેલ.**
- ★ **સમાજના પ્રમુખ તરીકે વીસ વર્ષની અવિરત સેવા બદલ ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું.**
- ★ **ગુજરાતી દૈનિક અખબાર દ્વારા ગુજરાતની વિવિધ ક્ષેત્રની ૧૦૦ પ્રતિભાશાળી વ્યક્તિઓની તૈયાર થતી યાદીમાં નવનીત પ્રકાશનના શ્રી છોટુભાઈ ગાલા તથા શ્રી શાંતિભાઈ ગાલાની (વર્ષ - ૨૦૦૬) તેમજ શ્રી હસમુખભાઈ ગઢેચાનો (વર્ષ - ૨૦૦૮) સમાવેશ થયેલ હોતાં ઉપરોક્ત સમારંભમાં તેમનું પણ સન્માન કરવામાં આવેલ.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૫મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ ખૂબ જ ઉત્સાહજનક વાતાવરણમાં રવિવાર, તા. ૧૪-૯-૨૦૦૮ના અંદાજિત ૧૫૦૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં ઉજવાઈ ગયેલ હતો. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, સન્માન કાર્યક્રમ, સામૂહિક ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય જમણવાર વગેરે વિશેષ પ્રકારના કાર્યક્રમોનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ સમારંભ શ્રી મૂકેશભાઈ ઝવેરીના પ્રમુખપદે યોજવામાં આવેલ હતું.

શ્રી ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતેના સમારંભની શરૂઆત બરાબર ૧૦.૧૫ વાગે સંસ્થાની યુવા પાંખ "સંકલ્પ — શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ"ના સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆતથી કરવામાં આવેલ હતી. આ રંગારંગ કાર્યક્રમમાં સ્વાગત નૃત્ય, દેશભક્તિનાં ગીત, ગરબા, રાસ વગેરે પ્રકારની વિવિધ કલાકૃતિની રજૂઆત કરવામાં આવેલ હતી. દરેક રજૂઆત ખૂબ જ ઉચ્ચ પ્રકારની રહેવા પામેલ હતી અને સભાગૃહમાં ઉપસ્થિત સમુદાયે દરેક રજૂઆતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી. આ કાર્યક્રમની રજૂઆત શ્રીમતી અલ્પા શાહ તથા શ્રીમતી શિલ્પી શાહના ઉદ્‌બોધનો દ્વારા કરવામાં આવેલ હતી.

ત્યારબાદ બરાબર ૧૧.૧૫ વાગે સ્ટેજ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. જેનું સંચાલન શ્રીમતી ફાલ્ગુની હીરેન દ્વારા કરવામાં આવેલ. મંચ પર સમારંભ પ્રમુખ શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા તથા પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, અતિથિ વિશેષ તરીકે રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ, જાણીતા કચ્છી ઉદ્યોગકાર શ્રી નેણશી એલ. શાહ, નવનીત પ્રકાશનના શ્રી છોટુભાઈ ગાલા તથા શ્રી શાંતિલાલભાઈ ગાલા, કચ્છી ઉદ્યોગપતિ અને સામાજિક આગેવાન શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, મુંબઈના વિખ્યાત બિલ્ડર અને સામાજિક અગ્રણી શ્રી દીપકભાઈ ભેદા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી તથા અતિથિ વિશેષ શ્રી બિપીનભાઈ જૈન, સમાજના યુવા ટ્રસ્ટી તથા આજના સમારંભના સન્માનિત શ્રી હસમુખભાઈ ગઢેચા, સમાજના અન્ય કાયમી ટ્રસ્ટી અને ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા તેમજ અન્ય ઉપપ્રમુખ શ્રી નવીનભાઈ પોલડિયા તથા માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ ઉપસ્થિત હતા.

આ સમારંભ દરમ્યાન શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આગેવાન કાર્યકરો સર્વશ્રી કરશનભાઈ પટેલ, રઘુરામભાઈ ઠક્કર, ભરતભાઈ ઓઝા, હંસરાજભાઈ કંસારા તથા નીલેન્દુ વોરાની ઉપસ્થિતિ સવિશેષ રહેવા પામેલ હતી.

સમારંભની શરૂઆત શ્રીમતી ફાલ્ગુની હીરેનના 'સ્તુતિ ગાન'થી કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આજના સમારંભના અતિથિ વિશેષશ્રીઓ તથા સમાજના ઉપસ્થિત સહુ સભ્યોના પરિવારોને આવકારેલ હતા. સમાજના સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે સહુને સામૂહિક ક્ષમાપના કરાવેલ. મંચ પર ઉપસ્થિત અતિથિ વિશેષશ્રીઓનું વિવિધ હોદ્દેદારો દ્વારા બુકેથી સ્વાગત કરવામાં આવેલ હતું. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે સંસ્થાનો અહેવાલ આપતા, સંસ્થાની હાલની પ્રવૃત્તિઓ વિશે તથા નજદીકના ભવિષ્યમાં કરવામાં આવનાર પ્રવૃત્તિઓ વિશે વક્તવ્ય આપેલ હતું.

સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, વર્ષ ૧૯૮૮થી સતતપણે આ સમાજના કર્ણધાર રહ્યા છે. છેલ્લા ૨૦ વર્ષથી તેમની સેવા અવિરત છે. તેમના સમય દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન તેમજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ થવા પામેલ. મુંબઈનું અતિથિ ભવન અને અમદાવાદની આવાસ યોજનાના પગરણ પણ તેમના સમયમાં થયેલ છે. આ સિવાય સાંસ્કૃતિક કેન્દ્ર, મેડિકલ સેન્ટર, બાલ સમૃધ્ધિ યોજના વગેરે પ્રકારના કાર્યો પણ તેમના સમયમાં થયેલ છે. તેઓશ્રીના સફળ નેતૃત્વને કારણે આ સમાજને ભારતભરમાં નામના મળેલ છે. આજે જ્યારે તેઓશ્રીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ છે ત્યારે આપણે સહુ

સાથે મળી, તેમની સેવાની કદરરૂપે આપણે તેમનું બહુમાન કરીએ. ત્યારબાદ જાણીતા ઉદ્યોગપતિ શ્રી નેણશી એલ. શાહના વરદ્ હસ્તે તેમનું પ્રશસ્તિપત્ર, સ્મૃતિ ચિહ્ન અને શાલ દ્વારા તેઓને સન્માનિત કરવામાં આવેલ.

પોતાના સન્માનનો પ્રત્યુત્તર આપતા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ સંસ્થા પ્રગતિના પંથે આગળ વધે તેવી શુભેચ્છા વ્યક્ત કરેલ હતી. સમાજના મુદ્રા ચિહ્નમાં જે ચાર ભુજા બતાવેલ છે તેપ્રમાણે સંઘભાવના રાખી અને સંગઠિત રહી સમાજ હજુ પણ વધુ ને વધુ આગળ વધે તેવી ઈચ્છા તેમણે વ્યક્ત કરેલ હતી.

ત્યારબાદ શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે દૈનિક “દિવ્ય ભાસ્કર” દ્વારા દર વરસે ગુજરાતભરની વિવિધ ક્ષેત્રની ૧૦૦ પ્રતિભાવંત વ્યક્તિઓને પસંદ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૬માં આ રીતે નવનીત પ્રકાશનના શ્રી છોટુભાઈ ગાલા અને શ્રી શાંતિભાઈ ગાલાને પસંદ કરવામાં આવેલ હતા. જ્યારે આ વર્ષે ૨૦૦૮ દરમ્યાન શ્રી હસમુખભાઈ ગઢેચાનો આ ૧૦૦ વ્યક્તિઓમાં સમાવેશ કરવામાં આવેલ હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ પ્રતિભાવંત વ્યક્તિઓની ગુજરાતનાં ૧૦૦ પાવરલિસ્ટમાં સમાવેશ થયેલ હોતાં ઉપસ્થિત સહુએ આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરેલ હતી. સમારંભમાં ઉપસ્થિત વિવિધ અતિથિ વિશેષશ્રીઓના વરદ્ હસ્તે આ ત્રણે મહાનુભાવોનું સંસ્થા વતી સન્માન કરવામાં આવતાં સભાગૃહમાં તાળીઓના ગડગડાટ અને આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નાં વિજ્ઞાન તથા વાણિજ્ય વિભાગનાં તેજસ્વી તારલાઓનું સન્માન શ્રી બિપીનભાઈ જૈન વગેરે મહાનુભાવોનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ઈંદોર આઈ.આઈ.એમ.માંથી પાસ થયેલ મૂળ કચ્છ રાપર તાલુકાનાં બેલા ગામનાં વતની અને હાલ અમદાવાદમાં પરિવાર સાથે રહેતાં શ્રી ભાવેશ વોરાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

નિયમિત અભ્યાસ સિવાય રમતગમત, કલા, નૃત્ય, ચિત્રકામ વગેરે ક્ષેત્રે વિશિષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષશ્રીઓના પ્રવચન બાદ સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કરેલ હતી. તે સાથે સમારંભની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી હતી.

સમારંભ બાદ સંસ્થાના કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાના બંગલાના પટાંગણમાં આયોજિત સ્વામિવાત્સલ્યનાં ભોજન સમારંભમાં સૌએ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમ દરમ્યાન જમણવાર સમિતિ, પુરસ્કાર સમિતિ, સંકલ્પના વોલન્ટિયર્સ વગેરે સૌ કાર્યકર્તાઓની જહેમત ખૂબ જ ઉત્કૃષ્ટ પ્રકારની રહેવા પામેલ હતી. સંસ્થાના સ્ટાફ સભ્યોએ પણ આ સમારંભને સફળ બનાવવા માટે સારી એવી જહેમત કરેલ હતી.

*(ક્રમશઃ)*

Ramesh Savla
Manish Savla
M. 94260 77479

AI
ARIHANT INDUSTRIES
Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles
5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
Ph. : (F) 25831205 (R) 25464948

**આ જગમાં થોડા મલે!**

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

તંદુરસ્તી

# નબળા હૃદયની હાર્ટ સર્જરી (હાર્ટ ફેઈલ્યોર)

• ડૉ. ધીરેન શાહ, MB, MS, MCH (CVTS) •
કાર્ડિયોથેરાસીક અને વાસ્ક્યુલર સર્જન

હૃદયનું ફેઈલ્યોર થવું એક એવી સ્થિતિ છે કે જેમાં હૃદય શરીરના અન્ય ભાગોમાં પૂરતું લોહી પહોંચાડવામાં અસમર્થ છે. આ એક લાંબાગાળાની (સ્થાયી) સ્થિતિ છે, જો કે કેટલીક વખત તે અચાનક ઊભી થાય છે.

જો હૃદયની જમણી બાજુ અસરગ્રસ્ત થઈ હોય તો તે જમણી બાજુનું હાર્ટ ફેઈલ્યોર કહેવાય છે અને જો ડાબી બાજુ હોય તો ડાબી બાજુનું હાર્ટ ફેઈલ્યોર કહેવાય છે. મોટા ભાગે તો હૃદયની બંને બાજુને અસર થાય છે. HFમાં, હૃદયના સ્નાયુઓ કાં તો અક્કડ થઈ જાય છે જેને કારણે હૃદય પૂરું ભરાતું નથી (ડાયસ્ટોલિક HF) અથવા બરાબર ખુલી શકતાં નથી (સિસ્ટોલિક HF).

ટૂંકમાં કહીએ તો, હૃદય શરીરના અન્ય ભાગોમાં, ખાસ કરીને કસરત દરમ્યાન પ્રાણવાયુ સભર લોહી પહોંચાડવામાં અસમર્થ રહે છે. હૃદયની પંપિંગ અક્ષમતાને કારણે શરીરના અન્ય ભાગોમાં લોહી જમા થતું રહે છે. ફેફસાં, લીવર, ગેસ્ટ્રોઈન્ટેસ્ટીનલ માર્ગ અને હાથ-પગમાં પ્રવાહી ભરાયેલું રહેતા કન્જેસ્ટીવ હાર્ટ ફેઈલ્યોર થઈ શકે છે.

હાર્ટ ફેઈલ્યોરનું સૌથી સામાન્ય કારણ છે - કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD). હૃદયને લોહી અને પ્રાણવાયુ પહોંચાડતી નાની રક્તવાહીનીઓનું સંકોચન. કોઈ ચેપ હૃદયના સ્નાયુઓ નબળાં કરે ત્યારે પણ હાર્ટ ફેઈલ્યોર થઈ શકે છે. આ સ્થિતિને કાર્ડિયોમેયોપથી કહે છે.

હાર્ટ ફેઈલ્યોરનું કારણ બનતી હૃદયની અન્ય સમસ્યાઓ :

- ★ જન્મથી જ હૃદયના રોગ, હૃદયના વાલ્વની બીમારી અને હૃદયના અસામાન્ય ધબકારા (arrhythmias)

અન્ય કારણો કે જે હાર્ટ ફેઈલ્યોરનું કારણ બને છે અથવા તેમાં યોગદાન આપે છે -

- ★ એમ્ફીઝેમા (ફેફસાંનો એવો રોગ કે જેમાં આલ્વીઓલી (ફેફસાંમાં હવાની કોથળીઓ) વધુ ફૂલવાને કારણે હાંફ ચડવાની સમસ્યા મુખ્યત્વે ઊભી થાય છે).
- ★ વધુ સક્રિય થાયરોઈડ.
- ★ ગંભીર એનિમિયા (એવી સ્થિતિ કે જેમાં શરીરમાં તંદુરસ્ત લાલ રક્તકણોની ઉણપ સર્જાય છે.)
- ★ ઓછો સક્રિય થાયરોઈડ.

## • ચિહ્નો અને લક્ષણો :

હાર્ટ ફેઈલ્યોરના લક્ષણો હંમેશાં ધીમા પગલે આવે છે. સૌપ્રથમ એ ફક્ત ત્યારે દેખા દે છે જ્યારે વ્યક્તિ ખૂબ સક્રિય હોય છે. સમય વીતતા દર્દી આરામની ક્ષણોમાં પણ શ્વાસની સમસ્યા અને અન્ય લક્ષણોનો અનુભવ કરે છે.

હાર્ટ ફેઈલ્યોરના લક્ષણો અચાનક પણ દેખાઈ શકે છે, ઉદા. તરીકે, હાર્ટ એટેક પછી અથવા હૃદયની અન્ય સમસ્યાઓને કારણે

**સામાન્ય લક્ષણોમાં સામેલ છે-**

- ★ કફ.
- ★ થાક, અશક્તિ, અંધારા આવવા.
- ★ ભૂખ ન લાગવી.
- ★ રાત્રે પેશાબ કરવાની જરૂરિયાત જણાવી.
- ★ નાડી ઝડપી અથવા અનિયમિત લાગવી અથવા ધબકારા વેગીલા હોવાની લાગણી.
- ★ દર્દી સક્રિય હોય ત્યારે અથવા દર્દી આડા પડે પછી હાંફ ચડવી.
- ★ લીવર અથવા ઉદરમાં સોજો આવવો (મોટું થવું).
- ★ સૂજેલા પગ અને ઘૂંટણ.
- ★ અમુક કલાકની ઊંઘ પછી અપૂરતા શ્વાસની સમસ્યાને લીધે જાગી જવું.
- ★ વજન વધવું.

## • ચિહ્નો :

- ★ ઝડપી અથવા મુશ્કેલીભર્યા શ્વાસોશ્વાસ.
- ★ અનિયમિત અથવા ઝડપી ધબકારા અને હૃદયમાં અસામાન્ય અવાજો.
- ★ પગમાં સોજા.
- ★ ગરદનની નસો બહાર ઉપસવી (ફૂલી જવી).
- ★ ફેફસાં અને હૃદયમાં એકઠાં થયેલા પ્રવાહીમાંથી સ્ટેથોસ્કોપ દ્વારા જોતાં અવાજ આવવો (તડતડ-કેકલ).
- ★ લીવર અથવા ઉદરમાં સોજા.

*આપણું જીવન આપણા માટે નહિં પણ બીજાઓના હિતને માટે છે.*

● **પરીક્ષણ :**

ઈકો કાર્ડિયોગ્રામ (ઈકો) હાર્ટ ફેઈલ્યોરનું નિદાન કરવા, કારણ જાણવા અને ધ્યાન રાખવા શ્રેષ્ઠ પરીક્ષણ છે.

**અન્ય ઇમેજિંગ પરીક્ષણ છે -**

★ કાર્ડિયાક સ્ટ્રેસ પરીક્ષણ

★ એન્જિયોગ્રાફી

★ હૃદયનો એમ.આર.આઈ.

★ ન્યુક્લિયર હાર્ટ સ્કેન

● **સારવાર :**

માંદગીની ગંભીરતાને આધારે, સારવારમાં સામાન્યપણે સામેલ છે :

**જીવનશૈલીના ઉપાયો-બિન ઔષધિય થેરાપીઝ**

★ આહારમાં સોડિયમ અને પ્રવાહી પર નિયંત્રણ

★ ધૂમ્રપાન પર નિયંત્રણ

★ યોગ્ય શ્વાસપ્રક્રિયા સહિતની હળવી કસરતો

★ વજન પર નિયંત્રણ

★ હાડમારીભર્યું કામ અને કસરતો ઓછી કરવી

**તબીબી-ઔષધિય થેરાપી**

હાર્ટ ફેઈલ્યોરના દર્દીઓમાં અમુક વર્ગની દવાઓ ઉપયોગી છે જેમાં ડાયુરેટિક્સ, એન્ઝાઈમ (ACE) ઈનહીબીટર્સને રૂપાંતરિત કરતી - એન્જિયોટેન્સીન, ઈનોટ્રોપિક એજન્ટસ, બીટા-બ્લોકર્સ અને કાર્ડિયાક ગ્લીકોસાઈડ્સ સામેલ છે.

**આ દવાઓ -**

★ હૃદયના સ્નાયુઓને સારી રીતે પંપ કરવામાં સહાય કરે છે

★ લોહીને જામી જતું અટકાવે છે.

★ કોલેસ્ટેરોલ સ્તર ઘટાડે છે.

★ રક્તવાહિનીઓને ખોલે છે અથવા ધબકારા ધીમા કરે છે કે જેથી હૃદયને વધુ કામ ન કરવું પડે

★ શરીરને વધારાના પ્રવાહી અને ક્ષાર (સોડિયમ) થી છૂટકારો અપાવે છે.

● **શસ્ત્રક્રિયા-અંતિમ પસંદગી :**


હૃદયને વધુ નુકસાન થતું રોકવાનો અને હૃદયની કામગીરી સુધારવાનો શસ્ત્રક્રિયાનો હેતુ છે. હાર્ટ ફેઈલ્યોર સારવાર શસ્ત્રક્રિયાનું ધ્યેય

હાર્ટ ફેઈલ્યોર અને/અથવા એન્જાઈના (છાતીમાં દર્દ) લક્ષણો સુધારવાનું અને સંભવત હૃદયની પંપિંગ ક્ષમતા સુધારવાનું છે.

**હાર્ટ ફેઈલ્યોર સારવાર માટેની શસ્ત્રક્રિયામાં સામેલ છે**


**૧. પરંપરાગત શસ્ત્રક્રિયા**

**અ. કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ (CABG)**




CABG એક સર્જિકલ પ્રક્રિયા છે જેમાં હૃદયમાં રક્ત પ્રવાહ સામાન્ય કરવા બંધ થઈ ગયેલી એક અથવા વધુ કોરોનરી ધમનીઓને એક રક્તવાહિની ગ્રાફ્ટ દ્વારા બાયપાસ કરવામાં આવે છે. આનાથી હૃદયના સ્નાયુઓને પહોંચતો લોહીનો પૂરવઠો સુધરે છે અને હૃદયનું પંપિંગ પણ સુધરે છે. સામાન્યપણે આનું પરિણામ ૬ મહિના પછી મળે છે. સામાન્યપણે આ ગ્રાફ્ટ દર્દીની પોતાની છાતી (થોરાસિક), પગ (સેફેનિયસ) અથવા હાથ (રેડિયલ) માં રહેલી ધમનીઓ અને નસમાંથી આવે છે. ગ્રાફ્ટ પ્રાણવાયુ સભર લોહીને હૃદય સુધી પહોંચવાનો નવો માર્ગ બનાવવા બંધ થઈ ગયેલી ધમની (ધમનીઓ) ની આસપાસ ફરે છે.

**બ. વાલ્વ શાસ્ત્રક્રિયા**



હાર્ટ ફેઈલ્યોરની સ્થિતિ જેમ-જેમ આગળ વધે છે, ડાબા ક્ષેપકનો નવો આકાર પેપીલરી સ્નાયુઓ (માઈટ્રૂલ વાલ્વ લીફલેટ્સને આધાર આપે છે) ના ક્ષમતા બહાર ખેંચાવનું કારણ બને છે, જેને કારણે વાલ્વમાં લીકેજ શરૂ થાય છે. માઈટ્રૂલ વાલ્વ રિપેરમાં સામાન્યપણે લીફલેટ્સને પુનઃઆકાર આપવાનો અને એક રીંગ વડે માઈટ્રૂલ વાલ્વને આધાર આપવાનું સામેલ છે. સિમ્સ હોસ્પિટલ ખાતે અનુભવોમાં જણાયું છે કે માઈટ્રૂલ વાલ્વના રિપેરથી-

★ હૃદયની કુદરતી રચના જાળવી રાખે છે.

★ કાર્ડિયાક કામગીરી સુધારે છે.


*બીજાઓના દુઃખથી દુઃખી થવું એ સેવાનું મૂળ છે.*

★ લક્ષણો ઘટાડે છે.
★ જીવવાની તકો વધારે છે.
★ સમસ્યાઓ અને જોખમ ઘટાડે છે.

એ જ રીતે જો એઓર્ટીક વાલ્વ લીક થતો હોય તો એઓર્ટીક વાલ્વ રિપેર અથવા બદલવાનો વિકલ્પ રહે છે.

**૨. ક્ષેપકની શસ્ત્રક્રિયા**

**ડાબી વેન્ટ્રીક્યુલર રીકન્સટ્રક્ટીવ સર્જરી (Dor Procedure) (SVR)**




ડાઘાવાળા મૃત ટીશ્યુમાંથી પસાર થતી ચીરો મૂકેલી રેખા — મૃત ટીશ્યુની ફરતે પર્સ સ્ટ્રીંગ ટાંકા — પર્સ સ્ટ્રીંગ ખેંચવા અને ડાબું વેન્ટ્રીકલ બંધ કરવું

ડાબા ક્ષેપક (હૃદયની ડાબી બાજુ નીચેની પંપિંગ ચેમ્બર) માં હાર્ટ એટેક આવે છે ત્યારે એક ડાઘ પડે છે. આ ડાઘાવાળો ભાગ પાતળો બને છે અને દરેક ધબકારા સાથે ફૂલતો જાય છે. આ ફૂલેલા પાતળા ભાગને અન્યુરિઝમ કહે છે. આ ફેરફારો, હૃદયના અન્ય જોખમો સાથે મળી હાર્ટ ફેઈલ્યોરની સ્થિતિ ઊભી કરી શકે છે. શરૂમાં હૃદય મુશ્કેલીથી પંપિંગ કરવા સક્ષમ હોય છે, પણ સમય વીતવાની સાથે ડાબું ક્ષેપક સામાન્ય કરતા મોટુ બને છે અને ઓછી ક્ષમતાથી કામ કરે છે. ઈન્ફાર્કટ એક્સકલ્યુઝન શસ્ત્રક્રિયામાં સર્જન હાર્ટ ટિશ્યુ અને/અથવા અન્યુરિઝમના મૃત ભાગને કાઢી નાખે છે અને ડાબા ક્ષેપકને વધુ સામાન્ય આકારમાં પરત લાવે છે.

**ઇમ્પ્લાન્ટેબલ લેફ્ટ વેન્ટ્રીક્યુલર આસિસ્ટ ડિવાઈઝ (LVAD)**


વેન્ટ્રીક્યુલર આસિસ્ટ ડિવાઈઝ (VAD) જે વેન્ટ્રીક્યુલર આસિસ્ટ સિસ્ટમ (VAS) પણ કહેવાય છે, તે એક મિકેનિકલ પંપ છે જે હૃદયના નબળાં ક્ષેપક (હૃદયની મોટી પંપિંગ ચેમ્બર) ને આખાં શરીરમાં લોહી પહોંચાડવામાં મદદ કરે છે.

LVADu ટ્રાન્સપ્લાન્ટ માટેના પુલની ગરજ સારે છે એટલે કે ટ્રાન્સપ્લાન્ટ માટે દાતાનું હૃદય ન મળે ત્યાં સુધી દર્દીને જીવિત રહેવામાં તે મદદ કરે છે. જે લોકોની મેડિકલથેરપી નિષ્ફળ ગઈ છે અને સિસ્ટોલિક હાર્ટ ફેઈલ્યોરના અંતિમ ચરણમાં હોસ્પિટલમાં દાખલ છે તેમના માટે આ વિકલ્પ યોગ્ય હોઈ શકે છે. બ્રિજ ટુ ટ્રાન્સપ્લાન્ટ તરીકે LVAD દર્દીને ટ્રાન્સપ્લાન્ટની રાહ જોવાની સાથે બાહરી દર્દી તરીકે રહેવાની સુવિધા ઊભી કરી આપે છે. આ સાધન વિના ટ્રાન્સપ્લાન્ટની રાહ વધુ જોખમી સાબિત થઈ શકે છે. ભારતમાં, નાણાભીડ અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમોની ઉણપને કારણે તે પ્રચલિત નથી.



**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદયનું પ્રત્યારોપણ)**

જ્યારે સિસ્ટોલિક હાર્ટ ફેઈલ્યોર ગંભીર હોય ત્યારે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની ભલામણ કરાય છે.



હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં ખરાબ હૃદય અથવા હૃદય અને ફેફસાં તંદુરસ્ત દાતાના અવયવ અથવા અવયવો સાથે બદલવામાં આવે છે. મૃત વ્યક્તિના શરીરમાંથી દાતા અવયવ સંપૂર્ણપણે કાઢી લેવાય છે અને તેને અન્યત્ર મોકલવાનું હોવાથી વિશેષ દ્રાવણમાં ઠંડુ રાખવામાં આવે છે. કર્ણક (હૃદયની ઉપલી ચેમ્બર) ની પાછલી દીવાલ રાખી ખરાબ હૃદય દૂર કરવામાં આવે છે. કર્ણકથી કર્ણક, હૃદય છાતી સાથે સાંધવામાં આવે છે, રક્તવાહિનીઓ ફરીથી જોડવામાં આવે છે અને નવા હૃદય દ્વારા લોહી શરીરમાં વહે છે.

અંતમાં તારણ એ છે કે, હાર્ટ ફેઈલ્યોર એક એવી સ્થિતિ છે કે જેમાં શરીરના વિવિધ ભાગોમાં પૂરતું લોહી પહોંચી શકતું નથી, તેમ છતાં જીવનશૈલીમાં પરિવર્તન, મેડિકલ થેરાપી અને શસ્ત્રક્રિયા સહિતના સંખ્યાબંધ સારવાર વિકલ્પો ઉપલબ્ધ છે.

હાર્ટ ફેઈલ્યોર અને ૩૦ ટકાથી ઓછું પંપિંગ ધરાવતાં દર્દીઓમાં તાલબદ્ધતા ખોરવાઈ જતી હોય છે અને તેને કારણે અચાનક કાર્ડિયાક મરણ થઈ શકે છે. આ પ્રકારના દર્દીઓમાં આ જોખમ જીવનપર્યંત રહે છે.

*સીમ્સ હોસ્પિટલ, શુકન મોલની સામે,*
*સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ*
*મો. ૯૮૨૫૫ ૭૫૯૩૩* ● *Email : dhiren.shah@cims.me*

*સોમાંથી નવ્વાણું ટકા લોકો પોતાના અજ્ઞાનથી દુ:ખી થાય છે.*

# માનસિક સ્વાસ્થ્ય (Mental Health)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

માનસિક સ્વાસ્થ્ય દિન (World Mental Health Day)ની ઉજવણી તાજેતરમાં વૈશ્વિક સ્તરે થઈ હતી.

સ્વાસ્થ્યની વ્યાખ્યા વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O.) આ પ્રમાણે આપે છે : "શારીરિક, માનસિક, સામાજિક તથા આધ્યાત્મિક સ્તર પર સુસ્થિર સ્થિતિ હોવી, ફક્ત બીમારી ન હોવી એ નહીં." માનસિક સ્વાસ્થ્યને શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

આ વર્ષનું વૈશ્વિક માનસિક સ્વાસ્થ્ય દિન નિમિત્તેનું સુત્ર (Theme) છે ચિત્તભ્રમની બીમારી તથા પરિવારજનો (Living with Schizophrenia). પરિવારજનો ચિત્તભ્રમની બીમારી તથા ચિત્તભ્રમની બીમારીથી પીડાતા દર્દીને સહાનુભૂતિપૂર્વક મનથી સ્વીકારે જેથી સારવારમાં સરળતા રહે અને દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે.

- **ચિત્તભ્રમની બીમારી :**

ચિત્તભ્રમની બીમારીમાં મનના કાર્યો જેવા કે : (૧) વિચારો, (૨) વર્તન, (૩) વાણી, (૪) લાગણી, (૫) કાર્યશક્તિ, (૬) ભણતર પર વિપરીત અસર થાય છે તથા એ પ્રમાણેના માનસિક લક્ષણો જોવા મળે છે.

- **મગજમાં નકારાત્મક ફેરફારો :**

ચિત્તભ્રમની બીમારીમાં મગજમાં (brain) આવેલા મન (mind)ના અવયવોમાં (પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપોકેમ્પસ, એમિગડેલા, ગ્લોબસ પેલીડ્સ વગેરેમાં) બંધારણીય (કદ, રચના) તથા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ) ફેરફારો થાય છે. આથી ચિત્તભ્રમની બીમારીના લક્ષણો ઉત્પન્ન થાય છે. દર્દીનો આ ફેરફાર પર કાબૂ નથી હોતો.

- **વ્યાપ :**

ભારતમાં ૧ કરોડથી વધુ લોકો ચિત્તભ્રમની બીમારીના શિકાર બનેલા છે. દુનિયાની વસતિના ૧.૫% લોકો આ બીમારીથી પીડાય છે.

- **ચિત્તભ્રમની બીમારી તથા પરિવારજનો :**

ચિત્તભ્રમની બીમારી વિષે પરિવારજનો તથા સમાજમાં કેટલીક ગેરસમજણ તેમજ ભૂલ ભરેલી માન્યતાઓ અને પૂર્વગ્રહયુક્ત અભિપ્રાયો પ્રચલિત છે. આ ભ્રામક માન્યતાઓ ચિત્તભ્રમ બીમારીના દર્દીને યોગ્ય મનોવૈજ્ઞાનિક ચિકિત્સા તથા સારવારથી દૂર રાખે છે. આને લીધે દર્દીનું તથા કુટુંબનું નુકસાન થાય છે.

આ ગેરસમજ અંગે સમજણપૂર્વકની સ્પષ્ટતા તથા મનોવૈજ્ઞાનિક સત્ય સમજવું આવશ્યક છે.

**ગેરસમજ-૧ :**

***"કોઈએ આ વ્યક્તિને કાંઈ કરી નાખ્યું છે. ભૂત-પીશાચ, દેવી કે શયતાનની આ અસર છે."***

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

આ એક ભ્રામક માન્યતા છે.

વૈજ્ઞાનિક પ્રગતિની આ ૨૧મી સદીમાં જ્યાં ઈન્ટરનેટ, ઈ-મેઈલ તથા સઘળી માહિતી આંગળી દબાવવાથી મળે છે. એવા સમયે પણ ઘણા પરિવારજનો એવા છે કે જેઓ દ્રઢતાપૂર્વક (ખોટી રીતે) માને છે કે ચિત્તભ્રમની બીમારીથી પીડાતી વ્યક્તિ (દર્દી) ભૂત-પીશાચ, શયતાન કે દેવીની અસર હેઠળ આવેલ છે. વિચારો તથા ખાસ કરીને વ્યક્તિની વર્તણૂક બીમારીને લીધે બદલાઈ નથી પરંતુ 'દેવીનો પ્રકોપ છે', 'કોઈએ કાંઈ કર્યું છે', 'શરીરમાં કોઈ આવ્યું છે', 'કોઈની નજર લાગી છે' તથા એ વ્યક્તિને આ અસરમાંથી મુક્ત કરાવવા 'ભૂવા' પાસે જ લઈ જવો જોઈએ, મસ્જિદ પર લઈ જવો જોઈએ, તાવિજ પહેરાવવું જોઈએ. ડૉક્ટરની સારવારથી વર્તણૂક નહીં બદલાય બલકે વધી જશે. આ ખોટી ભ્રામક માન્યતા છે. જે નીચેના કેસ સ્ટડી પરથી સમજાશે.

- **કેસ સ્ટડી :**

૨૮ વર્ષનો અમિત (નામ બદલ્યું છે) છેલ્લા એકાદ વર્ષથી ગુમસુમ રહેતો હતો. કોઈની સાથે બોલે નહીં. બ્રશ કરવાનું, દાંત ઘસવાનું, સ્નાન કરવાનું વગેરે રોજિંદા કાર્યો પરિવારજનો કહેતા ત્યારે કરતો. જમવા માટે પરિવારજનો ન કહે તો આખો દિવસ જમ્યા વગર ભૂખ્યો રહેતો. પોતે કોઈની સાથે (અદશ્ય વ્યક્તિ) વાતો કરતો હોય એવી રીતે વર્તતો. થોડોક સમય વાત કરતો, થોડોક સમય ચૂપ રહી ફરીથી વાતો કરતો (આપણે ટેલિફોન પર વાત કરીએ એ રીતે). ઘણી વખત કારણ વગર હસ્યા કરતો. હાથના તથા મોઢાના વિચિત્ર હાવભાવ કરતો હતો. કામધંધા પર જતો ન હતો.

આ વર્તણૂક માટે પરિવારજનોને લાગ્યું કે કોઈની અસર છે, દેવીની અસર છે. ભૂવાને બતાડ્યું. ભૂવાએ કહ્યું, 'શરીરમાં પ્રેતાત્મા છે.' એને કાઢવા માટે ભૂવાએ વિધિ બતાડી. પંદર દિવસમાં સારું થશે એમ આશ્વાસન આપ્યું. મહિનો વિધિ કરી. કોઈપણ ફરક ન પડ્યો. તકલીફ વધતી ગઈ.

દરગાહ પર લઈ ગયા. તાવિજ બનાવી પહેરાવ્યું. વર્તણૂકમાં કાંઈ ફરક ન પડ્યો.

કૂળદેવીના સ્થાનકે જઈ પગે લાગી આવ્યા. માનતા માની. પરિણામ શૂન્ય આવ્યું.

આ સમય દરમ્યાન વર્તણૂક વધારે બગડતી ગઈ. અમિત

અઠવાડિયા સુધી સ્નાન ન કરતો. ચાર મહિના સુધી વાળ કપાવવા ન ગયો તથા દાઢી પણ ન કરી.

જ્યોતિષ પાસે પણ ગયા. જ્યોતિષે કહ્યું, હમણાં ગ્રહો ખરાબ છે. વિધિ કરી. ફરક ન પડ્યો.

એક હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સક (લેખક)નો અભિપ્રાય લેવા સમજાવ્યું.

ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક તપાસ કરી. ચિત્તભ્રમ બીમારીનું નિદાન કર્યું. ઔષધોપચાર શરૂ કર્યો. ધીમે ધીમે ફરક પડવા માંડ્યો. મહિનાની સારવારમાં નોંધપાત્ર ફરક પડ્યો. બ્રશ, સ્નાન, જમવાનું નિયમિત કરવા લાગ્યો. બે-એક મહિનામાં સામાન્ય વાતચીત કરવા લાગ્યો. ચારેક મહિનાની સારવારમાં તો પૂર્વવત ધંધાની જવાબદારી લેવા માંડ્યો.

### ● મનોવૈજ્ઞાનિક સમજણ :

છેલ્લા ચાર દાયકામાં મગજના અવયવો તથા મનના અવયવો વિષે ઘણાં જ સંશોધનો થયા છે. ચિત્તભ્રમની બીમારીમાં મનના અલગ અલગ અવયવોના જ્ઞાનતંતુઓમાં બંધારણીય (કદ તથા રચના) તથા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ) ફેરફારો થાય છે. આને લીધે મનના કાર્યો જેવા કે વિચાર, વર્તન, વાણી, લાગણી, કાર્યશક્તિ, ભણતરમાં નકારાત્મક અસર થાય છે તથા ઉપરોક્ત બીમારીના લક્ષણો જોવા મળે છે. જૂના જમાનામાં આ વૈજ્ઞાનિક જાણકારી ન હોવાથી ભૂત, પીશાચ, દેવી, શયતાનની અસર જેવા તર્ક ઉત્પન્ન થયા હતા.

થોડા વર્ષો પહેલા આપણે શીતળા (Small pox)નો રોગ ''દેવીએ'' દીધેલ શ્રાપ માનતા હતા તથા દસેક દિવસ બાદ દેવીને મનાવવા મંદિરે પણ જતા હતા તથા પૂજા વગેરે કરતા હતા. આજે આ માન્યતા ખોટી પુરવાર થયેલ છે. શીતળાનો રોગ વાઈરસને કારણે થાય છે, જે શીતળા વિરોધી રસી લેવાથી અટકાવી શકાય છે.

તેવી જ રીતે વિચારો, વાણી, વર્તણૂક, લાગણી, કાર્યશક્તિ, ભણતરમાં થતા ફેરફારોના લક્ષણો પરથી ચિત્તભ્રમ બીમારીનું નિદાન કરાય છે. યોગ્ય તબીબી સારવારથી દર્દી સારો થાય છે તથા મહદ્ અંશે નોર્મલ જીવન જીવી શકે છે.

## ગેરસમજ-૨

*''કેટલું સમજાવ્યું છતાં પોતાના વિચારો બદલતો નથી. વિચારો છોડતો નથી.''*

### મનોવૈજ્ઞાનિક સત્ય :

નોર્મલ વ્યક્તિની જેમ ચિત્તભ્રમ બીમારીથી પીડાતી વ્યક્તિના વિચારો એના કાબૂમાં નથી હોતા. વિચારો દર્દીનો કાબૂ લઈ લે છે. જેવી રીતે ટાઈફોઈડ કે મેલેરિયાના તાવથી પીડિત વ્યક્તિ તાવ કાબૂમાં રાખી શકતી નથી તેવી જ રીતે ચિત્તભ્રમથી પીડાતી વ્યક્તિ વિચારોને કાબૂમાં રાખી શકતી નથી. વૈદ્યકીય સારવારની જરૂરત છે.

### ● કેસ સ્ટડી :

પ્રફુલને પોતાની પત્ની દમયંતી (નામ બદલ્યા છે) પર શંકાઓ આવતી હતી. પ્રફુલને લાગતું હતું કે દમયંતી બીજી વ્યક્તિને પ્રેમ કરે છે, એની જોડે વાતચીત કરે છે, એની જોડે ફરવા જાય છે. દમયંતી ઓફિસમાં કામ કરતી હતી. એના સાથી કાર્યકરોને બપોરે લંચના સમયે ફોન કરીને પૂછતો કે દમયંતી ક્યાં છે? સાંજે ઘરે આવીને પ્રફુલ દમયંતીનો મોબાઈલ ફોન તપાસતો કે દમયંતી પર કોના ફોન આવ્યા છે તથા દમયંતીએ કોને કોને ફોન કર્યા છે.

પ્રફુલ પોતાના કામ પર ઓફિસે હોય ત્યારે એને સતત દમયંતીના વિચારો આવતા હતા. દમયંતી ક્યાં હશે, ઓફિસમાં હશે કે નહીં, કોઈની જોડે બહાર ગઈ હશે વગેરે. આ વિચારોને લીધે પ્રફુલના કામમાં ભૂલો થતી હતી.

દમયંતીએ ઘણું સમજાવ્યું કે આવું કાંઈ નથી. પ્રફુલના મમ્મી - પપ્પાએ પણ ઘણું સમજાવ્યું પણ પ્રફુલના વિચારોમાં કોઈ ફરક ન પડ્યો.

પ્રફુલ તથા દમયંતી વચ્ચે ઉપરોક્ત વિચારોને લીધે વારંવાર ઝઘડા થતા હતા. વાત છૂટાછેડા સુધી પહોંચી ગઈ હતી. એક સંબંધીએ લેખકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

નિદાન બાદ સારવાર શરૂ કરી. પ્રફુલ તથા દમયંતીએ સહકાર આપ્યો. દવાની સારવારથી બે મહિનાના ટૂંકા ગાળામાં વિચારોમાં નોંધપાત્ર બદલાવ આવ્યો. જે પાંચેક વર્ષના સમજાવવાથી આવ્યો ન હતો.

### મનોવૈજ્ઞાનિક સમજણ :

વધારે પડતા વિચારો આવવા, વિચારો પોતાના કાબૂમાં ન રહેવા, અયોગ્ય વિચારો કે નકારાત્મક વિચારો આવવા એ મનની બીમારીનું લક્ષણ છે. મગજમાં આવેલ મનના અવયોમાં થતા બંધારણીય તથા રાસાયણિક ફેરફારોને લીધે દર્દીને વધારે પડતાં વિચારો આવે છે. દર્દી વિચારોને પોતાના કાબૂમાં રાખી શકતો નથી.

આવા કિસ્સામાં સમજાવવા કે સલાહ આપવાને બદલે મનોચિકિત્સક દ્વારા યોગ્ય નિદાન કરાવી યોગ્ય સારવાર કરાવવી અત્યંત અગત્યનું છે.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

લોકોની પ્રબળ ઈચ્છા, સહકારી ક્ષેત્ર અને કોર્પોરેટ ક્ષેત્રની સહભાગીદારીથી સાકાર થશે....

પ્રજાતંત્ર

# સ્વચ્છ ભારત અભિયાન

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા ત્યારે ભારતવાસીઓ અંગ્રેજોની ગુલામીમાં હતા. ગુલામીથી મુક્ત કરવાની સાથે આર્થિક રીતે સ્વાવલંબન આવે અને સાચા સ્વરાજયનું નિર્માણ થાય તે હેતુસર ગાંધીજીએ વિવિધ રચનાત્મક કાર્યક્રમો આપ્યા હતા. ચાર રચનાત્મક કાર્યક્રમથી પ્રારંભ કરેલો તે જરૂરત પ્રમાણે ઓગણીસ કાર્યક્રમો સુધી પહોંચેલ. આ રચનાત્મક કાર્યક્રમો દ્વારા દેશની સમસ્યાઓ ઉકેલવાનો હેતુ હતો. બીજું, ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમો આપીને પોતાના જીવનમાં આચરી બતાવ્યા! આ કાર્યોમાં સ્વચ્છતા - ગ્રામસફાઈ અંગેનો કાર્યક્રમ પણ હતો.

સ્વચ્છતા અંગે આજે પણ આપણે દુર્લક્ષ સેવીએ છીએ, સભાન થયા નથી. ગામડાનાં પાદર આજે પહેલાં કરતાં પણ વધુ ગંદા-ગોબરાં, ગુટકા - પ્લાસ્ટિકના ઢગલાઓથી ખદબદે છે. શહેરોમાં પણ ઘણી ખરાબ સ્થિતિ છે. શહેરોમાં રહેણાક વિસ્તારોમાં પણ જ્યાં ત્યાં કચરો ફેંકવો, એંઠવાડ ફેંકીને ગંદકીમાં વધારો કરવામાં આવે છે. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નું સૂત્ર તો સરસ છે પણ ડગલે ને પગલે ગંદકીમાં વધારો કરીએ છે. પ્રભુ જ્યાં બિરાજે છે તે પવિત્ર મંદિરોની આસપાસ ભક્તિના નામે ગંદકી કરતાં સહેજ પણ ખચકાટ થતો નથી!

ગાંધીજીનાં રચનાત્મક કાર્યોમાંના ગ્રામસફાઈ - સ્વચ્છતાના વિચારને લઈ પંદરમી ઓગસ્ટ, ૨૦૧૪ના સ્વાતંત્ર્ય પર્વના ભાષણમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'સ્વચ્છ ભારત'ની વાત વહેતી મૂકેલી. આ 'સ્વચ્છ ભારત અભિયાન'ની પંચવર્ષીય યોજનાને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂર કરી છે. આ અભિયાન માટે રૂા. ૬૨,૦૦૦ કરોડ મંજૂર કરાયા છે અને દેશનાં ૪,૦૦૦ શહેરોમાં તેનો અમલ કરાશે. 'સ્વચ્છ ભારત અભિયાન'નો પ્રારંભ ગાંધીજીના જન્મદિન બીજી ઓક્ટોબર, ૨૦૧૪થી સમગ્ર ભારતભરમાં થશે અને તેમની ૧૫૦મી જન્મજયંતી – ૨૦૧૯ સુધી એમ પાંચ વર્ષ આ સ્વચ્છતા અભિયાન ચાલશે.

ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોમાં રોજગારીની વાત હતી. મોદીજીએ પણ સ્વચ્છતા અભિયાનને રાષ્ટ્રની આર્થિક વિકાસની પ્રવૃત્તિ સાથે સાંકળેલ છે. આ અભિયાનથી સકલ ઘરેલુ ઉત્પાદનમાં વધારો થશે, રોજગારીના સ્રોતમાં વધારો થશે અને પ્રવાસન પ્રવૃત્તિમાં વધારો થશે. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના વિચારને સાકાર કરતા 'સ્વચ્છ ભારત અભિયાન' લોકભાગીદારી અને કોર્પોરેટ કંપની - ક્ષેત્રના સહકારથી પૂર્ણ કરવાની નેમ રખાય છે. દેશની દરેક વ્યક્તિને વર્ષના ૧૦૦ કલાક સ્વચ્છતા અભિયાનમાં આપવાની મોદીએ અપીલ કરી છે.

દિવાળીના પ્રસંગે જેમ ઘરને સ્વચ્છ સુઘડ બનાવીએ છીએ તેમ વ્યક્તિગત નૈતિક જવાબદારી સમજીને ફળિયું, શેરી, મહોલ્લો, ગામ અને શહેરને સ્વચ્છ બનાવવાનું છે. ગામડાઓમાં આજે પણ ખુલ્લામાં જાજરૂ જવાથી ગંદકીમાં વધારો થાય છે. શહેર - ગામડાઓમાં ખુલ્લામાં સંડાસ જવાને કારણે દર વર્ષે હજારો બાળકો મરણ પામે છે અને મહિલાઓની સુરક્ષા પર ભય રહે છે.

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત વ્યક્તિગત, જૂથમાં અને સામૂહિક ધોરણે જાજરૂ બાંધવા, ખુલ્લામાં સંડાસ જવાનું ઘટાડવું, જાજરૂ અંગેની તકનિકી જાણકારી આપવી, જાજરૂના યોગ્ય ઉપયોગ અંગે લોકોનું વલણ, માનસ અને વર્તણૂક બદલવાનો ધ્યેય રાખવામાં આવ્યું છે. આ માટે યોગ્ય, સમર્પિત કર્મચારીઓની ભરતી કરવી.

સ્વચ્છ ભારત અભિયાનમાં ગામની સેવા સહકારી મંડળી કે દૂધ સહકારી મંડળીઓ, સહકારી સંસ્થાઓ પણ સારી એવી ભૂમિકા અદા કરી શકે. ગ્રામ પંચાયત અને સહકારી મંડળી સંયુક્ત રીતે આ સફાઈનું કામ સંભાળી શકે. સહકારી મંડળી દ્વારા સફાઈ કામદાર ટુકડી રચીને તેનું દેખરેખ, નિયમન કરી શકે છે. તો સહકારી બેંકો સ્વચ્છતા અભિયાનમાં આર્થિક અનુદાન આપીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી શકે છે. સ્વચ્છતા અંગે લોકોની પ્રબળ ઈચ્છા, સહકારી અને કોર્પોરેટ ક્ષેત્રની સહભાગીદારીનો સરવાળો થાય તો પાંચ વર્ષમાં સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર થાય...!

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# અંતરિયાળ ગામડાંઓના ખાતેદારોને મહેસૂલી તંત્રનો ત્રાસ

● શશીકાંત ઠક્કર, એડવોકેટ ●

કચ્છ જિલ્લામાં કેટલાયે ખેડૂતોની માલિકીની જમીનો કોઈપણ જાતની તપાસ કે કાર્યવાહી વિના મનસ્વી રીતે સરકારી ખાતામાં દાખલ કરી દેવામાં આવી છે. આ બાબતનો સ્વીકાર કરી સરકારે સન ૧૯૭૦માં ખાસ ઠરાવ દ્વારા આવા ખેડૂતોની જમીનો નિયમિત કરી આપવા હુકમ કર્યો છે પરંતુ તેનો યોગ્ય અમલ ન થવાના પરિણામે આવા પચીસથી ત્રીસ હજાર સરવે નંબરો વિવાદમાં ફસાયા છે. જે ખેડૂતો આ માટે અવારનવાર અરજીઓ કરતા રહે છે તેમને છેવટે જ.મ.કા.ની કલમ-૩૭(૨) બતાવી સરકાર સામે દાવો દાખલ કરવા સૂચના અપાય છે. બીજી તરફ મહેસૂલી અમલદારો પાસે આવા રજૂ થયેલા દાવાઓ પણ વર્ષો સુધી ચલાવવામાં આવતા જ નથી. ભૂલેચૂકે કોઈક કિસ્સાઓમાં કોઈક સારા અમલદાર ખેડૂતની તરફેણમાં દાવાનો નિકાલ કરી આપે તો પણ ઉચ્ચ અમલદારો તેમની બહાલી મેળવવાના બહાને તેવા હુકમોનો અમલ કરવા દેતા નથી અને આવા હુકમો રીવીઝનમાં લેવા વખતો વખત અનધિકૃત હુકમો કરતા રહે છે.

કચ્છના પશ્ચિમ છેડે આવેલા લખપત તાલુકાના એક અંતરિયાળ ગામ જાડવાના કેટલાક ખેડૂતોની દર્દનાક કહાની આજે રજૂ કરવી છે.

આ ગામ જાડવાના આઠ ખેડૂતોની વડીલો પાર્જીત જમીનો નવા મહેસૂલી દફતરમાં તેમના નામે નોંધાયેલ ન હોતાં તે દફતરમાં નોંધી આપવા આ ખેડૂતોએ તા. ૧૭-૫-૨૦૦૨ના તત્સમયના રાજ્યના પંચાયત મંત્રી શ્રી રણછોડભાઈ દેસાઈને અરજી કરેલી. આ અરજીના અનુસંધાને મામલતદાર લખપતની સૂચના અનુસાર ખારાઈના તલાટી મંત્રીએ આ ખેડૂતોની જમીન અંગે કલમ-૩૭(૨) હેઠળના કાગળો તૈયાર કરી દસ પ્રકરણો તા. ૧૫-૭-૨૦૦૨ ના મામલતદાર લખપતને રજૂ કરેલ હતા.

આ પૈકીના ત્રણ પ્રકરણોમાં આધાર પુરાવા તપાસી મામલતદારે તા. ૭-૮-૨૦૦૩ના અલગ અલગ ત્રણ હુકમોથી વિવાદી જમીનો જે તે ઈસમની ખાનગી માલિકીની ઠરાવી આપી હતી. તે મુજબ રબારી હમીર રામાની જુના સ.નાં. ૮૬ ના નવા સ.નાં. ૭૪ ની જમીન એ. ૧૧.૨૦, રબારી પેથા રામાની જુના સ.નાં. ૭૯ ના નવા સ.નાં. ૭૨ એ. ૧૦.૧૦ તથા સ્વ. જલા જેસંગના વારસ રબારી વંકા રામાની જુના સ.નાં. ૧૦૮ ના નવા સ.નાં. ૧૩ ની જમીન એ. ૧૧.૦૯ તેમની માલિકીમાં ઠરાવી આપેલ હતી.

આ પ્રકરણો ત્યારબાદ બહાલી માટે કલેક્ટરશ્રીને મોકલાતાં તેમણે તેમાં કેટલાક મુદ્દાઓ કાઢી તે અંગે રીવીઝનો ચલાવી તા. ૧૮-૨-૨૦૦૫ના હુકમોથી ત્રણે કામો ફરી નિર્ણય માટે મામલતદારને રીમાન્ડ કરેલા.

મામલતદારે આ કામોની ફેર ચકાસણી કરી સન ૨૦૦૯ માં ફરીથી ત્રણે જમીનો જે તે ઈસમની ખાનગી માલિકીની હોવાનું ઠરાવી આપેલ. આ ઠરાવો નાયબ કલેક્ટર નખત્રાણાએ પણ યોગ્ય ગણીને બહાલી માટે કલેક્ટરને મોકલ્યા હતા. પરંતુ ત્યારથી આ પ્રકરણો કલેક્ટર કક્ષાએ પડતર રહ્યા હતા.

આથી ત્રણે જણાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ડિસેમ્બર ૨૦૧૨ માં રીટ પીટીશનો અનુક્રમે સ્પે.સી.એ. નં. ૧૦૪૯/૧૩, ૧૦૫૦/૧૩, અને ૧૦૫૧/૧૩ કરેલી. આ દરમ્યાન પ્રથમના હમીર રામાના પ્રકરણે કલેક્ટરશ્રીએ ફરીથી તા. ૧૮-૭-૨૦૧૩ ના રીવિઝનની નોટીસ આપેલી અને ત્રીજા સ્વ. જલા જેસંગના પ્રકરણે તો આ જમીન અન્ય કંપનીને ફાળવી આપેલી અને તેથી મામલતદારનો હુકમ રીવિઝનમાં લેવા તા. ૩૧-૩-૨૦૧૧ ના નોટીસ કરેલી.

પ્રથમની બે પીટીશનોની સુનાવણી ગુજરાત હાઈકોર્ટમાં તા. ૭-૪-૨૦૧૪ અને તા. ૨૯-૪-૨૦૧૪ ના થઈ જતાં નામદાર હાઈકોર્ટ દ્વારા વચગાળાનો હુકમ કરી અરજદારોની માગણી મુજબ વિવાદી જમીન જે તે વ્યક્તિના ખાતે દાખલ કરી આપવા હુકમ કરેલ છે જયારે ત્રીજી પીટીશન સુનાવણી પર બાકી છે.

આમ આ અરજદારોને આજે ચાલીસ વર્ષ પછી ગુજરાત હાઈકોર્ટે વચગાળાના હુકમ તરીકે ન્યાય આપ્યો છે પરંતુ તે માટે તેમને માનસિક ત્રાસ, પરેશાની અને આર્થિક નુકસાની ભોગવવી પડી છે તે કલ્પનાનીત છે.

સરકારના સ્પષ્ટ લેખિત હુકમો હોવા છતાં વહીવટી તંત્ર તેનો અમલ કરવાનું ટાળીને અરજદારોને આપખુદી પૂર્વક કોર્ટોના ચક્કર કાપવા મજબૂર કરે છે તે એક મોટી કમનસીબી છે અને આવી અનધિકૃત કાર્યવાહી માટે પણ તેમને કોઈ નુકશાન વેઠવાનું આવતું નથી તે વિધિની વક્રતા છે.

વાસ્તવમાં જ.મ.કા.ની કલમ-૩૭(૨) ના અધિકાર કલેક્ટરના છે અને તે તેમણે મામલતદારને ડેલીગેટ કર્યા છે. આથી મામલતદાર જે હુકમ કરે તે કલેક્ટરનો હુકમ ગણાય અને તેથી તે હુકમને રીવીઝનમાં લેવા કલેક્ટરને અધિકાર જ પહોંચતા નથી. આ બાબત તા. ૯-૯-૨૦૧૧ ના ચૂકાદાથી હાઈકોર્ટની બેન્ચે નિર્ણિત કરી આપેલ છે અને જ.મ.કા.ની કલમ-૩૭(૨)ની જોગવાઈમાં આ કલમ હેઠળ કરવામાં આવેલ હુકમને ઉચ્ચ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)**

*તમને જે કંઈ જોઈએ છે તે બધું જ મળશે. સ્મિત વેરીને મેળવો, બળના જોરે કે તલવારના ઘા થી નહિ.*

કચ્છ

# ....અને માધાપર કચ્છ રાજ્યના હાથમાંથી જતું બચી ગયું!

● નરેશ પી. અંતાણી ●

*મહારાવ ખેંગારજીને દીવાન મણિભાઈ જશભાઈ પ્રત્યે અપાર પ્રીતિ હોવાના કારણે તેમણે કચ્છ છોડ્યું ત્યારે તેમની વિદાય વખતે મહારાવે માધાપર ગામ તેમને બક્ષીસમાં લખી આપ્યું, પણ તેમના આ પગલાંથી કચ્છ રાજ્ય માટે મોટો ભય ઊભો થયો તે તરફ તેમનું ધ્યાન ન ગયું!*

તવારીખી તેજછાયા કટારના બીજા ચરણના આરંભે ભુજ શહેરના પરાં સમાન માધાપર નગર એક સમયે કચ્છ રાજ્યના હાથમાંથી જતું રહેવાની તૈયારીમાં હતું તેની રસપ્રદ વાત કરવાનો ઉપક્રમ છે. કચ્છના ઈતિહાસમાં બહુ ઓછી જાણીતી છતાં રસ પડે તેવી આ વાત માંડીએ તે પહેલાં નાનકડાં છતાં રૂપકડાં નગરના ઈતિહાસ પર નજર કરીએ.

ભુજ શહેરના પરાં વિસ્તાર સમાન માધાપર કચ્છ રાજ્યના વખતમાં દરબાર ખાલસા ગામ હતું અને તે સમયમાં તેની ગણતરી ભુજ શહેરમાં જ કરવામાં આવતી હતી. ઈ.સ. ૧૯૭૧માં માધાપરની વસતિ ૧૧૧૮૮ હતી જ્યારે મિલીટરી વિસ્તાર સહિત ભુજ શહેરની વસતિ ર૩૮ર૮ની હતી. હાલે માધાપરની વસતિ છેલ્લી વસતિ ગણતરી પ્રમાણેની છે.

એક નોંધ મુજબ ખીમજી વિશ્રામ વાગડિયાએ સંવત ૧૯૮૪ વૈશાખ સુદ ૭ (ઈ.સ. ૧૯૨૮) ના માધુભા સાહેબના નામ પરથી માધાપર નામકરણ કરી ગામનું તોરણ બાંધ્યું હતું. અને ગામ મહારાવ ખેંગારજીએ બંધાવ્યું હતું. પરંતુ માધાપર ગામમાંથી જ મળતા આધારો મુજબ આ પહેલાંથી જ ગામનું અસ્તિત્વ તો હતું જ. કેમ કે ઈ.સ. ૧૮૮૪ ના વર્ષમાં કચ્છ રાજ્ય તરફથી ૨૦૪૫૫ કોરીના ખર્ચે દરબારી શાળા બંધાવવામાં આવી હતી. સ્થાપત્ય સભર કલાત્મક થાંભલીઓથી શોભતી આ શાળાને ઈ.સ. ૨૦૦૧ ના ધરતીકંપમાં નુકસાન થયું છે. પરંતુ શાળાના બાંધકામની ગવાહી આપતો શિલાલેખ આજે પણ છે. તો આ શાળાની સામે જ મહારાવ ખેંગારજી ત્રીજાના સમયમાં રાજ્યના દીવાન મણિભાઈ જશભાઈએ વાટે પસાર થતા લોકો માટે સુશોભિત વાવ મહારાવના માતુશ્રી નાનીબાની સ્મૃતિમાં નિર્માણ કરાવી હતી. આ વાવ પણ ઈ.સ. ૧૮૮૪ના વર્ષમાં જ બંધાવાઈ છે. ૨૦૦૧ના ધરતીકંપમાં આ વાવને પણ નુકસાન થયું હતું પરંતુ આશાપુરા ગ્રુપ દ્વારા ચાર લાખના ખર્ચે તેનું પુનઃનિર્માણ કરાયું છે.

માધાપર ગામ કચ્છ રાજ્યના હાથમાંથી જતું કેવી રીતે બચી ગયું તેની એક રસપ્રદ વાત ઉમિયાશંકરભાઈ અજાણીએ નોંધી છે. રાવ ખેંગારજીના સમયમાં કચ્છના દીવાન તરીકે મણિભાઈ જશભાઈ હતા. કચ્છના રાજવી પરિવારને મણિભાઈ પ્રત્યે અપાર પ્રેમ હતો. આ છતાં બ્રિટિશ સરકારના રાજકીય પ્રતિનિધિ સાથેના મતભેદને કારણે ઈ.સ. ૧૮૮૦માં તેમને કચ્છ છોડવું પડ્યું હતું. પાછળથી ખેંગારજીના પ્રયત્નોથી તેઓ પુનઃ કચ્છના દીવાનપદે આવ્યા હતા. ૧લી ઓગસ્ટ, ૧૮૮૫ સુધી તેઓ આ પદે રહ્યા પછી કચ્છ છોડી તેઓ વડોદરાના દીવાન તરીકે ગયા હતા.

મહારાવ ખેંગારજીને મણિભાઈ પ્રત્યે પ્રીતિ હોવાના કારણે તેમણે કચ્છ છોડ્યું ત્યારે તેમના વિદાય સમારંભમાં મહારાવે માધાપર ગામ તેમને બક્ષીસમાં લખી આપ્યું. આ હકીકતની જાણ વાઘજી વોરા તથા નારાણજી શેઠને થતાં અને તેમનો આ નિર્ણય કચ્છના હિતમા યોગ્ય ન હોવાનું જણાતાં તેમણે લઘુ બક્ષીને આ ઘટનાની જાણકારી આપી અને મહારાવના આ નિર્ણયથી ભવિષ્યમાં ઊભા થનારા સંભવિત ભયથી પણ તેમને વાકેફ કર્યા અને મહારાવને પોતાના નિર્ણયમાં પુનઃ વિચાર કરવા વિનંતી કરવા કહ્યું. આથી લઘુ બક્ષી તુરત જ મહારાવને મળવા ગયા. એ સમયે મહારાવ ભોજન કરતા હતા. લઘુ બક્ષીએ મહારાવને તોતાના નિર્ણયમાં ફેરફાર કરવા વિનંતી કરી. પરંતુ મહારાવે તો માધાપર ગામ મણિભાઈને લખી જ આપ્યું હતું અને તેના ખત પણ લખાઈ ગયા હતા તેથી મહારાવે બક્ષીની વાત ધ્યાનમાં લીધી નહીં. આ સમયે લઘુ બક્ષીએ મહારાવની ભોજનની થાળી ઉપાડી લીધી અને પોતાની તલવાર મહારાવને આપતાં કહ્યું કે ‘મણિભાઈને માધાપર ભલે ખુશીથી આપો પણ તે પહેલાં આ તલવારથી મારું માથું વાઢી નાખો.’ લઘુ બક્ષીની આટલી જીદનું કારણ પૂછતાં બક્ષીએ જણાવ્યું કે, ‘કાલે સવારે મણિભાઈ કે તેમના વંશજોની આર્થિક સ્થિતિ બગડે કે કોઈ પણ અન્ય કારણસર તેમને આપે બક્ષીસમાં આપેલું માધાપર ગામ કોઈ અન્યને વહેંચે કે ગીરવે મૂકે તો આપણા રાજ્યમાં વિદશી પગપેસારો થાય અને જો આમ થાય તો તે કચ્છ રાજ્યના હિતમાં નહીં હોય.’ બક્ષીની આ વાત મહારાવને ગળે ઉતરતાં અને સંભવિત મુશ્કેલીઓનો તેમને ખ્યાલ આવી જતાં તેમણે તુરત જ બક્ષિસનું ખત પાછું મંગાવી ફાડી નાખ્યું અને મણિભાઈને માધાપર ગામ આપવાને બદલે રૂ. ૭૫૦૦૦/- રોકડા અને કિંમતી પોશાક બક્ષીસમાં આપ્યા.

આમ, માધાપર ગામ કચ્છ રાજ્યના હાથમાંથી જતું બચી ગયું.

*‘ભૂમા નિકેતન’, ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે,*
*રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

*અભિમાની માણસ પોતાના સારા કામ તથા અન્યના ખરાબ કામ ગણાવ્યા કરે છે.*

પારિવારિક

# પ્રભુજી અબ તો આકર બાંહધરો....

• માલતી શાહ •

સુંદર મજાનો બંગલો છે. બંગલાની કમ્પાઉન્ડ વૉલ થોડી વધારે ઊંચી છે. તેને કારણે નીલાને આવતા-જતા લોકો દેખાતા નથી પણ દીવાલની પાછળ જ મોટાભાઈએ વાવેલો લીમડો ઊંચો અને ઘેઘૂર થઈ ગયો છે. તે નીલાનો સંગાથી હોય તેમ મંદ પવનના ઝોકે પણ તેની ડાળી, પાંદડા થોડા થોડા હલ્યા કરે છે. પાનખરને કારણે પીળા પડી ગયેલા પાન થોડા થોડા ખરી પડે પણ તેની કોઈ પીડા કે ચિંતા લીમડાને હોય તેમ લાગતું નથી અને થોડા સમયમાં જ બીજા નવા સહેજ મરૂન રંગના કૂણા પાન પોતાની આગવી અદાથી ઝુમવા લાગે. લીમડાના ચમકીલા કૂણા પાનને જોઈને મનમાં તાજગી ફૂટે.

તેઓના બંગલામાં દાખલ થતાં જ ડાબી બાજુ નાનકડો સુંદર બગીચો છે. જમણી બાજુ બે જણા બેસી શકે તેવો હિંચકો છે. મોટેભાગે હિંચકા પર બેસવાનો કોઈને સમય નથી હોતો, પણ ક્યારેક નીલા બાપુજીનો હાથ પકડીને હિંચકા પર બેસવા લઈ આવે છે. અઠવાડિયા પહેલા જ માળી રજનીગંધાનો વિકસેલો રોપ વાવી ગયો છે. તેની એક લાંબી ડાળી પર કળીઓનું ઝુમખું છે. તે ખીલશે ત્યારે અનેરી સુગંધ પ્રસરાવશે, રાતના તો ખાસ. બાપુજીને આ સુગંધ ગમે છે.

ઘરમાં તો ઘણા બધા છે પણ બાપુજીને કોઈ કામ હોય તો નીલાના નામનો જ સાદ પડે અને નીલા પણ તરત જ બાપુજી પાસે પહોંચી જાય. શું છે બાપુજી? પૂછતી તે તેમના માથા પર વહાલથી હાથ ફેરવે. નીલાના પ્રેમાળ સ્પર્શથી જ બાપુજીને ખૂબ જ શાંતિ લાગે છે. બાપુજીને આંખે બિલકુલ દેખાતું નથી. જાણે રજનીગંધાના ફૂલો ખિલ્યા કે નહીં તે પૂછવા જ તેમણે નીલાને બોલાવી હોય તેમ પૂછે, નીલા, રજનીગંધાના ફૂલો ખિલ્યા?

બા હતા ત્યારે પણ બાપુજીને બહુ દેખાતું નહીં. પણ અટકળે તેઓ પોતાનું કામ કરી લેતા અને બા તો તેમની આસપાસ જ રહેતા. તેમની એક આંખ તો પહેલાથી જ એક અકસ્માતને કારણે ખોટી થઈ ગઈ હતી અને હવે આ બીજી આંખમાં ઝામરનો પ્રકોપ! બહુ મોડું થયું ઈલાજ કરાવવામાં અને પછી ઈલાજ શક્ય જ ન રહ્યો. લાઈટ હોય અને કોઈ વ્યક્તિ સામે ઊભી હોય તો ઝાંખો ઝાંખો પડછાયો દેખાય. કોણ છે તે કહી ન શકાય. બાપુજીની આ તકલીફને કારણે બાને ખૂબ જ દુઃખ થાય. બા, બાપુજીનો હાથ પકડીને બહાર લઈ જાય. બા જીવ્યા ત્યાં સુધી તેમનો પડછાયો બનીને રહ્યા. પડછાયો તો અંધકારમાં સાથ છોડી દે, પણ બા તો અજવાળું હોય કે અંધારું, બાપુજીનો સાથ ક્યારેય ન છોડતા.

બા ક્યારેક પોતે આંખ બંધ કરીને ચાલવાનો પ્રયત્ન કરતા. બાપુજી કેવી રીતે તેમની આ અંધકારભરી દુનિયા સહી લેતા હશે. તેમને તે જાણવું હોય, આંખમાં ફેલાયેલું અંધારું માનવીના ઘણા બધા સુખોને હણી લેતું હશે? આ વિચારે બાની આંખો ભીની થાય, પણ પોતાના દુઃખને પચાવી ગયેલા બાપુજીની ચેતન વગરની આંખો કોરી જ હોય!

બાપુજી હવે કોઈના સહારા વગર ચાલવાની હિંમત નથી કરતા. સતત બીક રહે કે પડી જઈશ તો? બા હંમેશાં કાચની બંગડી પહેરે અને તેનો રણકાર બા પોતાની નજીક જ છે તેવો હૈયાધારણ બાપુજીને આપે. બા હાજર ન હોય તો પણ કોઈ ને કોઈ તો બાપુજીના રૂમમાં હાજર રહે છે.

ઘણીવાર બાની આંખો ભીની થઈ જાય! બાપુજીને આટલા બધા નિઃસહાય જોઈને તેનું હૃદય દ્રવી ઊઠે પણ ઘરમાં કોઈને દુઃખ ન પહોંચે તેથી તેઓ આંસુ સંતાડે! પણ છતાંય નાનકડી શિવાનીની નજરે બાના આંસુ પડે તો તે બાનો પાલવ પકડીને ઊભી રહે. દાદી, કેમ રડો છો? પાણી પીવું છે? અને બા હળવી થઈ જાય.

સાંજે બા-બાપુજીનો હિંચકા પર બેસવાનો નિત્યક્રમ. બા હિંચકે બેઠા બેઠા ક્યારેક છાપુ વાંચી સંભળાવે, ક્યારેક કોણ આવ્યું, કોણ ગયું તેની માહિતી આપે. ધીમો વરસાદ વરસતો હોય, પણ તે બાપુજીને સ્પર્શતો ન હોય તો બાપુજીનો હાથ પકડી હથેળીને વરસાદ ઝીલવા ખૂલી કરાવે. વરસાદ આવે છે? બાપુજી પ્રસન્નતાથી હા કહે. હિંચકાને બહુ ડોલાવો તો બેઉને ન ગમે. સ્થિર હિંચકા પર બંને જોડે જોડે બેઠા હોય અને બા તેમને કોઈ ફળ સુધારીને ખાવા માટે દેતી હોય અને બાપુજી કહેતા હોય, હવે બસ, તેવા મનોહર દશ્યો હિંચકા પર સર્જાય અને બાની લાલચટક કાચની બંગડી રણકતી રહે.

ક્યારેક બાપુજી પોતાનામાં ખોવાઈને એકલા બેઠા હોય. પણ તે વાત ઘરના કોઈને ન ગમે. નીરજ વ્હીલચેરમાં બાપુજીને બેસાડીને ડ્રોઈંગરૂમમાં લઈ જાય. બાપુજી ટી.વી. પર સરસ જૂના ગીત આવે છે, સાંભળશોને? હા. અને બાપુજી આવડતા ગીતો ગાવા પણ લાગે. બાપુજી તાલ દેતા જાય અને ગાતા જાય. જાણે બાપુજી વરસો પહેલાના બાપુજી! પણ વરસો પહેલાના બાપુજી લાંબો સમય નથી રહેતા, પાછા પોતાની અંધકારભરી દુનિયામાં જઈ શાંત બેસી રહે છે.

દો હંસો કા જોડા બિછડ ગયા રે, જેવું થયું. અચાનક જ હૃદયમાં દુઃખાવો ઉપડ્યો અને હાર્ટ ફેઈલ! બા હવે નથી રહ્યા.

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)

*હંમેશાં બીજાને પ્રસન્ન રાખવાની વાત વિચાર્યા કરો. આ નુસખાથી તમે ૧૪ દિવસમાં સાજા થઈ જશો.*



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : અજ ઉગેજો સામેવારા નટુકાકા પંઢજે પુત્તર ગટુ કે ચ્યાં તે ક મુંજી દાઢી કરેલા આંઉ જુકો આરીસો વાપરીયાંતો સે ખરાબ થે વ્યો આય. મોં પણ ભરાભર ડસાજે નતો ને દાઢી કરેમેં તકલીફ થીયેતી. તડેં તું ભજારમેં વેનેને હકડો ખાસો આરીસો ગેને અચ... આરીસેમેં મુંજો મોં ભરોભર ડેસાણું ખપે... સે ગટુ તેરંઈ વ્યો આરીસો ગેનેલો... ત તું નટુકાકા જે ઘરે વેને ને નેરે અચ ક ગટુ કેડો આરીસો આને આય... ખાસો વે ત પાંકે પણ મંગાણું આય.

બચુડો : આંઉ નટુકાકાજે ઘરે વ્યો તેડેકમેં જ ગટુ ભજારમેં જા આવ્યો વો ને પંઢજે પે કે ચેંતે આરીસેજી દુકાનું ફરેફરેને મુંજે ટંગેજી કઢી થે વઈ પણ કોઈપણ દુકાન તે એડો અરીસો નતે મલ્યો જેમેં આંજો મોં ભરાભર ડસાજે. મડે આરીસેમેં મુંજા જ મોં ડસાણાં તે. અતરે પોય આંઉ આરીસો ગેને વગર જ પાછો આવ્યો.

## ખિલજા મ ભલા

મંગાજી : અલ્યા ભગાજી, આમ સિત્તેર વર્ષની ઉંમરે વીસ વરસની કન્યા સાથે લગ્ન તો કરી લીધા. પણ એમાં જાનનો ખતરો છે.

ભગાજી : ભલે... ભલે... એ ઉકલી જશે તો બીજી લાવીશ.

☺ ☺ ☺ ☺ ☺

જમના : ભગવાનની કૃપાથી મારે બે બાળકો છે!

ગંગા : હે ભગવાન! મને પણ બે આપ્યા હોત તો?

જમના : તમને બાળકો નથી?

ગંગા : છે ને, પૂરા સાત છે!!

☺ ☺ ☺ ☺ ☺

પત્રકાર : બહેનજી, તમારા તો ભાગ્ય ખૂલી ગયા. ખાનદાની તવંગર સાથે લગ્ન થઈ ગયા. પણ આ પહેલા શું કરતા હતા?

ગૃહિણી : એ શેઠના ઘરમાં જ કામવાળી હતી.

પત્રકાર : ખરેખર નસીબદાર છો.

ગૃહિણી : શું ખાક નસીબદાર? પહેલા જે કામ કરવાના ૫૦૦/- રૂા. મળતા હતા તે હવે મફતમાં કરવું પડે છે!!

☺ ☺ ☺ ☺ ☺

મંજુ : પપ્પા, સુરેશ મારી સાથે લગ્ન કરવા માંગે છે.

પપ્પા : તો કરી નાખ. તારી ખુશીમાં અમારી ખુશી.

મંજુ : પણ મમ્મીને છોડી જવાનો વિચાર મારું હૃદય કોરી ખાય છે.

પપ્પા : સાચા પ્રેમમાં કોઈ રૂકાવટ ન આવવી જોઈએ. તારી મમ્મીને પણ તું પ્રેમથી સાથે લઈ જઈ શકે છે.

☺ ☺ ☺ ☺ ☺

ન્યાયાધીશ : તમારા પર આરોપ છે કે છેલ્લા વીસ વર્ષથી તમે તમારી પત્નીને ડરાવીને - ધમકાવીને તમારા કાબૂમાં રાખી છે.

આરોપી : સાહેબ, એ તો એવુ છે ને....

ન્યાયાધીશ : મારે કોઈ ખુલાસાની જરૂર નથી. માત્ર તમે મને કઈ રીતે આ શક્ય બનાવ્યું એની રીત જણાવો.

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : કેમ ટપુડા, આજે સ્કૂલમાં નથી જવાનું?

ટપુડો : ના... આજથી સ્કૂલમાં જવાનું બંધ. હવે હું જોબ કરીશ.

મમ્મી : હજુ તો પહેલું ધોરણ માંડ માંડ પાસ કર્યું છે ને બોલ્યા, જોબ કરીશ! શેની જોબ કરીશ?

ટપુડો : હું ટ્યુશન કરીશ... બાળ મંદિરના બાળકોના!!

☺ ☺ ☺ ☺ ☺

બીયરબારનો માલિક : અરે ભાઈ, ક્યારના બેઠા બેઠા બીયર ગટગટાવો છો. પચાસ બાટલી બીયર પી ગયા... શું તમને જરા પણ ચડી નથી?

ગ્રાહક : હું યમદૂત છું... મને ના ચડે.

વેઈટર : હવે બરાબર ચડી ગઈ છે!!

☺ ☺ ☺ ☺ ☺

આલિયા : યાર, આ ડિનો મોરિયા કોનો સગો છે?

માલિયા : એટલી પણ ખબર નથી? એ તો બાપા મોરિયાનો સગો છે.

☺ ☺ ☺ ☺ ☺

મગનાજી : અરે છગનાજી, આ તમારો છોકરો તમારી સામે દારૂ પીવે છે. તો પણ તમે એને કાંઈ કહેતા કેમ નથી?

છગનાજી : હું તો જેટલીવાર એને પીતો જોઉં એટલીવાર કહું છું, મને પણ થોડો આપ... પણ ધરાર ના પાડી દે છે.

☺ ☺ ☺ ☺ ☺

અમરાજી : દુનિયામાં લગ્ન શા માટે જરૂરી છે?

મમરાજી : દુનિયામાં માત્ર પ્રેમથી જ કાંઈ ચાલતું નથી - માત્ર પ્રેમ જ નહીં ત્રાસ, ડર, શંકા, ભયાનકતા, વિચિત્રતા — આ બધાના અનુભવ માટે પણ લગ્ન જરૂરી છે!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

***પાંચ સેકંડ હસવાથી તમારો ફોટો સારો આવે છે. જો કાયમ હસતા રહો તો જિંદગી સારી જશે.***

## હળવાશની ક્ષણોમાં

### THE JAR OF NUTS

A monkey was playing in a room. On a table there was a jar of nuts. The monkey saw the jar. He said to himself, "I should like some nuts."

The monkey put his hand in the jar and took a big handful of nuts. Then he tried to pull out his hand, but the hand would not come out. He pulled and pulled, but it would not come out.

If he had dropped some of the nuts, his hand would have come out. But the monkey was greedy. He would not drop one nut.

Then his master came in. The monkey ran away. He tried to hide the jar of nuts, but he could not.

"You silly monkey!" said the master. "Why do you not drop a few of the nuts? The you could get out hour hand."

But the monkey would not drop them. He stood with the jar on his hand, and went on trying to pull the hand out of the jar."

"You have only to drop a few," said the master, "and then you can have the rest."

He had to smack the greedy monkey to make him let go. Then he dropped all the nuts and pulled out his paw.

So the monkey had no nuts at all.

### અંતરિયાળ ગામડાઓના ખાતેદારોને મહેસૂલી તંત્રનો ત્રાસ

(અનુસંધાન : પાના નં.-૪૫ ઉપરથી ચાલુ)

અમલદાર પાસેથી બહાલ કરાવવાની કોઈજ જોગવાઈ નથી. આથી ઉપરોક્ત પ્રકરણો કલેક્ટર પાસે બહાલીમાં મોકલાયા અને કલેક્ટરે રીવીઝનમાં લીધા તે તેમની સત્તા બહારનું કૃત્ય હતું. આથી જ પ્રાથમિક સુનાવણી પછી વચગાળાના હુકમ તરીકે હાઈકોર્ટ મામલતદાર લખપતના હુકમ મુજબ સંબંધિત જમીનમાં ખાનગી માલિક તરીકે ઠરાવેલ વ્યક્તિનું નામ દાખલ કરવા હુકમ કરી આપ્યો છે.

આ પ્રકરણોમાં જિલ્લા કક્ષાએ ઍડવોકેટ તરીકે આ લેખકે દલીલ કરી હતી અને ત્યારબાદ હાઈકોર્ટમાં આ લેખકની સૂચનાઓ અનુસાર અમદાવાદના ઍડવોકેટ શ્રી વિમલભાઈ પુરોહિતે હાજર થઈ દલીલો કરી હતી.

*'જલિયાણા', જૂના બસ સ્ટૅન્ડની બાજુની ગલી, જૂનાવાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦. મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

### પ્રભુજી અબ તો આકર બાંહધરો

(અનુસંધાન : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)

બા નથી અને બા વગરના બાપુજી સાવ જ એકલા થઈ ગયા છે. હવે બંગડીનો રણકાર નથી સંભળાતો. ઉંમર અને અંધાપો ધીમે ધીમે બાપુજીને ઘેરી રહ્યો છે. બાપુજીનો ભૂતકાળ તો કેવો ભવ્ય હતો. બાપુજીનો વાન એકદમ ગોરો, સફેદ શર્ટ, કાળુ પેન્ટ અને માથા પર કાળી ટોપી. માથા પર ટોપી મૂકી અરીસા સામે ઊભા રહી બરાબર ગોઠવીને જ ઘરની બહાર નીકળે. ક્યારેક રોજ પહેરતા હોય તે ટોપી ન મળે તો ટોપી શોધતા શોધતા ઘનુભાઈ અચૂક ગાય, મારી ટોપી, મારી ટોપી... અને બાપુજી હસી પડે. બીજી બે-ત્રણ ટોપી સ્પેરમાં રાખી જ હોય.

બાપુજીને તબલા તથા હાર્મોનિયમનો ખૂબ જ શોખ. તેમનો અવાજ પણ ખૂબ જ મીઠો. તેઓ હાર્મોનિયમ વગાડતા જાય અને સાથે સાથે ગાતા પણ જાય. બા પણ ત્યારે સામે બેઠા હોય. ક્યારેક બાપુજીના મિત્ર તથા મિત્રના પત્ની પણ આવ્યા હોય. ચારેય સાથે બેસીને મહેફિલ જમાવે. વરસાદની ભીની ભીની ઋતુ હોય, ધીમી ધારે જરા પણ અવાજ ન આવે તે રીતે વરસાદ વરસતો હોય અને આ ચારે જણા સંગીતની દુનિયામાં ખોવાઈ ગયા હોય. કેવા સુંદર એ દિવસો હતા! વહેતા પાણી જેવા દિવસો એકવાર જાય પછી ફરી પાછા ક્યારેય આવતા નથી. ફક્ત તેવા દિવસો યાદ કરવાથી આનંદ મળે છે, દિવસો પાછા નથી મળતા.


એકલતામાં સરી પડતા બાપુજીને ઘરના સર્વે ખુશ રાખવા પ્રયત્ન કરે. ક્યારેક અરુણ, તેમનો નાનો દીકરો, હાર્મોનિયમ તેમની સામે ગોઠવીને વગાડવાનું કહે. તો બાપુજી વિવશતાથી કહે, મને નથી ફાવતું. મને હેરાન ન કર! પણ નટખટ અરુણ બાપુજીને એમ ન છોડે. બાપુજી મને હાર્મોનિયમ વગાડતા શીખવોને! બાપુજી ધીમું ધીમું હસે પણ હાર્મોનિયમ પર હાથ ન લગાડે. હવે અરુણ પોતાને ન આવડે તો પણ હાર્મોનિયમ પર ખોટા સૂર વગાડવા શરૂ કરે. તરત જ બાપુજી કહે, લાવ હાર્મોનિયમ હું વગાડું. જીત અરુણની થાય અને બાપુજીની પણ થાય! ઘનુભાઈ, બાપુજીના મોટા દીકરા, ઊભા ઊભા બાપુજી અને અરુણનો આ ખેલ જુએ અને પ્રસન્નતાથી ડોક ઘુમાવે. બાપુજીને હસાવ્યા ખરા.

એકવાર ગાવાનું શરૂ થઈ જાય પછી બાપુજીને પણ તાન ચડે અને પ્રાર્થના કરતા હોય તેવા મન ડોલાવે તેવા સ્વરે તેઓ ગાવા લાગે :

*પ્રભુજી દયા કરો,*
*મન મેં આન બસો, સારે જગમેં ઢૂંઢા તુજકો,*
*અબ તો આકર બાંહધરો – પ્રભુજી દયા કરો...*

અને બાપુજીના કરુણ સ્વરે ગવાતી પ્રાર્થનાના કારણે તેમની અને સૌની આંખો ભીની થઈ જાય.

*'અમીધારા', ૧૫-બી, પારસ સોસાયટી, ગીતા મંદિર સામે, જામનગર-૩૬૧ ૦૦૮. ફોન : (૦૨૮૮) ૨૬૭૯૯૭૧, મો. ૯૮૨૫૨ ૯૯૭૯૭*




### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અનુકરણીય પ્રવૃત્તિ

બધા સંપ્રદાયોની એક છત્રછાયામાં કાર્યરત અમદાવાદ ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજે પર્યાવરણની દિશામાં સુંદર કાર્યની શરૂઆત કરી છે, તે અભિનંદનને પાત્ર છે. ગ્લોબલ વોર્મિંગની ગંભીરતાને સમજીને ધર્મનાં મૂળભૂત પાયા સમાન પર્યાવરણની સેવા કરવાનું બીડું સંસ્થાએ ઝડપ્યું છે.

કચ્છ જિલ્લામાં ઉપરા ઉપરી પડતા દુષ્કાળોને અટકાવવા ચાલી રહેલી વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં હંમેશાં સહકાર આપી રહેલા શ્રી અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજે હવે પોતે સ્મૃતિવન - વૃક્ષ દત્તક યોજના દાખલ કરી મોટાપાયે વૃક્ષારોપણનું કાર્ય શરૂ કર્યું છે. તેઓએ અમદાવાદની શાળાઓમાં વૃક્ષારોપણની ઝુંબેશ તો શરૂ કરી દીધી છે. ઉપરાંત હવે કચ્છ જિલ્લામાં વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં સહકાર ઈચ્છતા ગામો જેવા કે ગોધરા, નાની તુંબડી, નાની ખાખર, મોટી ખાખર, ભુજપુર જેવા ગામોમાં વૃક્ષારોપણનું કાર્ય શરૂ કરી દીધું છે. શરૂઆતમાં તેઓનો ૧૦,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ છે. આથી કચ્છના પર્યાવરણમાં મોટો ફાયદો થશે. ઉપરાંત અન્ય ગામોને પણ પ્રેરણા મળશે અને એમને પણ સહકાર આપવાનો સંકલ્પ કર્યો છે.

આ કાર્ય માટે સંસ્થાના અધિકારીઓ વારંવાર કચ્છમાં આવી પોતાની જાત દેખરેખ હેઠળ કાર્ય કરાવેલ છે. અત્યાર સુધી સામાન્ય રીતે લોકસેવા ક્ષેત્રે ધાર્મિક, શૈક્ષણિક અને આરોગ્ય જેવી પ્રવૃત્તિઓમાં જ આપણો સમાજ કાર્યરત હતો. શ્રી અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજે પર્યાવરણ ક્ષેત્રે સેવા આપવાનું શરૂ કરતાં, આપણાં સમાજને પર્યાવરણ ક્ષેત્રે યોગદાન આપવાનું શરૂ થયું છે, જે જીવદયાનું મહાન કાર્ય છે. આ કાર્ય માટે એમને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ.

અગાઉ મુંબઈ જૈન મહાજન અને ભુજ જૈન મહાજને શરૂ કરેલી જળ મંદિર યોજનાને સારો પ્રતિસાદ મળ્યો છે. **આથી ચોમાસામાં વરસાદનું દરિયામાં વહી જતું પાણી ભૂગર્ભમાં સંગ્રહ થશે. જેથી એનાં સ્તર ઉપર આવતાં એમાં ક્ષારનું પ્રમાણ ઘટતાં તે પીવાલાયક બનશે.** જેથી ખેતી, પશુ - પક્ષીઓ વગેરેને રાહત થશે અને ખારા પાણીને લીધે થતી બીમારીઓ પણ ઓછી થશે. આ એક જીવદયાનું કાર્ય થશે. આ કાર્ય માટે મુંબઈ ક.વી.ઓ. મહાજન તથા ભુજ ક.વી.ઓ. મહાજનને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

આપણા ધાર્મિક ક્ષેત્રે હજી પર્યાવરણનાં કામને ઓછું મહત્ત્વ આપવામાં આવ્યું છે, પણ પર્યાવરણનું કાર્ય પણ ધર્મનું જ કામ છે. હમણાં કાશ્મીર, વડોદરા વગેરે ઠેકાણે આવેલા જળપ્રલયનું કારણ ત્યાંનાં જંગલોનો નાશ કરવાનું હતું.

તો ચાલો, આપણે પૃથ્વી ગ્રહને ગ્લોબલ વોર્મિંગને કારણે આવનારા વિનાશથી બચવા વૃક્ષોનું રક્ષણ કરી વધુ ને વધુ વૃક્ષો વાવીએ.

*એલ. ડી. શાહ, કોટિવૃક્ષ અભિયાન - બિદડા*

★

### ૭૯૬

આ લેખનું શીર્ષક '૭૯૬' વાંચીને બધાને થોડી નવાઈ તો જરૂર લાગશે. પણ સાથે સાથે એને વાંચવાની જિજ્ઞાસા પણ થશે. તેથી પણ આગળ જતાં આ ૭૯૬ યાત્રામાં જોડાવાની પણ ઈચ્છા થશે.

'પગદંડી'ના વાચક મિત્રોએ સપ્ટેમ્બર માસના અંકમાં શ્રી લીલાધરભાઈ ગડાના 'પગ મેં ભમરી' (પધારો મ્હારે ઘેર) જરૂર વાંચ્યું હશે. ગુજરાતમાં એક બહેનશ્રી મિત્તલ પટેલે વિસ્થાપિતોને સ્થાપિત કરવાની ઝુંબેશ આદરી છે, તેમાં તેઓ જોડાયા છે. જેથી મિત્તલબેનને એક નવું બળ મળ્યું છે. આ વિસ્થાપિતોનાં દુઃખદર્દ લોકોને સમજાવવાની પૂ. મોરારીબાપુની ૭૯૫મી કથા પૂરી થતાં શ્રી લીલાધરભાઈ મનોમન નક્કી કરી બેઠા કે આપણે ૭૯૬ ઘરો વિસ્થાપિતો માટે જલદીથી બનાવીએ. જેની શરૂઆતમાં હાલમાં ૫૬ ઘરોનું ઉદ્‌ઘાટન થયું. જાણે વિસ્થાપિતોને સ્વર્ગ મળ્યું. આપણે જૈનો અપરિગ્રહમાં માનીએ છીએ, તો આપણા પરિગ્રહમાંથી એક એક ઘર આ વિસ્થાપિતોને અર્પણ કરી અપરિગ્રહના સિધ્ધાંતને યાદ કરીએ. **દરેક સુખી કુટુંબ એક વિસ્થાપિતને ઘર અર્પણ કરે તો ખરેખર એક પુણ્યનું મહાન કાર્ય થઈ જાય. રૂા. ૧,૦૫,૦૦૦/-માં તૈયાર થતાં એક ઘરમાં રૂા. ૪૫,૦૦૦/- સરકાર આપે છે** અને બાકીના દાતામિત્રો સહયોગ આપે તો ખરેખર આપણે એક વિસ્થાપિતને ઘર આપીને સ્વર્ગનું એડવાન્સ બુકિંગ ન કરાવી શકીએ? આ તો એક નવા દેરાસર બાંધવા જેટલો ખર્ચ પણ નથી. અગર આ રીતે કોઈ કાર્ય કરીએ તો મને લાગે

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

છે, કે બહેનશ્રી મિત્તલબેનનો ગુજરાતનાં વિસ્થાપિતોને સ્થાપિત કરવાનો સંકલ્પ સાર્થક કરી શકીએ.

દરેક સારા કાર્યમાં ઈશ્વરનો સાથ હોય છે. તો ચાલો, આપણે સૌ આપણો સ્વધર્મ બજાવીએ.

*એલ. ડી. શાહ, કોટિવૃક્ષ અભિયાન - બિદડા*

★

## કર્તવ્યનિષ્ઠ કાર્યકરોને પ્રોત્સાહન આપવા બિનહરીફ ચૂંટણી થવી જોઈએ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭-૭-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ હતી.

સભાના એજન્ડાની એક આઈટમ અનુસાર ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતિના નિવૃત્ત થયેલા છ - છ સભ્યોના સ્થાને જરૂર રહેથી વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે નવા સભ્યોની ચૂંટણી કરવાની હતી. કારોબારી સમિતિની ૬ સીટની સામે કુલ ૧૨ ઉમેદવારો ઊભા રહ્યા હતા. એટલે નિયમાનુસાર ચૂંટણી કરવામાં આવી હતી. મત ગણતરી બાદ ચૂંટણી પંચ દ્વારા વિજેતા ૬ ઉમેદવારો ચૂંટાયેલા જાહેર થયા હતા.

કારોબારી સમિતિમાં ઉપર મુજબ ઉમેદવારી નોંધાવનાર પૈકી જે ૬ ઉમેદવારો ચૂંટણી હારી ગયા તેમાં અમુક નિષ્ઠાવાન સભ્યશ્રીઓ એવા હતા કે તેઓ આ સમાજમાં લગભગ દરરોજ આવીને એક યા બીજી રીતે પોતાની મૂલ્યવાન સેવાઓ લાંબા સમયથી ચાલુ રાખેલ છે. દેખીતી રીતે આ સભ્યો ખૂબ નિરાશ થયા. ચૂંટણીનું પરિણામ નિહાળતાં એવું જણાયું કે, આ કયા પ્રકારની પ્રક્રિયા? જે લોકો સમાજના કાર્યક્રમ અથવા કોઈ પ્રવૃત્તિમાં ઉપયોગી થતા નથી, એટલું જ નહીં પરંતુ સમાજમાં નિયમિત આવતા નથી અને ક્યારેક કોઈ મીટિંગમાં હાજર રહીને પોતાની સાર્થકતા બતાવવા નિષ્ફળ પ્રયાસ કરતા હોય તેવા અમુક સભ્યો ચૂંટાઈને આવતા હોય છે. જ્યારે હારેલા ઉમેદવારોમાં કેટલાક નિષ્ઠાવાન કાર્યકરોની ઉપેક્ષા થઈ જાય છે. તેઓ પોતાની નિષ્ઠા સાબિત કરવા પણ ક્ષોભ અનુભવતા હોય છે, જે સ્વાભાવિક છે.

***આ પ્રક્રિયાથી નીચે મુજબના સવાલો ઊભા થાય છે :***

★ ઉપર મુજબ સાચા અને નિષ્ઠાવાન કાર્યકરોને થતા અન્યાયને રોકવા શક્ય હોય ત્યાં સુધી ચૂંટણી ટાળવી જોઈએ.

★ નિયમ મુજબના સભ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થવા જોઈએ. જેથી સમાજને હિતેચ્છુ સંન્નિષ્ઠ કાર્યકરો મળે.

★ સામાન્ય રીતે આપણે જોતા હોઈએ છીએ કે ચૂંટણી પ્રક્રિયાઓ ટાળીને બિનહરીફ ચૂંટણીઓ મોટાભાગના સમાજમાં થતી હોય છે.

★ આ રીતે તેવા સમાજની છાપ સારી ઉપસે છે અને સભ્યોમાં પરસ્પર એકતા અને લાગણીમય વાતાવરણ ઊભું થતું જોવા મળે છે, જે તંદુરસ્ત સમાજની એક સારી નિશાનીરૂપ છે.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓનો વ્યાપ દિન-પ્રતિદિન વધતો જાય છે. તેની કામગીરીમાં ઉપયોગી થાય તેવા સંન્નિષ્ઠ અને નિષ્ઠાવાન કાર્યકરો આગળ આવે તે માટે સમિતિના સભ્યશ્રીઓનું પ્રતિવર્ષ સિલેક્શન થવું ખૂબ જ ઉચિત અને જરૂરી છે.

★ સમાજના હોદ્દેદારો અને અગ્રણીઓ ચૂંટણી ટાળવા પ્રતિવર્ષ પ્રયત્ન કરે તેવો અનુરોધ છે.

અપેક્ષા છે કે સમાજ ઉપરના સૂચનની નોંધ લઈને જરૂરી કાર્યવાહી કરવા પ્રયત્નો કરશે.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

---

**કચ્છમેં... પાંજે પટમેં પ્યો દારૂણ ડુકાર,**
**ત-સુણો મુંગે જીવેંજી કરૂણ પુકાર.... (તા. અબડાસેમેં)**

મીં ન વરસધે સુન્નાથ્યા, માડુએંજા મન,
પાણી વિગર કેર મિટાંઇધો, અસાંજી ઉન્ન? (૧)
હિત્તે હાણે ક્યાંથી થીંધા ઘા પાણી ઉત્પન્ન?
ફુલેં વિગર ભંમરા કીં કંધા ગુંજન? (૨)
સુન્ના થ્યા ગામ, કીં કેણું મનોરંજન?
સન્નાટે મેં મિણીજે, ધિલમેં થીયેં સ્પંદન (૩)
ને મિણીજે મનડેમેં, થેલા લગો કંપન,
કુત્તેજ્યું ઉનાયું, ચોપા રંભેને માડુએંજા રૂદન. (૪)
તડેં મુંગે જીવેંજી જાનલા, ધિલસેં ડૈ ડીજા ધન,
'રશ્મિન્' ચેં ઈજ પાંજી ફરજ, કરેલા ઈનીજો જતન.(૫)
(ઉન્ન = તરસ, પ્યાસ)

*રશ્મિનજો રણકાર : ભાગ-૩ માંથી સાભાર*

આપ સૌને નૂતન વર્ષની શુભેચ્છા સહ...
**સૌ. લીનાબેન હંસકુમાર શાહ**
**મે. હેમંત સર્જીકલ ઈ.લી.**
૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે,
ડૉ. મદનમોહન માલવિયા રોડ, ટેલીફોન એક્ષચેન્જની સામે,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૬

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

# અન્ય સંસ્થાઓના સમાચાર

## નર્મદા યોજના જળ વ્યવસ્થાપનના પ્રશ્નો અને ઉકેલ સંબંધી સેમિનાર

ગુજરાતમાં નર્મદા નદીના નીર મુખ્ય કેનાલમાં અને અમદાવાદની સાબરમતી નદીમાં દેખાય છે પરંતુ પેટા નહેરો, ખાળિયા સુધીના પાણી વિતરણનું કામ પૂર્ણ થયું નથી. ખેડૂતોના ખેતરો સુધી નર્મદાના પાણી યોગ્ય રીતે અને પૂરતા પ્રમાણમાં પહોંચ્યા નથી. ખેડૂતોની મંડળીઓ બની નથી અને લોકભાગીદારી - લોક સહકારથી પાણી વિતરણનું કામ થયું નથી. 'નર્મદા યોજના જળ વ્યવસ્થાપનના પ્રશ્નો અને ઉકેલ' અંગેનો સેમિનાર નર્મદા અભિયાન, લોકસેવા ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવારના સંયુક્ત ઉપક્રમે ગાંધી જન્મ જયંતિના દિવસે બીજી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં સદ્‌વિચાર પરિવારના સભા હોલમાં યોજાયો હતો. સેમિનારમાં ગુજરાતભરમાંથી પાણીની ચિંતા સેવનાર મહાનુભાવો, એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ, પત્રકાર મિત્રો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા અભિયાનના પ્રમુખ **ડો. વિદ્યુત જોષી,** સદ્‌વિચાર પરિવારના પ્રમુખ **શ્રી પી.કે. લહેરી,** લોકસેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી **શ્રી ભીમજી નાકરાણી,** નર્મદા ડ્રીપ ઈરિગેશનના એમ.ડી. **શ્રી વજુભાઈ વઘાસિયા, શ્રી જીવણદાદા અને શ્રી વી.બી. પટેલે** 'નર્મદા યોજના જળ વ્યવસ્થાપનના પ્રશ્નો અને ઉકેલ' અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

સૌને ઉમળકાભેર આવકારતાં ભીમજી નાકરાણીએ પાણીની સમસ્યાને કેન્દ્રમાં રાખી ગત વર્ષે યોજાયેલ 'વોટર શેડ - ચેકડેમ' અંગેના સેમિનારનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ચેક-ડેમની યોજના બંધ થતાં પાણી સંગ્રહની મુશ્કેલીઓ ઊભી થઈ છે. બીજી બાજુ, **નર્મદા યોજનાના પાણી ખેતરો સુધી પહોંચ્યા નથી. આ માટે તંત્રને ફરજ પાડવી પડે.** સરકારની ટીકા કરવાની નથી પણ તેની સાથે સમન્વય સાધીને નર્મદા જળનો પ્રશ્ન ઉકેલવાનો છે.

શ્રી જીવણભાઈ પટેલે જણાવ્યું હતું કે **ખરેખર રીતે જોઈએ તો પાણી વેડફાય છે.** ગામડાઓમાં જઈને ખેડૂતોને પાણી વાપરવામાં કઈ રીતે કરકસર કરવી, સિંચાઈમાં કઈ રીતે પાણી વાપરવું વગેરે અંગે તાલીમ આપવી પડશે.

નર્મદા ડ્રીપ ઈરિગેશન લિ.ના એમ.ડી. શ્રી વજુભાઈ વઘાસિયાએ **ડ્રીપ ઇરિગેશન પદ્ધતિ** પાણી બચાવવાની સૌથી સારી પધ્ધતિ હોવાનું જણાવી કહ્યું કે જિલ્લે જિલ્લે ડ્રીપ ઈરિગેશન અંગેની પાઈપ માટેની ફેક્ટરીઓ સ્થાપવામાં આવે તો ખેડૂતોને સબસીડીની જરૂરત ન રહે. જરૂર પડે તો બેંકોએ ખેડૂતોને આ કાર્યમાં મદદરૂપ થવું જોઈએ. **કચ્છના બન્ની વિસ્તારમાં પાણીની અછતનો પ્રશ્ન ઝૂંપડા પર પ્લાસ્ટિક ઢાંકી તેના દ્વારા એક રાત્રિમાં ઝાકળનું ૧૦થી ૧૪ લિટર પાણી ભેગું કરી ઉપયોગમાં લઈ શકાય છે.** વર્ષમાં ૮ મહિના સુધી અહીં ઝાકળનું પાણી મેળવી શકાય છે.

શ્રી વી. બી. પટેલે જણાવ્યું હતું કે સ્થળ પરિસ્થિતિ પ્રમાણે પાણી વિતરણ વ્યવસ્થા ખેડૂતો પર છોડી દેવી જોઈએ. સરકારી કાયદા અન્વયે **સહકારી પીયત મંડળીઓ** રચવી જોઈએ અને ખેડૂતોને અનુકૂળ હોય તે પ્રમાણે કામ કરવા દેવું જોઈએ. નહેરોનું કામ જયાં જયાં બાકી છે ત્યાં તેનું અધિકારીઓ અને મંડળીઓ વચ્ચે સંકલન કરવું જોઈએ. નર્મદા ડેમનું ૧૦-૧૫ વર્ષથી જેટલું પાણી મળે છે તે ગુજરાત વાપરી શક્યું નથી. દસેક વર્ષમાં ટ્રીબ્યુનલનો રિપોર્ટ આવશે ત્યારે ગુજરાતના પાણી વપરાશ પરથી તેને મળતા પાણી ઉપર કાપ પણ મૂકાય. એટલે નર્મદા જળની વ્યવસ્થા અંગે ગંભીરપણે વિચારવું જોઈએ.

નર્મદા અભિયાનના પ્રમુખ શ્રી વિદ્યુત જોશીએ અભ્યાસપૂર્ણ મનનીય સંબોધનમાં જણાવ્યું કે દેશનો પાણીનો કાયદો એમ કહે છે કે પાણીનો વપરાશ કેટલો છે તેના પર ક્વોટા નક્કી થાય છે. નર્મદાના ૨૮ મિલિયન એકર ફીટના કુલ જળરાશિમાંથી ગુજરાતને ૯ મિલિયન એકર ફીટ પાણી મળે છે. ગુજરાતમાં નર્મદા પહેલાની જે સિંચાઈ છે તેમાં ૪૦ ઇંચ સરેરાશ પાણી આપવામાં આવે છે. એટલે ખેડૂતો પાણીના વધુ વપરાશના આદી બની ગયા છે. તેમાં ઉકાઈ જેવા શેરડીના વિસ્તારોમાં તો ૬૦ ઇંચ પાણી આપવામાં આવે છે. જેમાં પાણીનો બગાડ જ થાય છે. શેરડીને ૩૫ ઇંચ પાણી જોઈએ. આવા માહોલમાં ખેડૂતોને ઓછા પાણીની ખેતી કરતા શીખવાડવું પડશે. પાણી મંડળીઓ બની છે પણ તે નિષ્ક્રિય છે. નર્મદાના પાણીનો પ્રશ્ન વહેલાસર હલ કરવો પડે તેમ છે. નહિં કરીએ તો ભવિષ્યમાં મળતા ક્વોટા પર કાપ આવશે. પાણીની વિતરણ વ્યવસ્થા સંબંધી પણ તેમણે વિગતો રજૂ કરી હતી.

સદ્‌વિચાર પરિવારના પ્રમુખ શ્રી પી.કે. લહેરીએ તેમના સમાપન વક્તવ્યમાં નર્મદા જળ વ્યવસ્થાપન અંગે સૂચનો કરતા જણાવ્યું કે નર્મદાના પાણી ગુજરાતમાં યથાતથા પહોંચાડવા **લોકશિક્ષણ - તાલીમની જરૂર છે.** પાણીની વ્યવસ્થા અને ઉકેલ માટે સરકાર સાથે સમન્વય સાધીને અને જરૂર પડે સામે થઈને પણ પ્રશ્ન ઉકેલવો જોઈએ. ગુજરાતના ૧૬ જિલ્લાના નર્મદા યોજનાના લાભાર્થીઓ માટે **એક સ્થાયી સલાહકાર સમિતિ હોવી**

*જે કંઈ આકર્ષક ને સુંદર લાગે છે તે સદાય શ્રેષ્ઠ નથી હોતું. પરંતુ જે શ્રેષ્ઠ હોય છે તે હંમેશાં સુંદર દેખાય છે.*

**જોઈએ.** પાણી ચોરી રોકવા માટેનો કાયદો ઘડવો જોઈએ. ગ્રામજનો, સ્ટેક હોલ્ડર, ખેડૂતોને સાંકળીને પાણી સમિતિની રચના કરવી જોઈએ. જે પાણીની ગણતરી કરે અને વિતરણ વ્યવસ્થામાં સહયોગી બને. કોર્પોરેટ કંપનીઓને સિંચાઈનો અનુભવ નથી. એટલે તેમને પાણી વિતરણનું કામ સોંપવું હિતાવહ નથી. તેમ છતાં તેઓ પોતાની સામાજિક જવાદારીઓ અદા કરી શકે છે. ગુજરાતમાં એન.જી.ઓ. સારું કાર્ય કરે છે. એન.જી.ઓ.ના અનુભવ આધારિત તેમને પણ કામગીરી સોંપી શકાય.

પાણીની વિતરણ વ્યવસ્થા અંગે શ્રી પી.કે. લહેરીએ જણાવ્યું હતું કે પાણીનો જથ્થો તો પૂરતો છે પરંતુ તેના વિતરણ અંગે જરૂરી હોય તે સઘળું કરવું જોઈએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાએ** સૂચવ્યું કે નર્મદા યોજનાની બ્રાંચ કેનાલનો વહીવટ કોર્પોરેટ ક્ષેત્રને, નાની કંપનીઓને આપવો જોઈએ. ખેડૂતો પ્રાઈવેટ સેક્ટર દ્વારા પાણી વાપરી શકશે.

આ સિવાય, શ્રી હેમંતભાઈ શાહ, શ્રી ઝાસકણભાઈ ચૌધરી, પ્રગતિશીલ ખેડૂત શ્રી ભગવતભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ, શ્રી મગનભાઈ પટેલ, શ્રી એન.પી. પટેલ, શ્રી કલ્પેશ મિસ્ત્રી તેમજ શ્રી શંભુભાઈ દેસાઈએ પોતાના વિચારો જણાવીને વિવિધ સૂચનો કર્યા હતા.

સેમિનાર કાર્યક્રમનું સંચાલન **શ્રી મિતેષ સોલંકીએ** કર્યું હતું.

*(ટૂંકાવીને - ફેરફાર સાથે)*

*અહેવાલ : કિરણ ચાંપાનેરી 'સેતુ'*

★

## શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ નવરાત્રિ મહોત્સવ

તા. ૫-૧૦-૨૦૧૪ના રોજ કેશવબાગ પાર્ટી પ્લોટ, સાયન્સ સિટી ખાતે ભવ્ય નવરાત્રિ મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે સાંજે ૭.૦૦ કલાકે જ્ઞાતિબંધુઓ તથા આમંત્રિત મહેમાનો માટે ભોજન પ્રસાદનું આયોજન પણ થયું હતું. રાત્રે ૮.૪૦ કલાકે સુમધુર સંગીતના તાલે સમૂહ આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ઓરકેસ્ટ્રાની ટીમે ધમાકેદાર શરૂઆત કરાવી અને થોડી જ ક્ષણોમાં આખોય પાર્ટી પ્લોટ ખેલૈયાઓથી ભરાઈ ગયો હતો. ખેલૈયાઓના ટ્રેડિશનલ પોષાકોથી વાતાવરણ મનમોહક બની ગયું હતું. ખેલૈયાઓ મન મૂકીને આનંદપૂર્વક રમ્યા હતા.

ત્યારબાદ ત્રણ જજીસ દ્વારા વિવિધ કેટેગરી પ્રમાણે વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો અપાયા હતા. આ પ્રસંગે લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભૂપતાણી, સમસ્ત લોહાણા મિલનના ગવર્નર શ્રી હિંમતભાઈ કોટક વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગને યાદગાર બનાવવા તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યોએ પોતાની જવાબદારી સુપેરે નિભાવી હતી.

★

## માંડવી ખાતે બીચ નવરાત્રી

આદ્યશક્તિનાં પર્વની હાલમાં જ પૂર્ણાહુતિ થઈ. આ નવલી રાતોએ દરેક જગ્યાએ માની આરાધના થાય છે. કોઈ પશ્ચિમી સંગીતના વાયરે તેની ઉજવણી કરે છે, કોઈ દુહા - છંદો કે જૂના ફિલ્મી ગીતો પર ઉજવણી કરે છે અને યુવાન હૈયાઓને ધબકતા રાખે છે.

માંડવીના રમણીય સાગર તટ પર યોજાતી નવરાત્રી એક અનોખી ભાત પૂરી પાડે છે. એમાં યુવા હૈયાઓના થનગનાટ સાથે માની આરાધના થાય છે. આ રીતે ૩ વર્ષથી નાના બાળકોથી કરી ૬૫ વર્ષ સુધીની મહિલાઓએ પોતાની અદ્‌ભુત કલાકૃતિઓની વણઝાર માંડવીના સાગરકાંઠે આ વખતની નવલી નવરાત્રીમાં રજૂ કરી હતી. કુલ્લે ૭૨ ગ્રુપો દ્વારા રજૂ કરાયેલી અવનવી કૃતિઓમાં ૧૩૫૦ જેટલા કલાકારોએ ભાગ લઈ પોતાની કલાના કામણ પાથર્યા હતા. તે સાથે, ૩૪ જેટલી શાળાઓ બીચ નવરાત્રીમાં જોડાઈ હતી. જેમાં અલગ અલગ પ્રદેશના ગુજરાતી ગરબાઓની ઝાંખી, નારી શક્તિનો પરિચય, તરણેતરનાં મેળાની ઝાંખી, બેટી બચાવોની સુંદર થીમ પર લઈને નૃત્ય નાટિકા રજૂ થઈ. ગૌ હત્યા બંધ કરો — જેવા સામાજિક સંદેશાઓ પણ કાર્યક્રમ દરમ્યાન પ્રસારિત થયા હતા. કચ્છભરના ૨૮ જેટલા મહિલા ગ્રુપો અને કલા ગ્રુપોએ કાર્યક્રમમાં જોડાઈને પોતાની અદ્‌ભુત કલાઓની ઝાંખી કરાવી હતી.

માંડવીના અંધ બહેરા મૂંગા બચ્ચાઓની શાળાનાં વિદ્યાર્થીઓ તથા શ્રી નવચેતન અંધજન મંડળ સંચાલિત માધાપર શાળાના વિકલાંગ, અંધ, શ્રવણમંદ, બાળકોની અદ્‌ભુત કૃતિઓની ઝાંખી જોઈને સાગર કિનારે ઉમટેલી વિશાળ જનમેદની આફરીન પોકારી ગઈ.

આ વર્ષે નવા નજરાણાના ભાગરૂપે કપલ ડાન્સનો પણ એક નવો જ કન્સેપ્ટ લઈને કલાકારોને ઈજન આપવામાં આવ્યું હતું. તેમાં કેટલાક કપલ ડાન્સોએ તો રંગ રાખ્યો. તુ હૈ મેરા પરમ દેવતા, આનંદ તાંડવ, ચારતાલ, દયા - જેઠાલાલ (તારક મહેતા ફેઈમ), કૃષ્ણ - રાધા, કાલીમા, ગણપા, નમો કચ્છ નમો ગુજરાત, બેટી કી આવાજ સુનો પર રજૂ થયા.

બીચ નવરાત્રીના મૂળ પ્રચારક સ્વ.શ્રી અનંત દવે (અનંત દાદા)ને પણ સમિતિ વતીથી સ્મરણાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન કોઈ પણ જાતની સ્પર્ધા નહિ, કોઈ બેનર નહિ,

*બધાને પ્રેમ કરો, થોડાક પર વિશ્વાસ કરો, અન્યાય કોઈને ન કરો.*

કોઈ પ્રવેશ પાસ નહિ — માત્ર અને માત્ર એક જ હેતુ કે નાના બાળ ગોપાળથી માંડીને મહિલાઓને સુંદર સ્ટેજ પ્લેટફોર્મ મળે અને કલાકારોમાં છુપાયેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે. દેવાંગ દવે અને મિત્ર વર્તુળની રાહબરી હેઠળ મુલેશ દોશીએ સમગ્ર આયોજન સંભાળેલ હતું. કલાપ્રેમી જનતા જનાર્દનનો સ્વયંભૂ શિસ્ત આંખે ઊડીને વળગ્યો. સતત છઠ્ઠા વર્ષે પણ બીચ નવરાત્રી કાર્યક્રમને અદ્‌ભુત સફળતા મળી હતી.

★

## "માતૃ વંદના" - બિદડા
## વધુ સેવાકીય પ્રવૃત્તિઓ તરફ આગળ વધે છે...

માતૃવંદના - માવતરનો માળો, તેના નામ પરથી જ ખ્યાલ આવી જાય છે કે તે માવિત્રો માટે - વડીલો માટે - સિનિયર સીટીઝન્સ માટે સારા એવા પ્રમાણમાં રહેણાંકની સુવિધા પૂરી પાડતી એક અદ્વિતીય સંસ્થા તરીકે સ્થાપિત થયેલ છે.

આ સંસ્થાના મકાનનું ગત વર્ષ દરમ્યાન જ્યારે લોકાર્પણ કરવામાં આવ્યું ત્યારે મકાનની રાજમહેલ પ્રકારની રચના નિહાળીને કોઈપણ વ્યક્તિ તાજ્જુબ થઈ જતી અને તેથી જ આજ દિવસ સુધીમાં આ મકાનની મુલાકાત લેનાર કચ્છની કોઈ પણ રાજકીય, સામાજિક, સાહિત્યપ્રેમી, રમતગમત ક્ષેત્રે દિલચસ્પી દાખવનાર કે શિક્ષણ જગતના અનેક માધાંતાઓ તેના પ્રત્યે અહોભાવની લાગણી વ્યક્ત કરી ચૂકેલ છે.

સંસ્થાની પ્રતિભાને વધુ ઉજ્જવળ બનાવવા, તાજેતરમાં જ મળેલ તેના ટ્રસ્ટ મંડળની મીટિંગમાં કેટલાક સરાહનીય નિર્ણયો લેવામાં આવેલ હતા.

આ સંસ્થાની સ્થાપનાકાળથી તેના ચેરમેનનો હોદ્દો સંભાળતા શ્રી કોમલભાઈ સાવલાની સંગાથે તેના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે અમદાવાદ સ્થિત શ્રી અશોકભાઈ મહેતાની વરણી કરવામાં આવેલ હતી. જ્યારે શ્રીમતી મંદાકિની સાવલા કે જેઓ શરૂથી જ સંસ્થાનો રોજબરોજનો હિસાબ સંભાળતા હતા તેમને ખજાનચી તરીકે વિધિવત્ બિરાજમાન કરવામાં આવેલ હતા. ઉપરોક્ત હોદ્દેદારો ઉપરાંત આ મીટિંગમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (નાના ભાડિયા - મુંબઈ), શ્રી વિનયભાઈ આસુભાઈ છેડા (રતાડિયા ગણેશવાલા - મુંબઈ), ડૉ. મયુર દામજીભાઈ મોતા (બિદડા), શ્રી ઈશ્વરભાઈ દેસાઈ (ભુજ) વગેરે ઉપસ્થિત રહેલ હતા.

સંસ્થાના અન્ય એક સરાહનીય નિર્ણય મુજબ હવે પછી અહીં કાયમી રહેવા આવનારને મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પરના રૂમોમાં માસિક રૂા. ૨૧૦૦/- જ ચૂકવવાના રહેશે કે જેમાં રહેવા માટેની સંપૂર્ણ સુવિધા, ત્રણે સમય જમવાની વ્યવસ્થા વગેરે પ્રકારની સુવિધાનો સમાવેશ કરવામાં આવનાર છે. જતે દહાડે આ ચાર્જને પણ સ્વૈચ્છિક ધોરણે અમલમાં મૂકવામાં આવનાર છે.

એ જ રીતે અહીં રહેનાર સુસ્ત બેસી ના રહે તે માટે અને તેઓ તેમનો મોટાભાગનો સમય કાર્યરત રહે તેવા આયોજનો પણ વિચારવામાં આવી રહેલ છે. કે જેનો અમલ પણ આવતા થોડા મહિનાઓમાં જ શરૂ કરી દેવામાં આવનાર છે. આ સુવિધાઓમાં પુસ્તકાલય, વાંચનાલય, ઈન્ડોર ગેઈમ્સ, હળવા પ્રકારની ફીઝિયોથેરાપી, ટી.વી. પરના કાર્યક્રમો, વીડિયો પરના પિક્ચર શો, હળવા પ્રકારની વિવિધ વસ્તુઓનું પ્રોડક્શન વગેરેમાંથી જે શક્ય હશે તેનો અમલ શરૂ કરી દેવામાં આવનાર છે.

જેઓ કાયમી ધોરણે અહીં રહેવા ના આવી શકે પરંતુ માત્ર થોડા દિવસ માટે હવાફેર કરાવવા આવે તેઓની સગવડતાનો પણ સંપૂર્ણપણે વિચાર કરવામાં આવેલ છે. તેઓને આ મકાનના પ્રથમ માળ પરની રૂમોમાં નીચે મુજબના ધોરણે ઉપરોક્ત દરેક પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત થઈ શકશે તેવો નિર્ણય લેવામાં આવેલ છે.

★ *૭ દિવસ સુધીના રહેણાંકનો ચાર્જ : રૂા. ૨,૩૦૦/- પ્રતિ વ્યક્તિ*

★ *૧૫ દિવસ સુધીના રહેણાંકનો ચાર્જ : રૂા. ૪,૦૦૦/- પ્રતિ વ્યક્તિ*

★ *૩૦ દિવસ સુધીના રહેણાંકનો ચાર્જ : રૂા. ૬,૦૦૦/- પ્રતિ વ્યક્તિ*

તદુપરાંત દૈનિક ધોરણે પણ લોકો આ સંસ્થાનો નીચે મુજબના ધોરણે ઉપયોગ કરી શકશે.

★ *નોન એ.સી. ડબલ બેડ રૂમ : રૂા. ૪૦૦/- પ્રતિ દિવસ*

★ *એ.સી. ડબલ બેડ રૂમ : રૂા. ૬૦૦/- પ્રતિ દિવસ*

કાયમી ધોરણે રહેવા આવનારને જે સુવિધાઓ પ્રાપ્ત થઈ શકે છે તેવા પ્રકારની જ સુવિધાઓ દરેક રહેવા આવનારને પ્રાપ્ત થઈ શકશે.

ઉપરોક્ત સુવિધાઓ માત્ર સિનિયર સિટીઝન્સને જ નજર સમક્ષ રાખીને આપવાનું નક્કી કરવામાં આવેલ છે. તેમ છતાં જરૂરિયાત અનુસાર તેમાં ફેરફાર કરી શકાશે. શાકાહારી હોય તેવી કોઈ પણ જ્ઞાતિના સભ્યો આ સુવિધાનો લાભ બહોળા પ્રમાણમાં લાભ ઉઠાવી શકશે.

જે વડીલોના દીકરાઓ વિદેશ ગયેલ હોય અને ઘરમાં એકલા રહેતા હોય અથવા અન્ય કોઈપણ જરૂરિયાતવાળા વડીલો અહીં શાંતિથી પોતાનું શેષ જીવન વ્યતીત કરી શકશે. તેટલું જ નહીં પરંતુ અહીં રહેનાર દરેકની એક પરિવારના સભ્ય તરીકે ગણના કરવામાં આવશે અને તેઓ માતૃવંદના પરિવારના હર્યાભર્યા વાતાવરણનો લાભ લઈ શકશે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી, માતૃવંદના**

*કષ્ટથી કદી હારે જ નહિ, તેનું નામ જિનિયસ.*

## શ્રી નાની ખાખર કચ્છી વીસા ઓસવાલ જૈન ચેરિ. ટ્રસ્ટ
### એક્યુપ્રેશર અને આયુર્વેદિક કેમ્પ યોજાયો

નાની ખાખર ગામે પ.પૂ. શ્રી મનોજ્ઞચંદ્રજી મ.સા.ની નિશ્રામાં એક એક્યુપ્રેશર અને આયુર્વેદિક કેમ્પનું આયોજન શ્રી નાની ખાખર ક.વી.ઓ. જૈન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસના ગામોના ૧૫૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પના પ્રારંભમાં ડૉ. હેતલ દેઢિયા સર્વપ્રથમ લાભાર્થીઓને આયુર્વેદ વિષે સમજાવતાં કહ્યું કે આપણે જ આપણા ઘરમાં આયુર્વેદિક દવાઓ બનાવીને ડૉક્ટર બની શકીએ છીએ. જેમાં ડૉ.શ્રીએ આયુર્વેદિક દવાઓ બનાવવા થિયરી બતાવી હતી. ત્યારબાદ ડૉ.શ્રીએ એક્યુપ્રેશર વિશે સમજાવતાં કહ્યું કે આપણા શરીરની બીમારીની દવા આપણા હાથમાં જ છે. માનવ આકૃતિ બતાવીને તેમાં રહેલા પોઈન્ટ વિશે સરસ સમજણ આપી હતી. ત્યારબાદ સર્વે લાભાર્થીઓને તપાસીને રાહત દરે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા સર્વશ્રી પ્રવીણભાઈ જૈન, ચંદ્રકાંતભાઈ છેડા, ખીમજીભાઈ દેઢિયા તથા મનસુખ નાકર એ જહેમત ઉઠાવીને પોતાનો સહયોગ પૂરો પાડ્યો હતો, તેમ ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું. ■

## સાર સમાચાર

(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)

પાસેથી છીનવી લઈ મારૂતિ કંપનીને આપી તે સામે કોર્ટમાં કેસ ચાલે છે. દરમ્યાન કંપનીએ જમીનને ફરતી દીવાલ બનાવવાનું ચાલુ કરી દીધું છે. કેસ હાથ પર આવતો નથી, સ્ટે મળતો નથી. સ્થળ પર જે દેખાવો કરવા જાય તેની ધરપકડ થાય છે. *(ભૂમિપુત્ર, તા. ૧૬-૯-૨૦૧૪)*

(૧૭) ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રી આનંદીબહેને ચાર્જ સંભાળ્યો અને વડોદરામાં નવા બંધાયેલા (મજબૂત) પુલનું ઉદ્‌ઘાટન કર્યું તેના બીજે જ દિવસે પુલમાં ભંગાણ પડ્યું! *(નયા માર્ગ, તા. ૧૬-૯-૨૦૧૪)*

(૧૮) ગુજરાત ધારાસભામાં થયેલ રજૂઆત મુજબ સરકારી વકીલોને ચૂકવાયેલા રૂા. ૨૩૫ કરોડનો કોઈ હિસાબ મળતો નથી. *(નયા માર્ગ, તા. ૧૬-૯-૨૦૧૪)*

(૧૯) થોડા સમય પહેલા ગુજરાત સરકારે જરૂરત મુજબ ૧૨૦૦ તલાટી - મંત્રીઓના કામ માટે અરજીઓ મંગાવી હતી. તેના જવાબમાં ૧૦ લાખ અરજીઓ આવી! (આને કહેવાય વિકાસ) *(નયા માર્ગ, તા. ૧૬-૯-૨૦૧૪)*




# ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર

## ઍંકરવાલા અહિંસાધામ

An ISO 9001 : 2008 Certified



**મુંબઈ કાર્યાલય :** ૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. ફોન : (૦૨૨) ૨૮૬૨૭૭૯૫, ૨૮૬૫૮૨૬૬
**કચ્છ ઓફિસ :** પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ. (ગુજરાત) મો. ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૪૭ ૫૭૬૪ ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨
**ઈ-મેઈલ :** ahinshadham_kutch@yahoo.co.in ● **વેબસાઈટ :** www.ahinsadham.org

**-: સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :-**

- મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ)
- ગોપાલ સ્મૃતિ મંદિર
- ૧૧,૦૦૦ સ્કે.નું વિશાળ ICU
- અંધ અને અપંગ પશુઓ માટેના આવાસ
- ઓડિટોરીયમ
- યાત્રિકો માટે ભોજનશાળા

દેવનાર કતલખાનામાંથી મુક્ત કરાયેલાં જય અને વિજય બળદની જોડી.

**-: સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :-**

- ૩૫ એકરનું વિશાળ ઍંકરવાલા નંદી સરોવર
- પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.

**આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....**

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

■ Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551
■ Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006
RTGS / IFSC Code : ABHY0065024

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) અમદાવાદ પાસેના સાણંદ ગામના મધુબેન હરીશભાઈ જાદવ પોતે શિક્ષિકા છે. તેમના પતિ હરીશભાઈ પણ શિક્ષક છે અને તેમની કુલ્લે આઠ દીકરીઓ પણ શાળાઓમાં શિક્ષિકા છે! આમ એક જ કુટુંબમાં નવ મહિલાઓ અને એક પુરુષ મળીને દસ જણ શિક્ષણ ક્ષેત્રમાં છે.

**(સાંવરી, તા. ૧૬-૪-૨૦૧૪)**

(૨) હિંદુસ્તાન સરકારના ધોરણ મુજબ જેની આવક રોજના રૂા. ૩૨/-થી ઓછી હોય તેને ગરીબીની રેખા નીચે (BPL) ગણવામાં આવે છે. પરંતુ પારસીઓમાં જે પારસીની માસિક આવક રૂા. ૯૦,૦૦૦/-થી ઓછી હોય તેને "પારસી ગરીબીની રેખા નીચેનો" ગણવામાં આવે છે.

**(દલિત અધિકાર, તા. ૧૬-૮-૨૦૧૪)**

(૩) 'નવજીવન'ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વિવેક દેસાઈ પર કેરાલાથી ફોન આવ્યો કે તેમને ગાંધીજીની આત્મકથાની મલયાલી ભાષા અનુવાદની ૫,૦૦૦ નકલ જોઈએ છે. તેમની પુત્રીના લગ્નમાં તે સૌ જાનૈયાઓને ગાંધીજીની આત્મકથાની નકલની વહેંચણી કરવા માંગે છે. *(ગુજરાતમાં લગ્નોમાં લાખો રૂપિયા વપરાય છે પણ આવું કોઈને સૂઝ્યું નથી.)*

**(દિવ્ય ભાસ્કર, તા. ૧૦-૯-૨૦૧૪)**

(૪) વર્ષ ૧૯૯૩થી ૨૦૧૩ સુધીના વીસ વર્ષના ગાળામાં દેશભરમાં ૧૪૧૩ જેટલા પોલીસ કસ્ટડી મોત થયા. આ પૈકી ૩૩૩ જેટલા પોલીસ કસ્ટડી મોત એકલા મહારાષ્ટ્ર રાજ્યમાં થયા છે. **(દલિત અધિકાર, તા. ૧-૯-૨૦૧૪)**

(૫) વર્તમાન કેન્દ્ર સરકારે સરદાર સરોવર પર દરવાજા મૂકી ઊંચાઈ ૧૩૮ મીટર કરવાની મંજૂરી આપી. પણ કેન્દ્રના મંત્રી ઉમા ભારતીએ ગુજરાત સરકારને જણાવ્યું કે દરવાજા મૂકવાના ખરા, પરંતુ બંધ નહીં કરવાના! એટલે હવે વધુ પાણી સંઘરાશે નહી, પહેલા જે ઊંચાઈ પર હતું ત્યાં જ રહેશે! **(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૬) અદાણીની માલિકીની અદાણી ગ્રુપ કંપનીના કેટલાક અધિકારીઓ ઉપર રૂા. ૨૩૦૦ કરોડના ગોટાળાને લઈને સી.બી.આઈ. તપાસ કરી રહી છે.

**(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૭) ગુજરાત સરકારે અદાણી પોર્ટ કંપની સાથે બંદર વિકસાવવાના કામમાં ઘણી છટકબારીઓ રાખી હોવાના કારણે મુંદ્રા બંદરના હિસાબમાં ૧૧૮ કરોડ રૂપિયા ઓછા વસૂલ કર્યા. **(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૮) ગુજરાતમાં વીજળી જોડાણ માટે ખેડૂતોની પાંચ લાખ ૨૩ હજાર ને ૬૩૨ અરજીઓ લટકતી પડી છે અને વર્ષોથી ધૂળ ખાય છે. **(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૯) વિધાનસભામાં ગુજરાત સરકારે આપેલી માહિતી મુજબ વર્ષ ૨૦૧૦-૨૦૧૩ દરમ્યાન ૬૬૧૪ સ્ત્રીઓએ આત્મહત્યા કરી (રોજની ૬ સ્ત્રીઓ) અને ૯૪૦૦ સ્ત્રીઓ અકુદરતી મોતે મરી (રોજની ૮-૯) સ્ત્રીઓને ઉપાડી જવાના ૪૧૦૦ કેસ થયા, ૧૬૫૦ સ્ત્રીઓ લૂંટની શિકાર બની અને ૭૨૦ સ્ત્રીઓનાં ખૂન થયા. *(આ સરકારી ચોપડે નોંધાયેલા આંકડા છે - સાચા આંકડા તો આનાથી ઘણા વધારે હશે.)*

**(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૧૦) ગુજરાત કોંગ્રેસના ધારાસેવક શ્રી ધાનાણીના જણાવ્યા મુજબ ગુજરાતમાં ૫૩૩ લાખ ચોરસ મીટર ગૌચરની જમીન ઉપર ૧૩,૬૬૮ જેટલા ગેરકાયદે દબાણ થયા છે.

**(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૧૧) જે ખેડૂત પોતાના મરી જતા પાકને જીવાડવા નજીકમાં વહેતી નહેરમાંથી પાણી ઉપાડે તો સરકાર તેને ચોરી ગણે છે અને સજા કરે છે. **(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૧૨) મનમોહનસિંહની સરકારે ૬૫ વર્ષથી ઉપરની વયના નાગરિકોને દર મહિને ૧૦ કિલો અનાજ આપવાની યોજના મુજબ ૨૦૧૧-૧૨માં ગુજરાતને ૫૭૫ મેટ્રિક ટન તથા ૨૦૧૨-૧૩માં ૯૯૯ મેટ્રિક ટન અનાજની ફાળવણી કરી હતી. આ અનાજ જિલ્લા પુરવઠા અધિકારીઓએ મદદની પાત્રતા ધરાવનારને આપવાનું હતું. પણ કોઈએ કશી તકલીફ લીધી નહીં અને ફાળવાયેલું અનાજ ગોદામમાં પડી રહ્યું અને સડી ગયું. **(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૧૩) રિલાયન્સવાળા મૂકેશ અંબાણીએ ૧૮ જેટલી ટી.વી. ચેનલ ખરીદીને પોતાની ઈચ્છા મુજબનો પ્રચાર કરાવ્યો હતો. આથી પ્રેરાઈને અદાણી ગ્રુપે પણ એન.ડી.ટી.વી. ચેનલ ખરીદવા તૈયારી કરી છે. **(લોક સ્વરાજ, સપ્ટેમ્બર-૨૦૧૪)**

(૧૪) કેમ્બ્રિજ યુનિવર્સિટીએ ૧૯૦૪થી ૧૯૫૪ના ૫૦ વર્ષના ગાળામાં ૩૩ નોબેલ પારિતોષિક વિજેતાઓ આપ્યા. *(આપણે ત્યાં? ગુજ. યુનિ.માં?)***(નિરીક્ષક, તા. ૧૬-૯-૨૦૧૪)**

(૧૫) ગુજરાત રાજ્યના પ્રધાન મંડળમાં હાલ માત્ર સૌરભ પટેલ જ અંગ્રેજીમાં પૂછાયેલા પ્રશ્નોના અંગ્રેજીમાં જવાબ આપી શકે એવા મંત્રી છે. મુખ્યમંત્રી સહિતના અન્ય તમામ મંત્રીઓની અંગ્રેજી ભાષાની સ્થિતિ સોનિયા ગાંધીના હિંદી જેવી છે. **(નિરીક્ષક, તા. ૧૬-૯-૨૦૧૪)**

(૧૬) ગુજરાત સરકારે પ્રથમ માલધારીઓને આપેલી જમીન તેમની

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૫ ઉપર)

## શબ્દ રમત-૯૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | | | | ૬ |
| | ૭ | | | | ૮ | | | | | ૯ | |
| | ૧૦ | | ૧૧ | ૧૨ | | | | ૧૩ | ૧૪ | | |
| ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | | ૧૮ | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | | | ૨૩ | |
| | | ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | | |
| ૨૭ | | | | ૨૮ | | | ૨૯ | ૩૦ | | ૩૧ | |
| | | | | ૩૨ | ૩૩ | | | | | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | | | ૩૮ | | | ૩૯ | | ૪૦ | | |
| ૪૧ | | | ૪૨ | | | | | ૪૩ | | ૪૪ | |
| | | ૪૫ | | | | | ૪૬ | | | | ૪૭ |
| ૪૮ | | | | | | ૪૯ | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૧-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૧. ભારતની મુલાકાતે આવેલા ચીનના રાષ્ટ્રપતિ (૪)
૪. નવેસર ચરવું તે, પુનઃઘટના (૫)
૭. _____નું નામ મરી ન પાડે (૨)
૮. સોગન, સરખું, સમાન (૨)
૯. પ્રમાણ, આકાર, શારીરિક બાંધો (૨)
૧૦. નળ જેવા આકારનું (૪)
૧૩. ગામનું પાદર, ચકલું (૩)
૧૬. ટુકડો (૩)
૧૮. રત્ન, આંખની કીકી (૩)
૨૦. રીતિ, પધ્ધતિ, કરકરિયાવર (૨)
૨૧. લવણ, મીઠું, નમક (૨)
૨૨. નારાયણ નારાયણ રટનાર મુનિ (૩)
૨૩. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૨૪. કદાપી, ક્યારેક પણ (૨)
૨૫. પૈડાનો આરો (૨)
૨૭. આખું, ખંડિત ન થયેલું (૩)
૨૯. ભોમિયો (૪)
૩૨. ચંચળ, હોંશિયાર, ચાલાક (૩)
૩૪. ઢગલો, ગંજ (૨)
૩૬. કૂંચી, ઉપાય (૨)
૩૮. નારી, સ્ત્રી, પાણી (સં) (૨)
૩૯. જૂઠ્ઠું, ભૂલ ભરેલું (અ.) (૩)
૪૧. અણુ, જરાક (૨)
૪૨. પુત્ર, કામદેવ (૩)
૪૩. દાણાવાળું લાલ રંગનું ફળ (૩)
૪૫. લાંબો ડગલો (૪)
૪૬. શ્રાવણ માસના પહેલા રવિવારે આવતો ભાઈ-બહેનનો તહેવાર (૫)
૪૮. તાકાત, મગદૂર, શક્તિ, અગ્નિદાહ (૨)
૪૯. _____ વગરનો નાથિયો, નાણે નાથાલાલ (૨)

### ઊભી ચાવીઓ

૨. નમસ્કાર, વંદન (૩)
૩. રાજા ભર્તૃહરિની માનીતી રાણી (૩)
૪. રેસો, રસવાહિની (૨)
૫. ઊલટી, બકારી (૩)
૬. સીમા, મર્યાદા (૨)
૭. અંતઃકરણ, દિલ (૨)
૯. શરીરની પીડા, કળ, વેદના (૪)
૧૧. આજીજી, કાલાવાલા (૪)
૧૨. એકની એક વાત વારંવાર બોલવી, રટવું તે (૩)
૧૪. પુરોહિત, પંડો (૨)
૧૫. પરેજી (૨)
૧૭. ચંચળ, જાસુસ, બાતમીદાર (૨)
૧૯. નવલું (૩)
૨૨. નારી, સ્ત્રી, પાણી (૨)
૨૪. હાથનું એક ઘરેણું, કલ્લી (૩)
૨૬. પાણી, તેજ (૨)
૨૭. બળાત્કાર, જોર જુલ્મ (૪)
૨૮. નવું રચવાનું હોય તેવું (૫)
૩૦. સીપાઈ, પટાવાળો (૫)
૩૧. લગની, હઠ (૨)
૩૩. પારકું (૩)
૩૫. લડાઈનું એક હથિયાર (૨)
૩૭. વીજળી, વિદ્યુત (૨)
૪૦. તલપવું, તલસવું (૪)
૪૨. આંચકો, ધક્કો (૨)
૪૪. મસો, મિષ, બહાનું (૨)
૪૬. બીન (૨)
૪૭. ચીરો, લૂગડાનો લાંબો કકડો (૨)

☺ *રાજસ્થાનના એક ગામડામાં માસ્તરે છોકરાને કહ્યું, 'કબીર કા કોઈ દુહા સુનાઓ.'*

*છોકરો : 'કબીરો સાળો બાવરો, દોહા દિયો બનાય. ખુદ તો હાળો બિસક ગિયો, મન્ને દિયો ફસાય!'*


"ROLEX" Brand



Rushabh
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 2242 7310 ● Fax : (022) 3008 0072

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ અમેરિકામાં તેના ચલણ ડોલર માટે આઠમી ઓગસ્ટના દિવસને 'નેશનલ ડોલર ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે જાહેર રજા હોય છે.

★ ડોલરના ઈતિહાસમાં માત્ર એક જ વખત મહિલાનો ફોટો નોટ પર છાપવામાં આવ્યો હતો. આ મહિલા હતા જ્યોર્જ વોશિંગ્ટનના પત્ની માર્થા વોશિંગ્ટન.

★ ૧૯૪૨ના સ્વરાજ સંગ્રામનો મંત્ર "ક્વીટ ઈન્ડિયા" — આ બે શબ્દો યુસુફ મહેરઅલીએ આપ્યા હતા.

★ ધરમપુરના આદિવાસીઓ દ્વારા બનાવેલી કારપેટની અમેરિકામાં ધૂમ છે. બારેક ફૂટની આ કારપેટ બનાવવા માટે છ માસથી એક વરસ જેટલો સમય લાગે છે.

★ ૯મી સપ્ટેમ્બરે ચંદ્ર પૃથ્વીથી ૫૦ હજાર કિ.મી. ઓછા અંતરે હોવાથી છેલ્લા વીસ વરસમાં સૌથી વધુ ચમકીલો દેખાતો હતો. આ ઘટનાને સુપર મુન કહેવામાં આવે છે.

★ ઈટાલીના સિસિલીનો સ્ટ્રોમ બોલી જ્વાળામુખી ફાટ્યો. તેમાંથી નીકળેલા લાવાની ધાર સમુદ્રમાં પડી રહી છે. તેને જોવાના ધસારાના લીધે આ સ્થળ પર્યટન સ્થળ બની ગયું છે.

★ હૉફમેન એસ્ટેટ્સ, ઈલિનોયમાં મુખ્ય મથક ધરાવતી સિયર્સ, રોબોક એન્ડ કંપની આજે ૨૨૪૮થી વધારે રીટેઈલ સ્ટોર્સ ધરાવે છે. તેનું વાર્ષિક વેચાણ ૪,૧૦,૭૧૦ કરોડ છે. આ કંપનીના સ્થાપક રીચર્ડ અને રોબોકે ઘડિયાળ વેચી આ સામ્રાજ્ય ઊભું કર્યું હતું.

★ આઈ.આઈ.ટી. - ખડગપુર દ્વારા પ્રસ્તાવિત રાષ્ટ્રીય ડિજિટલ લાઈબ્રેરીની શરૂઆત માટે માનવ સંશાધન વિકાસ મંત્રાલયે સો કરોડ રૂપિયા ફાળવ્યા છે.

★ ગેસ સંચાલિત જેટ એન્જિન બ્રિટીશ કંપની ધ હેવીલેન્ડના એન્જિનિયર ફ્રેન્ક વ્હીટલે બનાવ્યું હતું. તેનું પ્રથમ ઉડ્ડયન લંડનથી જોહાનિસબર્ગ વચ્ચે ઇ.સ. ૧૯૫૧માં કરવામાં આવ્યું હતું.

★ હાથી તેનો શ્વાસ ૮૦ મિનિટ સુધી રોકી રાખે છે અને ત્યાર પછી ગર્જના કરે છે.

★ બ્રાઝિલિયન કરોળિયો સૌથી ઝેરી છે. તેના ડંખથી માણસ પણ મરી જાય છે.

★ માંસભક્ષી "પીચર પ્લાન્ટ" ઉંદર, દેડકા અને ગરોળી જેવા જીવોને પણ ખાઈ જાય છે.

★ ઈંગ્લેન્ડના ડિવોન નિવાસની ડેન મોરીસનના બગીચામાં ડબલ રંગનું સફરજન ઊગ્યું હતું. આ સફરજનનો અડધો ભાગ લાલ અને અડધો ભાગ લીલો હતો. આવું દુર્લભ સફરજન કરોડો સફરજનમાં ક્યારેક જ ઉગે છે.

★ વિશ્વના તમામ દેશોના રાષ્ટ્રધ્વજના રંગોનું વિશ્લેષણ કરતાં જોવા મળ્યું કે ૩૧ ટકા સાથે લાલ રંગ સૌથી વધુ પ્રચલિત છે. જ્યારે કાળા રંગનો ઉપયોગ માત્ર પાંચ ટકા જ કરવામાં આવેલ છે.

## શબ્દ રમત-૯૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | તિ | મ | | તા | જ | | તા | જ | મ | હે | લ |
| ઘે | | ન | ગ | | રા | જા | રા | મ | | | ગા |
| ર | જા | | પ | ત્ર | | | જ | | સ | મ | તા |
| | ર | ત | | પા | પ | ડ | | કા | જ | | ર |
| ખી | | મ | ગ | | સ | બ | જી | | ન | ફો | |
| ચ | ક | | ર | સ | | લ | વા | રો | | ર | તી |
| ડી | ન | | દી | વા | ન | | ત | ન | | મ | ત |
| | ક | ર | | લ | હે | ર | | ક | લા | | ર |
| અ | | ક્ષ | મા | | ર | જા | ઈ | | વા | દ્ય | |
| ભિ | ક્ષુ | ક | | તુ | | | સ્ટ | વ | | ર | તિ |
| ષે | | | વા | વે | ત | ર | | શ | મા | | તિ |
| ક | ર | ક | સ | ર | | ક્ષા | ર | | પ | રી | ક્ષા |

*માસ સપ્ટેમ્બર-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૯૭ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | શાંતિભાઈ વ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - ભટ્ટા, અમદાવાદ | બધા સાચા |
| ૩. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૫. | અજિત મ. મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | કિશોર જે. શાહ | - ભુજ | બધા સાચા |
| ૭. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | બધા સાચા |
| ૮. | હરખચંદ ખીમજી ગડા | - અંકલેશ્વર | બધા સાચા |
| ૯. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૧૦. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ | બધા સાચા |
| ૧૧. | મિતેશ જયંતીલાલ દેઢિયા | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૨. | ગીતા વિનોદ મહેતા | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૩. | અલકા સંજય શાહ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૪. | તારાચંદ વેલજી રતાણી | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૫. | કલ્પના હરખચંદ પોલડિયા | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૬. | દીપા પરીખ | - અમદાવાદ | ૩ ભૂલ |
| ૧૭. | રેખા ભૂપેશ મહેતા | - અમદાવાદ | ૪ ભૂલ |

*દુઃખમાં વાળ પીંખવાનો કંઈ અર્થ નથી. ટાલથી દુઃખ ઓછું થવાનું નથી.*

## Nano 9 Sudoku

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**સપ્ટેમ્બર-૨૦૧૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૫૩ના ઉકેલ મોકલનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | રમેશ ઉમરશી સાવલા | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | કલ્પના નીતિન પાલાણી | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | નિમિષ ચમનલાલ વોરા | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | મિતેષ જયંતીલાલ દેઢિયા | -અમદાવાદ | બધા સાચા |
| ૫. | નીલિમા મુકુંદ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | અલકા સંજય શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | ગીતા વિનોદ મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૮. | દીપા પરીખ | - અમદાવાદ | બધા સાચા |
| ૯. | ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૦. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | ચંદ્રિકા એ. શાહ | - રાઉરકેલા | બધા સાચા |
| ૧૨. | ઉષા ભરત સંઘવી | - રાઉરકેલા | બધા સાચા |
| ૧૩. | રૂપાલી શ્રેણિક પારેખ | - સિકંદ્રાબાદ | બધા સાચા |
| ૧૪. | અશોક વાડીલાલ શાહ | - ગાંધીનગર | બધા સાચા |
| ૧૫. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૧૬. | અવંતી દેવેશ દંડ | - અમદાવાદ | ૧ ભૂલ |

ઉપર્યુક્ત પૈકી ૧૫ સાચા જવાબ મોકલનારાઓના લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

### ★ વિજેતાઓ ★

- રૂપાલી શ્રેણિક પારેખ - સિકંદ્રાબાદ
- નીલિમા મુકુંદ શાહ - અમદાવાદ
- અશોક વાડીલાલ શાહ - ગાંધીનગર

*પ્રેમ અને પૈસા આ બે વસ્તુઓને કારણે નાનાં મોટાં મહાભારત અને રામાયણ માનવ જીવનમાં રચાતાં જ રહ્યા છે.*

## Nano 9 Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૫૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧૧-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ડિસેમ્બર-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

